
પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 31-10-2026 • Saturday • Samvat : 2082 • Aaso Vad-06 • Vol : 97 • No. : 298 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાષ્ટ્રીય એકતા દિવસ
31 ઓક્ટોબર, 2026
સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર, ગુજરાત



લોહ પુરુષ સરદાર પટેલનો સંકલ્પ આપણી પ્રેરણા।

નમન એ વીરોને જેમણે ટકાવી રાખી આપણી અખંડિતતા



શ્રી નરેન્દ્રભાઇ મોદી
માનનીય વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

રાષ્ટ્રીય એકતા દિવસ
31 ઓક્ટોબર, 2026

આવો, એકતાનગર, ગુજરાત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે આ ભવ્ય પરેડમાં સામેલ થઇને ભારતને નક્સલમુક્ત બનાવવામાં યોગદાન આપનારા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને રાજ્ય પોલીસ દળોના શૌર્ય, સાહસ અને સર્વોચ્ચ બલિદાનનું સન્માન કરીએ.

પરેડના મુખ્ય આકર્ષણ

- નક્સલવિરોધી અભિયાનોમાં ફરજરત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને રાજ્ય પોલીસ દળોની પરેડ
- નક્સલવિરોધી અભિયાનમાં જોડાયેલી ડોગ સ્ક્વોડ
- જન-સંકલ્પનાથી સર્જિત ટેબ્લો
- નક્સલમુક્ત ભારત વિષય પર આદિજાતિ કલાકારોની નાટ્ય પ્રસ્તુતિ
- 5000 કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ
- વિદ્યાર્થીઓ દ્વારા બેન્ડ પ્રદર્શન
- 'નશામુક્ત ભારત'નો સંદેશ આપતી મોટરસાઇકલ રેલી
- ભવ્ય આતશબાજી

સવારે 9:00 વાગે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલની ચરણપૂજા અને સાંજે 05:30 વાગે પરેડનું DD ન્યૂઝ પર જીવંત પ્રસારણ

વધુ માહિતી અને રોકાણ સંબંધિત બુકિંગ માટે
આપેલ QR કોડ સ્કેન કરો અથવા વેબસાઇટની વિઝિટ
rashtriyaektadiwas.com

"સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર એક વિરાટ પ્રતિમા નથી, પરંતુ અખંડ ભારતના અડગ સંકલ્પ અને રાષ્ટ્રીય એકતાનું વિશ્વવ્યાપી ગૌરવ પ્રતીક છે." - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રધાનમંત્રી ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પો ૨૦૨૬ નું ઉદ્ઘાટન કરશે

ભારત સરકારના નવી અને અક્ષય ઊર્જા મંત્રાલયના સચિવ શ્રી સંતોષ સારંગીએ આજે અહીં પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, ''ભારતનું ક્લીન એનર્જી ટ્રાન્ઝિશન (સ્વચ્છ ઊર્જા તરફનું પ્રયાણ) નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરી રહ્યું છે. ૩૦૮ ૫ઉ ની સ્થાપિત નોન-ફોસિલ ફ્યુઅલ (બિન-અશ્મિભૂત બળતણ) ક્ષમતા સાથે, આપણે ૨૦૩૦સુધીમાં આપણા ૫૦૦૫ઉના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે મક્કમતાથી આગળ વધી રહ્યા છીએ. આ આકાંક્ષાને સાકાર કરવા માટે ૨૦૨૭થી ૨૦૩૦વચ્ચે આશરે ૨૨૦ બિલિયન યુએસ ડોલરના રોકાણની જરૂર પડશે, જેની સાથે ઊર્જા સંગ્રહના ઝડપી અમલીકરણ, મજબૂત ટ્રાન્સમિશન નેટવર્ક્સ અને વિસ્તૃત સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓની જરૂર પડશે. 'ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પો ૨૦૨૬' વૈશ્વિક મૂડી, ટેકનોલોજી અને ઉદ્યોગની કુશળતાને ભારતની વધતી જતી સ્વચ્છ ઊર્જાની તકો સાથે જોડવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડશે, જે રોકાણની સક્ષમતાને પ્રોજેક્ટ્સ, ભાગીદારી અને પ્રગતિમાં રૂપાંતરિત કરશે.''

'ઈન્વેસ્ટ. ઈનોવેટ. ઈન્સ્પાયર.' (Invest. Innovate. Inspire.) થીમ પર આધારિત આ ચાર દિવસીય ઈવેન્ટમાં ૧૩૦થી વધુ દેશોના સહભાગીઓ હાજર રહેવાની અપેક્ષા છે, જેમાં મંત્રીઓ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, નાણાકીય સંસ્થાઓ, ઉત્પાદકો, નાવીન્યકારો, સંશોધકો અને બહુપક્ષીય સંગઠનોના પ્રતિનિધિઓ શામેલ છે. આ સમિટનું



આયોજન 'ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ' (ISA) એસેમ્બલીના ૯મા સત્ર અને 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ગ્રીન હાઈડ્રોજન' (ICGH) ની ૪થી આવૃત્તિની સાથે સાથે કરવામાં આવશે. આ ત્રણેય ઈવેન્ટ્સ અક્ષય ઊર્જા રોકાણ, આંતરરાષ્ટ્રીય સહયોગ, ઉભરતી ટેકનોલોજી અને સ્વચ્છ ઊર્જાના અમલીકરણ અંગેની ચર્ચાઓ માટે એક સામાન્ય મંચ પૂરો પાડશે.

ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, નોર્વે, સ્વીડન અને યુનાઈટેડ કિંગડમ દેશ ભાગીદારો (Country Partners) તરીકે ભાગ લેશે. અક્ષય ઊર્જા ધિરાણ, ગ્રીન હાઈડ્રોજન, એનર્જી સ્ટોરેજ, ક્લીન એનર્જી મેન્યુફેક્ચરિંગ અને ટેકનોલોજી વિકાસમાં સહયોગની તકો શોધવા માટે અન્ય કેટલાક દેશોના પ્રતિનિધિમંડળો પણ આ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. તેર ભારતીય રાજ્યો 'પાર્ટનર સ્ટેટ્સ' તરીકે ભાગ લેશે અને તેમની અક્ષય ઊર્જા ક્ષમતા, રોકાણની તકો, નીતિગત પહેલો અને ઉત્પાદન ક્ષમતાઓનું પ્રદર્શન કરશે. અન્ય સહભાગી રાજ્યો પણ અક્ષય ઊર્જા વિકાસ અને રોકાણ માટેની તકો પર પ્રકાશ પાડશે.

ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW ના તેના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે, જે અક્ષય ઊર્જા અને સૌર સ્થાપિત ક્ષમતામાં વૈશ્વિક સ્તરે ત્રીજા સ્થાને અને પવન ઊર્જા ક્ષમતામાં ચોથા સ્થાને છે. બ્લૂમબર્ગ એનઈએફ (BloombergNEF) અનુસાર, ભારતે જુલાઈ ૨૦૨૪ થી જૂન ૨૦૨૬ દરમિયાન તેના અક્ષય ઊર્જા ક્ષેત્રમાં ૬૩.૭ બિલિયન યુએસ ડોલરનું રોકાણ કર્યું છે. આ ગતિને આગળ ધપાવતા, આ સમિટ આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવા, રોકાણ એકત્રિત કરવા અને ખાસ કરીને ઉભરતા અર્થતંત્રો અને ગ્લોબલ સાઉથમાં અક્ષય ઊર્જાના અમલીકરણને ઝડપી બનાવવા માટે વૈશ્વિક નીતિ નિર્માતાઓ, રોકાણકારો, ઉદ્યોગ સાહસિકો અને નાવીન્યકારોને એકસાથે લાવશે. આ ચાર દિવસીય પરિષદમાં ઉચ્ચ-સ્તરીય પૂર્ણ સત્રો (plenaries), મંત્રી સ્તરની ચર્ચાઓ, સીઈઓ રાઉન્ડટેબલ અને નાણાકીય સહાય, નીતિ, ટેકનોલોજી અને કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતી કંટ્રી અને સ્ટેટ સેશન્સ યોજાશે.

ડાબર રિયલ દ્વારા તહેવારોની એકતાની ભાવનાને બિરદાવતું નવું દિવાળી કેમ્પેઈન 'રિયલ બોન્ડ્સ વિથ રિયલ ગ્રીટીંગ્સ' લોન્ચ

પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણીના ભાગરૂપે, ડાબર ઈન્ડિયા લિમિટેડની અગ્રણી ફ્રૂટ જ્યુસ અને નેક્ટર બ્રાન્ડ ડાબર રિયલ દ્વારા નવું ફેસ્ટિવ કેમ્પેઈન 'રિયલ બોન્ડ્સ વિથ રિયલ ગ્રીટીંગ્સ' લોન્ચ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈન મિત્રતા, એકતા, સંબંધોની હૂંફ અને સ્નેહીજનો સાથે ખાસ પળો તથા ભેટ-સોગાદો વહેંચવાની ખુશીને ઉજાગર કરે છે. શુભેચ્છાઓની સાથે ફળોની ગુણવત્તા અને પોષકતાનું મહત્વ વહેંચવાનો સંદેશ આપતું આ અભિયાન સ્વાસ્થ્ય અને ખુશીઓ પ્રત્યેની બ્રાન્ડની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે. તહેવારના મૂળ ભાવ સાથે જોડાયેલું આ કેમ્પેઈન દર્શાવે છે કે કેવી રીતે દિવાળી પરિવારજનોને વધુ નજીક લાવે છે અને સાથે વિતાવેલી પળો યાદગાર સ્મૃતિઓનું સર્જન કરે છે. પોતાની નવી જાહેરાત ફિલ્મ દ્વારા રિયલ તહેવારોની ઉજવણી અને ફળોની પોષકતાના મહત્વ સાથેના પોતાના જોડાણને વધુ મજબૂત બનાવે છે.

કેમ્પેઈન અંગે વાત કરતા, ડાબર ઈન્ડિયા લિમિટેડના ડિરેક્ટર – માર્કેટિંગ, શ્રી મયંક કુમારે જણાવ્યું હતું કેઃ ''દિવાળી એ સંબંધો, એકતા અને આપણા જીવનમાં ખુશીઓ લાવતી નાની-નાની ક્ષણોનો ઉત્સવ છે. અમારી નવી કેમ્પેઈન ફિલ્મ દ્વારા અમે એ હૂંફ અને આનંદને દર્શાવવા માગતા હતા, જે ભારતભરના પરિવારો માટે આ તહેવારને ખૂબ ખાસ બનાવે છે. રિયલમાં, અમારું માનવું છે કે તહેવારની શ્રેષ્ઠ ક્ષણો તે જ હોય છે, જે આપણે આપણા સ્નેહીજનો સાથે વિતાવીએ છીએ. આ દિવાળીએ અમારા ગ્રાહકો સાથે એકતાની આ સુંદર ભાવનાની ઉજવણી કરતાં અમને ખૂબ આનંદ થાય છે.''

ડાબર ઈન્ડિયા લિમિટેડના જનરલ મેનેજર – માર્કેટિંગ (ફૂડ્સ), સુશ્રી મોનિશા પરાશરે જણાવ્યું હતું કેઃ ''રિયલ દેશભરમાં પારિવારિક ક્ષણોનો એક વિશ્વસનીય ભાગ રહ્યું છે. અમારી નવી દિવાળી ફિલ્મ તહેવારોની મોસમને યાદગાર બનાવતી પરંપરાઓ અને સંબંધોની ઉજવણી કરીને આ ભાવનાત્મક જોડાણને વધુ મજબૂત બનાવે છે. આ કેમ્પેઈન દ્વારા અમારો હેતુ ગ્રાહકો સાથે અર્થપૂર્ણ રીતે જોડાવાનો છે અને જ્યારે તેઓ ખુશીઓ વહેંચવા તથા કાયમી યાદો બનાવવા માટે એકત્ર થાય છે, ત્યારે રિયલને તેમની ઉજવણીનો એક ભાગ બનાવવાનો છે.''

આરોગ્ય પ્રત્યે સભાનતાથી સિંધવ મીઠા તરફ ગ્રાહકોનો વધી રહેલો ઝુકાવ

ભારતીય પરંપરામાં લાંબા સમયથી સિંધવ મીઠું અભિન્ન રીતે જોડાયેલું છે, જેના કુદરતી ગુણોની આયુર્વેદમાં પ્રશંસા કરવામાં આવી છે. હાલ જ્યારે લોકો પોતાની ખાણીપીણીની આદતોને લઈને વધારે જાગૃત થઈ રહ્યાં છે, ત્યારે રોજિંદા ભોજનમાં સિંધવ મીઠું વધારે પ્રચલિત થઈ રહ્યું છે. આ એ વાતને દર્શાવે છે કે, લોકો હવે કુદરતી અને ઓછી પ્રોસેસ્ડ ચીજવસ્તુઓને વધારે પસંદ કરે છે, જે સંતુલિત અને સચેત જીવનશૈલીને અનુકૂળ છે. હાલ બજારમાં અનેક વિકલ્પો હોવાથી કોઈ ભરોસાપાત્ર બ્રાન્ડની ચીજવસ્તુઓની ખરીદી જરૂરી બની ગઈ છે.

ભારતનું નંબર ૧ સિંધવ મીઠું ટાટા સોલ્ટ હિમાલયન રોક ટાટા બ્રાન્ડના ભરોસા અને ગુણવત્તાની ખાતરી સાથે લોકોની આ પસંદગીનો સમન્વય કરે છે. આ પોટેશિયમ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા કુદરતી ખનીજો ધરાવે છે, જે આ મીઠુંને વિશિષ્ટ ઓળખ આપે છે.

સિંધવ મીઠું તેમાં ખનીજોને કારણે સ્વાભાવિક રીતે અલગ-અલગ રંગમાં મળે છે. જ્યારે તેને પાણીમાં દ્રાવ્ય કરવામાં આવે છે અને ફિલ્ટરમાંથી પસાર કરવામાં આવે છે, ત્યારે મીઠું સંપૂર્ણપણે ઓગળી જાય છે, તો અદ્રાવ્ય રંગીન કણો, કુદરતી ખનીજો ફિલ્ટરમાં રહી જાય છે.

ટાટા સોલ્ટ હિમાલયન રોક સોલ્ટનું તાજેતરમાં પ્રયોગશાળામાં પરીક્ષણ થયું હતું, જેમાં આ મીઠું ગુણવત્તા અને સલામતીના લાગુ તમામ માપદંડોને પૂર્ણ કરે છે એની પુષ્ટિ થઈ છે, જેમાં કૃત્રિમ ફૂડ કલરનો ઉપયોગ થતો નથી એની પણ પુષ્ટિ થઈ છે, જે ગ્રાહકોને ઉત્પાદનની શુદ્ધતાની ખાતરી આપે છે.

ખાણીપીણીની ચીજવસ્તુ બનાવવા ઉપયોગ કરો કે ઉપરથી છંટકાવ કરવા માટે, ટાટા સોલ્ટ હિમાલયન રોક સોલ્ટ તમારી વાનગીઓમાં એક વિશિષ્ટ સ્વાદ લાવે છે. આ ગ્રાહકોને દરેક ચપટીમાં તમને જરૂરી કુદરતી ખનીજો પ્રદાન કરે છે અને સ્થાપિત નામની ગુણવત્તાની ખાતરી આપે છે.

તનિષ્કે સ્થાનિક જરૂરિયાતો આધારીત નવા ગ્રાહકલક્ષી ઉકેલો સાથે તેના ગોલ્ડ એક્સચેન્જ પ્રોમિસને વધુ મજબૂત બનાવ્યું

ભારતમાં દરેક પરિવાર માટે સોનાનું મહત્વ માત્ર દાગીના પૂરતું સીમિત નથી, પરંતુ પેઢીઓથી ચાલતી આવેલી પરંપરા અને યાદોનું પ્રતિક છે. પરંતુ જ્યારે પણ લોકો જૂનું સોનું બદલીને નવા દાગીના લેવા જાય છે, ત્યારે શુદ્ધતા, સાચો ભાવ, છૂપાં ચાર્જિસ કે કપાત, અને બીજા દુકાનદાર પાસેથી લીધેલું સોનું બદલી શકાશે કે નહીં, એવા અનેક સવાલો તેમને મૂંઝવ્યા કરે છે.

ગ્રાહકોના પ્રશ્નો અને જરૂરિયાતો દરેક વિસ્તાર અને અલગ-અલગ વર્ગ મુજબ જુદી હોઈ શકે છે. આ બાબત સમજીને જ તનિષ્કે પોતાની 'ગોલ્ડ એક્સચેન્જ' સેવાને ગ્રાહકોની પ્રાથમિકતાઓ મુજબ તૈયાર કરી છેઃ જેમાં પારદર્શક પ્રક્રિયા પર ભરોસો, સોનાની સાચી કિંમતનો વિશ્વાસ અને પોતાની શરતો મુજબ સોનું બદલવાની આઝાદી સામેલ છે. ત્રણ દાયકાથી વધુના અનુભવ અને ૩૭ લાખથી વધુ ગ્રાહકોના ભરોસા સાથે, તનિષ્ક સમગ્ર દેશના ગ્રાહકો માટે સોનું બદલવાનો આ અનુભવ વધુ પારદર્શક અને અનુકૂળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

ગ્રાહકની સાથે સાથે દેશનો પણ ફાયદો, એ તનિષ્ક ગોલ્ડ એક્સચેન્જનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ગ્રાહકો માટે, ઘરમાં પડેલા જૂના સોનાનો શ્રેષ્ઠ ભાવ મેળવીને પોતાની પસંદગીના આધુનિક દાગીના બનાવવાની આ સોનેરી તક છે. બીજી તરફ દેશ માટે, ઘરોમાં સંગ્રહાયેલું સોનું બજારમાં પાછું આવવાને કારણે, વિદેશથી નવું સોનું આયાત કરવાનો ખર્ચ અને નિર્ભરતા બંને ઘટે છે.

તનિષ્કમાં સોનું એક્સચેન્જ કરવાની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક છે, જેથી ગ્રાહકને પૂરો ભરોસો રહે. તમે કોઈપણ દુકાનેથી લીધેલું ૯ કેરેટ કે તેથી વધુ શુદ્ધતાનું સોનું બિલ વગર પણ આપી શકો છો. સોનાની ગુણવત્તા કેરેટમીટર મશીનથી તપાસાય છે અને તેને તમારી સામે જ ગાળવામાં આવે છે. કોઈ પણ જાતના છૂપાં ચાર્જીસ વગર જે-તે દિવસના સોનાના ભાવ પ્રમાણે જ સાચી કિંમત ગણવામાં આવે છે. ગ્રાહકો જૂનાં, તૂટી ગયેલાં કે વારસામાં મળેલાં પરંપરાગત દાગીના આપીને સામે તનિષ્કની નવી-નવી ડિઝાઈન્સમાંથી મનપસંદ ઘરેણાં ખરીદી શકે છે. આ પ્રોગ્રામ આખું વર્ષ ચાલુ રહે છે, એટલે કે કોઈ તહેવાર કે પ્રસંગની રાહ જોયા વિના તમે ગમે ત્યારે સોનું બદલાવી શકો છો.

ગ્રાહકોની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવા માટે તનિષ્કે દેશના જુદા જુદા પ્રદેશોમાં ગ્રાહકો પર સંશોધન કર્યું હતું, જેથી સોનું બદલવા માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરતા પરિબળો અને તેમને અટકાવતી મૂંઝવણોની જાણકારી મેળવી શકાય. આ અભ્યાસ પરથી તનિષ્કે પ્રદેશ મુજબ ગ્રાહકોની મુખ્ય ચિંતાઓને વાર્તાસ્વરૂપે રજૂ કરી છે. જેમાં પારદર્શકતા, સોનાનો સાચો ભાવ, બીજા જ્વેલર્સનું સોનું કે તૂટેલાં દાગીના સ્વીકારવા, પેમેન્ટના વિવિધ વિકલ્પો અને નવીનતમ ડિઝાઈન્સ જેવા મુદ્દાઓ આવરી લેવાયા છે. તનિષ્કનું માનવું છે કે, વિશ્વાસનીયતાની જરૂરિયાત દરેક ગ્રાહક માટે એકસરખી અને સાર્વત્રિક છે, પરંતુ તેમના સવાલો અને અપેક્ષાઓ સ્થાનિક સંસ્કૃતિ મુજબ અલગ હોઈ શકે છે.

તહેવારોની સીઝનમાં આ સંશોધનાત્મક તારણોને સાકાર કરવા તનિષ્કે મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને મુખ્ય ભૂમિકામાં ચમકાવતાં 'વિન-વિન' અભિયાન હેઠળ ૮ અલગ-અલગ ભાષાઓમાં ૧૧ ફિલ્મો લોન્ચ કરી છે. રોજિંદા પારિવારિક વાતાવરણ અને હળવી શૈલીમાં બનેલી આ ફિલ્મો સોનું બદલવા વિશે ઘરોમાં થતી વાતચીત અને લોકોના મનમાં રહેલાં વાસ્તવિક સવાલોને આવરી લે છે. તમામ ગ્રાહકોને એક જ પ્રકારનો મેસેજ આપવાને બદલે, દરેક ફિલ્મ ગ્રાહકોની ચોક્કસ મૂંઝવણનો ઉકેલ આપે છે અને તનિષ્કની આ સેવા દરેક વિસ્તારના લોકો માટે કેટલી ઉપયોગી છે તે દર્શાવે છે.

આ અભિયાને ન્યૂઝ ચેનલોનું ધ્યાન પણ આકર્ષિત કર્યું છે. ન્યૂઝ ચેનલો પણ આ કેમ્પેઈનથી પ્રભાવિત થઈને તનિષ્કમાંથી સોનું એક્સચેન્જ કરાવનારા ગ્રાહકોના ઈન્ટરવ્યુ અને અનુભવો દર્શાવી રહી છે. ગ્રાહકો પોતાના શબ્દોમાં તેમના અનુભવો વર્ણવી રહ્યાં હોવાથી લોકોનો ભરોસો વધુ મજબૂત થાય છે. આનાથી એ પણ સાબિત થાય છે કે સોનું બદલવા અંગે લોકોના મનમાં રહેલી શંકાઓનો જવાબ હવે વાસ્તવિક અનુભવો દ્વારા જ મળી રહ્યો છે.

હિંદુજા હાઉસિંગ ફાઈનાન્સે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે વિવેક કન્નનની નિમણૂક કરી

હિંદુજા લેલેન્ડ ફાઈનાન્સ લિમિટેડની પેટાકંપની હિંદુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ એ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે વિવેક કન્નનની નિમણૂકની જાહેરાત કરી છે, જે ૩૦ ઓક્ટોબરથી અમલમાં આવી ગઈ છે. તેઓ હિંદુજા લેલેન્ડ ફાઈનાન્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સચિન પિલ્લઈનું સ્થાન લેશે. સચિન પિલ્લઈએ ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬થી એચએચએફના મેનેજિંગ ડિરેક્ટરનું પદ છોડી દીધું છે, પરંતુ તેઓ હિંદુજા હાઉસિંગ ફાઈનાન્સનાં બોર્ડમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે ચાલુ રહેશે.

વર્ષ ૨૦૨૦માં ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે જોડાયેલા વિવેકએ કંપનીની વૃદ્ધિ અને પરિવર્તનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે વિવેક કંપનીની સંપૂર્ણ વ્યાવસાયિક કામગીરી, ક્રેડિટ, કલેક્શન, કામગીરીઓ, જોખમ, નીતિનિયમોનું પાલન અને માનવ સંસાધન જેવી કામગીરીઓ પર નજર રાખશે. તેમનું ધ્યાન કંપનીની બજારમાં કામગીરીને મજબૂ કરવા, કાર્યદક્ષતા વધારવા અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હશે. સાથે સાથે, તેઓ હાઉસિંગ ફાઈનાન્સની પહોંચ પણ વધારવાનું ચાલુ રાખશે.

આ નિમણૂક પર હિંદુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના ચેરમેન ધીરજ જી હિંદુજાએ કહ્યું હતું, "વિવેક ૨૦૨૦માં કંપનીમાં સામેલ થયા પછી હિંદુજા ફાઈનાન્સની વિકાસની સફરમાં મહત્વપૂર્ણ ભાગ છે. ઉદ્યોગમાં તેમનો અનુભવ, વ્યવસાયની તેમની સમજણ અને લીડરશિપ ક્ષમતાઓ તેમને કંપનીના વિકાસના આગામી તબક્કામાં લઈ જવા સંપૂર્ણ યોગ્ય બને છે. મને ખાતરી છે કે, તેમની લીડરશિપમાં હિંદુજા હાઉસિંગ ફાઈનાન્સ પોતાની ક્ષમતાઓને વધારે મજબૂત કરશે તથા પોતાના ગ્રાહકો અને હિતધારકોને લાંબા ગાળાના મૂલ્યો પ્રદાન કરશે."

કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંકનો બીજા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૦.૭ ટકા વધીને રૂ. ૪૫.૬૧ કરોડ થયો

કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને છ મહિનાના અનઓડિટેડ નાણાંકીય પરિણામો જાહેર કર્યાં છે. બેંકે ધિરાણમાં ઝડપી વૃદ્ધિ, નફાકારકતાના સુધરેલા આંકડા અને એસેટ્સની ગુણવત્તામાં સુધારા સાથે સતત સારો દેખાવ જાળવી રાખ્યો છે. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન બેંકનું કુલ ધિરાણ વધીને રૂ. ૯,૭૫૫ કરોડ થયું હતું, જ્યારે કુલ ડિપોઝીટ્સ વધીને રૂ. ૧૦,૮૩૧ કરોડ થઈ હતી. ચોખ્ખો નફો રૂ. ૪૫.૬ કરોડ રહ્યો હતો. અગાઉના ત્રિમાસિક ગાળાના ૧.૧૪ ટકાની સરખામણીએ ચોખ્ખી એનપીએ ઘટીને ૧.૧૨ ટકા થઇ હતી. આ સાથે બેંકે ભવિષ્યની વૃદ્ધિને ટેકો આપવા માટે પોતાની મજબૂત મૂડી સ્થિતિ જાળવી રાખી હતી.

સર્વજીત સિંહ સમરા, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓએ જણાવ્યું હતું કે, ''નાણાંકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં અમારું પ્રદર્શન અમારી સ્થાપિત બેંકિંગ વ્યવસ્થાની મજબૂતી અને શિસ્તબદ્ધ રીતે સતત અમલીકરણના લાભોને દર્શાવે છે. ગ્રાહકો સાથેના મજબૂત સંબંધો પર આધારિત બેંકિંગ, સાવચેતીપૂર્વક ધિરાણ અને ગ્રાહકો સાથે સતત સંપર્ક જાળવવા પર અમે જે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેના પરિણામે વ્યવસાયમાં તંદુરસ્ત વૃદ્ધિ, નફાકારકતામાં સુધારો અને એસેટ્સની ગુણવત્તામાં મજબૂતી જોવા મળી રહી છે. આ પરિણામો અમારી વ્યૂહરચના અને લાંબા ગાળે ટકાઉ મૂલ્ય ઊભું કરવાની અમારી ક્ષમતા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બેંકનું કુલ ધિરાણ વાર્ષિક ધોરણે ૨૩.૪ ટકા અને અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીએ ૭.૫ ટકા વધીને રૂ. ૯,૭૫૫ કરોડ થયું હતું. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં લોનનું વિતરણ વધીને રૂ. ૧,૦૯૫ કરોડ થયું હતું, જે નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૮૦૫ કરોડ હતું.

અગ્રણી બેંકો સાથે ભાગીદારી કરીને ફોનપે દ્વારા 'તત્કાલ NPS' લૉન્ચ કરવામાં આવ્યું; રિટાયરમેન્ટ પ્લાનિંગમાં માઈક્રો-ઈન્વેસ્ટમેન્ટની સગવડ ઉપલબ્ધ બનશે

ફોનપે દ્વારા આજે તેના પ્લૅટફૉર્મ પર 'તત્કાલ NPS' (નેશનલ પેન્શન સિસ્ટમ) લૉન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે કંપનીએ અગ્રણી બેંકિંગ સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે, જેથી લાંબા ગાળાના રિટાયરમેન્ટ પ્લાનિંગને સામાન્ય જનતા માટે સુલભ બનાવી શકાય. પોતાની વ્યાપક નાણાકીય સેવાઓનો વિસ્તાર કરતા ફોનપેની આ નવી સુવિધા દેશભરના લાખો યુઝર્સને માત્ર રૂ.૨૫૦ જેટલા લઘુત્તમ યોગદાનથી સરકાર સમર્થિત પેન્શન એકાઉન્ટ ખોલવા સક્ષમ બનાવે છે.

આ લૉન્ચ અંગે વાત કરતા ફોનપેના વીપી અને હેડ ઑફ પેમેન્ટ્સ, દીપ અગ્રવાલે જણાવ્યું કે, "ફોનપે પર અમારું વિઝન દરેક ભારતીય માટે નાણાકીય સેવાઓનો સરળ વપરાશ શક્ય બનાવી તેમની આર્થિક પ્રગતિને વેગ આપવાનું છે. તત્કાલ NPSનું લૉન્ચિંગ સામાન્ય લોકો સુધી લાંબા ગાળાનું ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને રિટાયરમેન્ટ સિક્યોરિટી પહોંચાડવાની દિશામાં એક મોટું સીમાચિહ્નરૂપ પગલું છે. આ પ્રક્રિયાને ૧૦૦% ડિજિટલ બનાવીને તેમજ PFRDAના માર્ગદર્શન હેઠળ ભારતની સૌથી વિશ્વસનીય બેંકો સાથે ભાગીદારી કરીને, અમે નિયમન આધારિત રિટાયરમેન્ટ પ્લાનિંગને પૂર્ણ વિશ્વાસ, સુરક્ષા અને સુવિધા સાથે ભારતના અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડી રહ્યા છીએ."

આ લૉન્ચ સાથે યુઝર્સ હવે સરળ અને ૧૦૦% ડિજિટલ પ્રક્રિયા મારફતે સુરક્ષિત રીતે પોતાનું NPS એકાઉન્ટ બનાવી શકશે, જેથી પેન્શન એકાઉન્ટ ખોલવામાં આવતા તમામ અવરોધો દૂર થશે. આ પ્રકારનો અવિરત અને સરળ અનુભવ પૂરો પાડવા માટે ફોનપેએ ભારતની અગ્રણી બેંકિંગ સંસ્થાઓ સાથે જોડાણ કર્યું છે તેમજ સમગ્ર બેંકિંગ ક્ષેત્રે આ કવરેજનો વિસ્તાર કરવાની યોજના ધરાવે છે.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી (PFRDA) દ્વારા વિકસાવવામાં આવેલી આ નવીન 'તત્કાલ NPS' સુવિધા, એક સુરક્ષિત વન-ટાઈમ OTP ઑથેન્ટિકેશન દ્વારા હાલના બેંક KYCનો સરળ પુનઃઉપયોગ કરવાની સવલત આપે છે. આ માળખાને લીધે ફોનપે તેના યુઝર્સને અત્યંત સરળ અને પેપરલેસ ઓનબોર્ડિંગ અનુભવ પ્રદાન કરી શકે છે, જેનાથી તેઓ મિનિટોમાં પોતાનો પરમેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (PRAN) બનાવી શકે છે.

તત્કાલ NPS દેશભરના તમામ વર્ગના યુઝર્સ માટે ઉપયોગી છે, જેમાં પ્રથમ વખત આયોજન કરી રહેલા રોકાણકારો, મિલેનિયલ્સ અને જનરેશન-ઝીનો સમાવેશ થાય છે. રોકાણની શરૂઆતની રકમ ઘટાડીને માત્ર ?૨૫૦ કરીને, ફોનપે ભારતના ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ લઈ રહ્યું છે અને યુવા પેઢીને શરૂઆતના તબક્કાથી જ પેન્શન તથા નિવૃત્તિ સુરક્ષા ઊભી કરવા સક્ષમ બનાવી રહ્યું છે. ખાસ કરીને આ સુવિધા ગિગ ઈકોનોમી વર્કર્સ, સ્વતંત્ર ફ્રીલાન્સર્સ અને નાના વેપારીઓ માટે એક મહત્વપૂર્ણ તથા શિસ્તબદ્ધ રિટાયરમેન્ટ માધ્યમ તરીકે સેવા આપશે, જેઓ ઘણીવાર કૉર્પોરેટ રિટાયરમેન્ટ યોજનાઓના લાભથી વંચિત રહી જતા હોય છે.

વનપ્લસે સિલેક્ટેડ સ્માર્ટફોન, ટેબ્લેટ અને ઓડિયો પ્રોડક્ટ્સ પર સૌથી ઓછી કિંમતો સાથે ફેસ્ટિવ સેલ લંબાવ્યો

વનપ્લસે તેના સ્માર્ટફોન, ટેબ્લેટ અને ઓડિયો પોર્ટફોલિયોમાં વધારાની ઓફરો આપીને આ તહેવારોની સિઝનમાં ગ્રાહકોને અપગ્રેડ કરવા માટે વધુ કારણો આપ્યા છે. વિસ્તારવામાં આવેલા આ ફેસ્ટિવ કેમ્પેઈનના ભાગરૂપે, સિલેક્ટેડ ડિવાઈસ હવે તેમની અત્યાર સુધીની સૌથી ઓછી કિંમતે ઉપલબ્ધ છે, જેમાં વનપ્લસ ૧૫આર રૂ.૫૯,૯૯૯ માં અને વનપ્લસ એન૬એક્સ રૂ.૧૭,૪૯૯ માં મળી રહ્યા છે.

આ ફેસ્ટિવ ઓફર્સ શરૂ થઈ ચૂકી છે અને તેનો લાભ oneplus.in, એમેઝોન ગ્રેઈટ ઈન્ડિયન ફેસ્ટિવલ દરમિયાન Amazon.in પર અને વનપ્લસ સ્ટોર એપ પર ઓનલાઈન મેળવી શકાય છે, તેમજ વનપ્લસ એક્સપિરિયન્સ સ્ટોર્સ અને સિલેક્ટેડ પાર્ટનર આઉટલેટ્સ પર ઓફલાઈન પણ મેળવી શકાય છે. વધારામાં, ગ્રાહકો ફ્લિપકાર્ટ બિગ બિલિયન ડેઝ સેલ દરમિયાન ફ્લિપકાર્ટ પરથી, માયન્ટ્રા, બ્લિન્કિટ પરથી અને રિલાયન્સ ક્રોમા અને વિજય સેલ્સ જેવા સિલેક્ટેડ ઓફલાઈન પાર્ટનર્સ દ્વારા પણ આઈઓટી પ્રોડક્ટ્સ મેળવી શકે છે.

વનપ્લસે તેની ફ્લેગશિપ, નોર્ડ અને એન સિરીઝ સ્માર્ટફોન લાઈનઅપ પર ફેસ્ટિવ ઓફર્સ રજૂ કરી છે, જેનાથી ગ્રાહકો માટે તહેવારોની સિઝન દરમિયાન અપગ્રેડ કરવું વધુ સરળ બનશે. વનપ્લસ ૧૫ રૂ.૮૧,૯૯૯ની નેટ ઈફેક્ટિવ કિંમતે ઉપલબ્ધ છે, જ્યારે વનપ્લસ ૧૫આર તેની અત્યાર સુધીની સૌથી ઓછી ઈફેક્ટિવ કિંમત રૂ.૫૯,૯૯૯ માં ઉપલબ્ધ છે. કોમ્પેક્ટ ફ્લેગશિપ વનપ્લસ ૧૩એસ રૂ.૬૧,૯૯૯ માં ખરીદી શકાય છે.

નોર્ડ લાઈનઅપમાં, વનપ્લસ નોર્ડ ૬, નોર્ડ સીઈ૬ અને નોર્ડ સીઈ૬ લાઈટ અનુક્રમે રૂ.૪૨,૯૯૯, રૂ.૩૨,૯૯૯ અને રૂ.૨૫,૯૯૯ની નેટ ઈફેક્ટિવ કિંમતે ઉપલબ્ધ છે.

લોકોને પ્રાથમિકતા આપવાના દાયકાએ હેરિસન્સ મલયાલમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવી

આરપીજી ગ્રૂપનો હિસ્સો અને દક્ષિણ ભારતના સૌથી મોટા ચા અને રબરના ઉત્પાદકો પૈકીના એક હેરિસન્સ મલયાલમ લિમિટેડ (એચએમએલ)ને આ વર્ષે એક ગ્રેટ એમ્પ્લોયર અને એવોર્ડ-વિનિંગ ચાના ઉત્પાદક તરીકે માન્યતા આપવામાં આવી છે. એચએમએલને ભારતના ગ્રેટ પ્લેસ ટુ વર્ક (જીપીટીડબલ્યુ) ૨૦૨૬ માં ૨૧મું સ્થાન મળ્યું છે તથા એમ્પ્લોઈ રિલેશન્સમાં શ્રેષ્ઠતા માટે ઈએફઆઈ-સીઆઈઈ નેશનલ એવોર્ડમાં સન્માનિત કરવામાં આવ્યું હતું. આ સન્માન કંપનીની દાયકા લાંબી સફરને માન્ય કરે છે. વર્ષ ૨૦૧૫થી એચએમએલ પરંપરાગત પ્લાન્ટેશન એમ્પ્લોયમેન્ટ મોડલથી લઈને સંવાદ, ગૌરવ અને સહિયારી વૃદ્ધિ ઉપર આધારિત મોડેલ તરફ આગળ વધ્યું છે. તેની મૂળ કંપની આરપીજી ગ્રૂપની લોકો ઉપર કેન્દ્રિત નીતિઓ પાસેથી માર્ગદર્શન મળ્યું છે તેમજ આ બદલાવથી એસ્ટેટ ઉપરનો વિશ્વાસ મજબૂત થયો છે, લોકોને જાળવી રાખવામાં મદદ મળી છે તથા મહિલાઓ માટે સુપરવાઈઝરી અને નેતૃત્વ ભૂમિકાઓમાં સ્પષ્ટ માર્ગો ખુલ્યા છે.

હેરિસન્સ મલયાલમ લિમિટેડના સીઈઓ અને હોલ ટાઈમ ડિરેક્ટર ચેરિયન જ્યોર્જે કહ્યું હતું કે, "દસ વર્ષ પહેલાં અમે અમારા લોકોના કલ્યાણ અને તેમના વિકાસમાં રોકાણ કરવાનું પસંદ કર્યું હતું. હવે અમે તેના સકારાત્મક પરિણામ જોઈ રહ્યાં છીએઃ અમારા સંબંધોમાં, અમારી સંસ્કૃતિમાં અને અમારી ચાની ગુણવત્તામાં પણ. આ સન્માનનો શ્રેય અમારી એસ્ટેટ સાથે સંકળાયેલા અમારા લોકો અને તેમના પરિવારોના સદસ્યોને જાય છે."

એક એમ્પલોયર તરીકે એચએમએલને સૌથી મજબૂત સમર્થન એ લોકો તરફથી મળે છે કે જે તેના વર્કફોર્સનો સૌથી મોટો હિસ્સો છે અને તે મહિલાઓ છે. કંપનીને ઈએફઆઈ-સીઆઈઆઈ એવોર્ડમાં એમ્પલોઈ રિલેશન્સ માટે વિશેષ પ્રશંસા પ્રાપ્ત કરવા ઉપરાંત મહિલાઓ માટે કામ કરવા માટેના ભારતના ટોચના ૧૦ શ્રેષ્ઠ સ્થળોમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ લોકોને ભવિષ્યના રોજગાર માટે તૈયાર કરવા SAP એ ભારતમાં AI સ્કીલિંગ વધારવા પર ભાર મૂક્યો

SAP SE (NYSE: SAP) એ આજે ભારતમાં ૨૦ લાખ લોકોને AI-સક્ષમ કૌશલ્યથી સજ્જ કરવાના પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વધુ નવા કાર્યક્રમોની જાહેરાત કરી છે. આ પહેલ દેશમાં ડિજિટલ ક્ષમતા ધરાવતા પ્રતિભાશાળી યુવાનોની વધતી માનહાની પૂરી કરવામાં અને લોકોને AI-સંચાલિત અર્થતંત્રમાં તકો માટે તૈયાર કરવામાં મદદ કરશે. પોતાના સ્થાપિત શિક્ષણ, સર્ટિફિકેશન અને કાર્યબળ વિકાસ કાર્યક્રમોને આધારે, SAP શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ ભાગીદારો, સરકારી સંસ્થાઓ અને સામાજિક સંગઠનો સાથે મળીને મોટો પાયા પર AI, ક્લાઉડ, ડેટા અને એન્ટરપ્રાઈઝ ટેક્નોલોજીમાં વ્યવહારુ જ્ઞાન પહોંચાડશે.

"ટેક્નોલોજી ક્ષેત્રે ભારતની મજબૂતીનો મુખ્ય આધાર હંમેશા તેના લોકો રહ્યા છે. ઈનોવેશનના આગામી તરંગ માટે ભારતીય પ્રતિભાઓને તૈયાર કરવા માટે લોકો કેવી રીતે શીખે છે, પોતાના કૌશલ્યનો ઉપયોગ કરે છે અને તેને પોતાની કારકિર્દીમાં કેવી રીતે ઉતારે છે તેમાં સતત રોકાણની જરૂર છે," SAP ઈન્ડિયન સબકોન્ટિનેન્ટના પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર મનીષ પ્રસાદે જણાવ્યું હતું. "SAP ઈન્ડિયા પહેલેથી જ એક મજબૂત પાયો પૂરો પાડે છે. ૨૦૩૦ પહેલાં અમે જે ૨૦ લાખ લોકોને AI કૌશલ્યમાં તાલીમ આપવાની અપેક્ષા રાખીએ છીએ, તેમાંથી લગભગ ૧૩% લોકો સર્ટિફિકેશન, વિદ્યાર્થી શિક્ષણ અને સમુદાય કાર્યક્રમો દ્વારા પહેલેથી જ જોડાઈ ચૂક્યા છે. આમાં SAP ના ગ્રાહકો અને ભાગીદારોના કર્મચારીઓ જે વ્યાવસાયિક કુશળતા મેળવી રહ્યા છે; SAP ટેક્નોલોજી શીખી રહેલા વિદ્યાર્થીઓ; અને STEM શિક્ષણ મેળવતા વંચિત સમુદાયોનો સમાવેશ થાય છે. ૨૦૩૦ નો આ સંકલ્પ વધુ લોકોને ભારતના AI-સંચાલિત વિકાસમાં યોગદાન આપવા સક્ષમ બનાવશે."

વિશ્વના ૨૮% STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) વર્કફોર્સ અને ૨૩% ગ્લોબલ સોફ્ટવેર એન્જિનિયરિંગ પ્રતિભા સાથે, ભારત AI અર્થતંત્રમાં અગ્રેસર તરીકે મજબૂત સ્થિતિ ધરાવે છે. આ માંગ SAP ના લર્નિંગ ઈકોસિસ્ટમમાં પહેલેથી જ સ્પષ્ટ દેખાય છે, જેમાં વિશ્વભરના SAP ના પ્રમાણિત (certified) શીખનારાઓમાં એકલા ભારતનો હિસ્સો લગભગ ૪૮% છે. આ બાબત SAP ના વૈશ્વિક ટેલેન્ટ ઈકોસિસ્ટમમાં ભારતની મુખ્ય ભૂમિકા દર્શાવે છે. ભારત માટેનો આ સંકલ્પ, ૨૦૩૦ સુધીમાં વિશ્વભરમાં ૧ કરોડ ૨૦ લાખ લોકોને AI-સક્ષમ કૌશલ્ય આપવાના SAP ના વૈશ્વિક લક્ષ્યમાં મોટું યોગદાન આપે છે અને ટેક્નોલોજી શિક્ષણને વ્યવસાય તથા ઉદ્યોગોમાં AI ના પ્રાયોગિક ઉપયોગ સાથે જોડે છે.

SAP સરકાર, શિક્ષણ જગત, ઉદ્યોગો અને સામાજિક સંસ્થાઓ સાથેની પોતાની વ્યાપક ભાગીદારી દ્વારા આ પ્રતિબદ્ધતાને આગળ વધારશે, જેથી સમગ્ર ભારતમાં AI અને ડિજિટલ કૌશલ્યનો વ્યાપ વધારી શકાય.

પ્રાદેશિક કાર્યબળની પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને ટેક્નોલોજી તાલીમ આપવા માટે SAP ભારતભરની રાજ્ય સરકારો અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓ સાથે સહયોગ કરે છે. 'ફ્યુચર રાઈટ સ્કિલ્સ નેટવર્ક' જેવી પહેલો દ્વારા, SAP ઉદ્યોગ ભાગીદારો અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (MSDE) સાથે મળીને આઈટીઆઈ ના વિદ્યાર્થીઓમાં AI અને કાર્યસ્થળની સજ્જતાને મજબૂત કરે છે. આ પહેલ પાયાના AI શિક્ષણ, કોમ્યુનિકેશન સ્કિલ્સ અને વ્યાવસાયિક અનુભવને જોડે છે, જેથી વિદ્યાર્થીઓ વ્યવહારુ કાર્યસ્થળે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરી શકે.

ઈન્ડસ ઍપસ્ટોર હવે બન્યો ફોનપે ઍપસ્ટોર; ભારતના ડિજિટલ પ્રોડક્ટ્સ માટે રજૂ કર્યું એકીકૃત માર્કેટપ્લેસ

ફોનપે દ્વારા આજે તેના સ્વદેશી ઍપ માર્કેટપ્લેસ, 'ઈન્ડસ ઍપસ્ટોર'નું નામ બદલીને 'ફોનપે ઍપસ્ટોર' કરવાની જાહેરાત કરવામાં આવી છે. સમગ્ર ભારતમાં આ પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ જોવા મળ્યો છે, જેમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક અને તેલંગાણા તેને અપનાવવામાં ટોચના પાંચ રાજ્યો તરીકે ઉભરી આવ્યા છે. તેના વિસ્તરતા ઍપ અને ગેમિંગ કૅટેલૉગમાં ChatGPT, Duolingo, ShareChat અને Sony LIV જેવી લોકપ્રિય ઍપ્સ તેમજ Honor of Kings અને Hitwickª જેવી ગેમ્સનો સમાવેશ થાય છે. સોશિયલ, ઍક્શન અને સિમ્યુલેશન ગેમ્સ આ પ્લેટફોર્મની અગ્રણી કૅટેગરીઓમાં સામેલ છે. OEM ભાગીદારીઓના પરિણામે આ પ્લેટફોર્મ આજે ૨૦૦ મિલિયન (૨૦ કરોડ)થી વધુ ડિવાઈસિસ પર ઉપલબ્ધ છે.

આ રિબ્રાન્ડિંગ વિશે વિસ્તૃત માહિતી આપતાં, ફોનપે ઍપસ્ટોરના ચીફ બિઝનેસ ઑફિસર પ્રિયા નરસિમ્હને જણાવ્યું કે, "ઈન્ડસ ઍપસ્ટોરને ફોનપે ઍપસ્ટોર તરીકે રિબ્રાન્ડ કરવું એ અમારી સફરનો એક મોટો સીમાચિહ્ન છે અને તે ફોનપે બ્રાન્ડના વિશ્વાસ તથા વ્યાપક પહોંચને સાથે લાવે છે. ડેવલપર્સ હવે માત્ર સામાન્ય ઍપ ડિસ્કવરીથી આગળ વધીને જાહેરાતો, ગિફ્ટ કાર્ડ્સ અને ટૉપ-અપ્સ સહિત કમાણીના નવા રસ્તાઓ અનલૉક કરી શકે છે."

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય

ભારતીય નૌકાદળમાં માટે ૮ નવા યુદ્ધ જહાજો બનાવવા માટે મંજૂરી અપાઈ

નવી દિલ્હી, તા. ૩૦

પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)એ ભારતીય નૌકાદળ માટે ૮ નવા કૉર્વેટ યુદ્ધજહાજો બનાવવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ પર ?૪૦ હજાર કરોડથી વધુ ખર્ચ કરવામાં આવશે.



આ યુદ્ધજહાજોમાં ૭૦%થી વધુ સામગ્રી ભારતમાં બનાવવામાં આવશે. તેનાથી દેશમાં સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન મળશે. અહેવાલ મુજબ, પ્રથમ યુદ્ધજહાજનું નિર્માણ એક વર્ષની અંદર શરૂ થવાની આશા છે. તેને ૨૦૩૦ સુધીમાં નૌકાદળને સોંપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ ૮ યુદ્ધજહાજો સરકારી ક્ષેત્રની બે કંપનીઓ બનાવશે. તેમાં કોલકાતાની ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) અને ગોવા શિપયાર્ડ લિમિટેડ (GSL)નો સમાવેશ થાય છે. બંને કંપનીઓ સાથે આગામી થોડા દિવસોમાં બાંધકામનો કરાર થવાની અપેક્ષા છે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા મુજબ, હાલના સમયમાં સરકારના ઉચ્ચ સ્તરે મંજૂરી મેળવનારી આ પ્રથમ મોટી સંરક્ષણ પરિયોજના છે. તેનાથી ભારતીય નૌકાદળની શક્તિ વધશે અને દેશમાં યુદ્ધજહાજો બનાવવાને પ્રોત્સાહન મળશે.

આ યુદ્ધજહાજોમાં ૭૦ ટકાથી વધુ સામગ્રી ભારતમાં બનાવવામાં આવશે. તેનાથી આત્મનિર્ભર ભારત અભિયાન અને દેશમાં સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન મળશે. તમામ ૮ યુદ્ધજહાજો ભારતમાં જ બનાવવામાં આવશે. તેનાથી સરકારના SAGAR વિઝનને પણ મજબૂતી મળશે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી ૪થી ૫ વર્ષમાં આ યુદ્ધજહાજોની ડિલિવરી શરૂ થવાની અપેક્ષા છે. આ પરિયોજનાને એવા સમયે મંજૂરી મળી છે, જ્યારે હિન્દ મહાસાગરમાં વધતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળ પોતાના કાફલાને આધુનિક બનાવી રહ્યું છે. આ જ વર્ષે ૨૧ જૂને ત્રણ સ્વદેશી યુદ્ધજહાજોને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમનો કમિશનિંગ સમારોહ યોજ્યો હતો. INS સંશોધક એક વખતમાં સતત ૧૨ હજાર કિલોમીટર સુધી જઈ શકે છે. INS દૂનાગિરી ૮ બ્રહ્મોસ મિસાઈલોથી સજ્જ છે. જ્યારે, INS અગ્રય ભારતીય દરિયાકાંઠા નજીક હાજર દુશ્મનની સબમરીનોને નષ્ટ કરી શકે છે.

બદ્રીનાથથી દેહરાદૂન આવી રહેલું હેલિકોપ્ટર ક્રેશ:પાઈલટ સહિત ૬ મુસાફરોના મોત

ઉત્તરાખંડ, તા. ૩૦

ઉત્તરાખંડમાં શુક્રવારે બદ્રીનાથથી દેહરાદૂન જઈ રહેલું એક ખાનગી કંપનીનું હેલિકોપ્ટર જોશીમઠ પાસે ક્રેશ થયું. દુર્ઘટનામાં પાયલટ સહિત ૬ લોકોનાં મોત થયા છે. તમામના મૃતદેહો મળી આવ્યા છે. હેલિકોપ્ટરે બપોરે આશરે ૧:૧૪ વાગ્યે બદ્રીનાથથી દહેરાદૂનના સહસ્ત્રધારા માટે ઉડાન ભરી હતી. જોશીમઠ ઉપર ઉડાન દરમિયાન તેનો સંપર્ક તૂટી ગયો. ત્યારબાદ ટ્રેકિંગ સિસ્ટમ પર પણ તેનું લોકેશન મળવાનું બંધ થઈ ગયું.

દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ અને જિલ્લા પ્રશાસનની ટીમો





ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે.

આ ઘટના એવા સમયે બની છે, જ્યારે ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ખરાબ હવામાન છે. રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થઈ રહી છે.

જીફઈહ્નની ટીમ રાહત અને બચાવ કાર્ય માટે પહાડી પર ચઢી રહી છે. ડીએસપી મદન સિંહ બિષ્ટે જણાવ્યું કે ઘટનાની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. બીજી તરફ, આપદા વ્યવસ્થાપન અધિકારી નંદકિશોર જોશીના જણાવ્યા મુજબ, જેપી ડેમની ઉપર આવેલા જંગલમાં સફેદ રંગની કોઈ વસ્તુમાં આગ લાગી હોવાની માહિતી મળી છે. તેની તપાસ માટે બીજા હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા છે.

આ હેલિકોપ્ટર ટ્રાન્સ ભારત એવિએશન પ્રાઈવેટ લિમિટેડનું હતું. તેમાં પાઈલટ કેપ્ટન હિમાંશુ ઉપરાંત ૫ મુસાફરો સવાર હતા. તેમાં પ્રતાપા, અરુણ, શંકર ગૌડા, સુધીર કે. અને એચએસ નટરાજનો સમાવેશ થાય છે. અકસ્માત બાદ સાવચેતીના ભાગરૂપે ટ્રાન્સ ભારત એવિએશનના તમામ હેલિકોપ્ટરોની ઉડાનો રોકી દેવામાં આવી છે.

દિલ્હીમાં ૧ લી નવેમ્બરે વિપક્ષનું શક્તિ પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૩૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જાહેરાત કરી છે કે, ૧ નવેમ્બરના રોજ રામલીલા મેદાન ખાતે યોજાનારી વિપક્ષની મહારેલી પહેલાં એક વિશાળ રેલી કાઢવામાં આવશે. આ આયોજન અંગે વાત કરતા રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું હતું કે, 'આ કોઈ એક રાજકીય પક્ષની કૂચ નથી, પરંતુ હિન્દુસ્તાનના આત્માની કૂચ છે.' તેમણે દેશભરમાંથી લોકોને આ આંદોલનમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે.



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે આ કૂચના રૂટ અંગે પૂછેલા સવાલના જવાબમાં રાહુલ ગાંધીએ માહિતી આપી હતી કે, આ માર્ચ મિન્ટો રોડ અને કનોટ પ્લેસના જંકશનથી શરૂ થઈને રામલીલા મેદાન સુધી જશે. ૧ નવેમ્બરના રોજ યોજાનારી આ કૂચમાં સમગ્ર વિપક્ષ એકસાથે જોવા મળશે અને આ કોઈ એક પક્ષનું નહીં પણ લોકશાહી બચાવવા માંગતા તમામ પક્ષો અને નાગરિકોનું પ્રદર્શન રહેશે.

રાહુલ ગાંધીએ આ કૂચને જનઆંદોલનનું સ્વરૂપ આપતા જણાવ્યું હતું કે, રાજકીય અને બિનરાજકીય સંગઠનો, સામાજિક કાર્યકરો, સિવિલ સોસાયટી, પત્રકારો અને સામાન્ય નાગરિકોનું આ કાર્યક્રમમાં દિલથી સ્વાગત છે. તેમણે ઉમેર્યું હતું કે, ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં વિપક્ષની રેલી અને કૂચ થશે, જેમાં રાજકીય પક્ષો ઉપરાંત સામાન્ય નાગરિકો, વેપારીઓ, નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ, પત્રકારો અને સિવિલ સોસાયટી સાથે જોડાયેલા તમામ લોકો વિરોધ દર્શાવવા માટે જોડાઈ શકે છે.

વિપક્ષ દ્વારા શુક્રવારે એક મોક પાર્લામેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, પરંતુ અણધાર્યા વરસાદના કારણે તેને સ્થગિત કરી શનિવાર સુધી લંબાવવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે વરસાદને કારણે આજનો મોક પાર્લામેન્ટનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે અને હવે આ કાર્યક્રમ શનિવારે આ જ સમયે યોજવામાં આવશે.

સરકાર પર આકરા પ્રહારો કરતાં રાહુલ ગાંધીએ ગંભીર આરોપ લગાવ્યો હતો કે ગૃહમંત્રી દ્વારા લોકોને દિલ્હી આવતા રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, તેલંગાણા અને પંજાબથી આવી રહેલા કોંગ્રેસ કાર્યકરો તેમજ સામાન્ય જનતાને અટકાવવામાં આવી રહી છે.

સરકાર સામે પડકાર ફેંકતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'તમે રામલીલા મેદાનમાં જોજો કે કેટલા લોકો આવે છે અને તેઓ કેટલા લોકોને રોકી શકે છે. તેનાથી તમને અંદાજ આવી જશે કે દેશમાં શું ચાલી રહ્યું છે. લોકોમાં ભારે ગુસ્સો અને ભાવનાત્મક પીડા છે, કારણ કે લાખો લોકોને તેમના મતાધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે અને તેમનો મત છીનવાઈ રહ્યો છે.'

અમેરિકાના સૈન્ય મથકો પર સાયબર હુમલાની આશંકા

નવી દિલ્હી, તા.૩૦

અમેરિકાના ૬ સૈન્ય મથકો પર ફ્રીઝરનું તાપમાન અચાનક વધારીને ત્યાં રાખેલો ખોરાક બગાડી નાખવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે પેન્ટાગોન સાયબર હુમલાની તપાસ કરી રહ્યું છે, અને ફ્રાન્સની એજન્સીઓના સંપર્કમાં છે. ઓગસ્ટના પાછલા કેટલાક દિવસોમાં અમેરિકાના અનેક સૈન્ય મથકો પર ખાવા-પીવાની ચીજવસ્તુઓ રાખવાના ફ્રીઝરમાં અચાનક ખામી સર્જી હતી. એરિઝોના સ્થિત ફોર્ટ હુઆચુકા સૈન્ય મથક પર ફ્રીઝર ડિફ્રોસ્ટ મોડમાં જતા મશીને ઠંડક આપવાને બદલીને ગરમી પેદા કરી હતી, જેથી અંદર રાખેલો ખોરાક બગડી ગયો હતો. તપાસકર્તાઓ એ શોધી રહ્યા છે કે, શું કોઈએ રિમોટલી આ મશીનોની સેટિંગ્સ સાથે છેડછાડ કરી હતી કે કેમ. અમેરિકી તપાસકર્તાઓનું ધ્યાન ફ્રાન્સમાં તાજેતરમાં થયેલા આવા જ એક હુમલા પર પણ છે, જ્યાં ૩૫૦ થી વધુ પ્રતિષ્ઠાનોમાં વ્યાપારી ફ્રીઝરના તાપમાનને હેક કરીને બદલી નાખવામાં આવ્યા હતા. ફ્રાન્સમાં આનાથી સુપરમાર્કેટમાં રાખેલો ખોરાક બગડી ગયો હતો, અને કેટલીક જગ્યાએ આગ લાગવાની ઘટનાઓ પણ સામે આવી હતી. અમેરિકી સેનાની અપરાધિક તપાસ યુનિટનું સાયબર કાર્યાલય આ મામલાની તપાસ કરી રહ્યું છે. સાયબર સુરક્ષા વિશેષજ્ઞોના જણાવ્યા અનુસાર, ફ્રીઝર અને કુલિંગ સિસ્ટમ ચલાવતા જૂના કંટ્રોલર્સ હેકર્સો માટે સરળ નિશાન બની શકે છે. ડેનમાર્કની કંપની ડેનફોસએ જણાવ્યું હતું કે, ફ્રેન્ચ યુનિટ્સમાં ઉપયોગમાં લેવાયેલા ઘણા કંટ્રોલર્સ જૂના હતા અથવા તેમાં અપડેટેડ સોફ્ટવેર નહોતા.

લખનઉમાં બોલ્યા અમિત શાહ

મોદીજી ત્રણ વખત PM બન્યા અને ચોથી વખત પણ બનશે

લખનઉ, તા.૩૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નરેન્દ્ર મોદી ત્રણ વખત દેશના વડાપ્રધાન બની ચૂક્યા છે અને ચોથી વખત પણ વડાપ્રધાન બનશે. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં ભાજપની પ્રદેશ કાર્યસમિતિની બેઠકને સંબોધિત કરતાં તેમણે આ નિવેદન આપ્યું હતું. આ સાથે તેમણે કહ્યું કે ગંગોત્રીથી ગંગાસાગર સુધી ભગવો જ ભગવો દેખાય છે. અમિત શાહે પાર્ટીના કાર્યકરોને સંદેશ આપ્યો કે જો હજુ પણ પોતાનું પ્રદર્શન સુધારવું હોય તો મેદાનમાં ઉતરીને કામ કરવું પડશે.

અમિત શાહે પોતાના સંબોધનમાં પાર્ટીના કાર્યકરોને ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓમાં લાગી જવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે ભાજપની સૌથી મોટી તાકાત તેના કાર્યકરો છે. પાર્ટીને વધુ મજબૂત બનાવવા માટે બૂથ સ્તર સુધી કામ કરવું જરૂરી છે. કાર્યકરોએ લોકોની વચ્ચે જઈને તેમની સાથે જોડાવું જોઈએ અને પાર્ટીનો જનાધાર વધારવા માટે સતત કામ કરવું જોઈએ.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, દેશભરમાં ભાજપનો વિસ્તાર કાર્યકરોની મહેનતને કારણે થયો છે. પાર્ટીએ અનેક રાજ્યોમાં પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. ગંગોત્રીથી ગંગાસાગર સુધી ભગવો દેખાય છે એવું નિવેદન આપીને તેમણે દેશમાં ભાજપના વધતા પ્રભાવનો ઉલ્લેખ કર્યો હતો.

શુક્રવારે લખનઉમાં યોજાયેલી આ બેઠકમાં ઉત્તર પ્રદેશ ભાજપના આશરે ૨,૮૫૦ નેતાઓ અને પદાધિકારીઓએ ભાગ લીધો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. તેમની સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બંને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય તથા બ્રજેશ પાઠક પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કેન્દ્ર સરકારમાં ઉત્તર પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, જિલ્લા પ્રમુખો અને પાર્ટીનાં વિવિધ મોરચાના પદાધિકારીઓ પણ બેઠકમાં સામેલ થયા હતા. આ બેઠકનો મુખ્ય હેતુ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં સંગઠનને મજબૂત બનાવવાનો અને ચૂંટણીની તૈયારીઓને દિશા આપવાનો હતો.

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી ભાજપ માટે ખૂબ મહત્ત્વની છે. વર્ષ ૨૦૧૭માં પાર્ટીએ રાજ્યમાં મોટી જીત મેળવી હતી. ત્યારબાદ ૨૦૨૨ની ચૂંટણીમાં પણ ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહી હતી. જોકે, ૨૦૧૭ની સરખામણીમાં ૨૦૨૨માં પાર્ટીની બેઠકો ઘટી હતી. બીજી તરફ, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ ઉત્તર પ્રદેશમાં સારો દેખાવ કર્યો હતો. આ પરિણામ બાદ રાજ્યનું રાજકીય સમીકરણ વધુ રસપ્રદ બન્યું છે. હવે ભાજપ સામે ફરી સત્તા મેળવવા કરતાં પોતાની સરકાર જાળવી રાખવાની સાથે સંગઠનને વધુ મજબૂત બનાવવાનો પડકાર છે.

આ જ કારણસર પાર્ટીએ વિધાનસભા ચૂંટણીના ઘણા સમય પહેલાંથી બેઠકો અને સંગઠનાત્મક તૈયારીઓ શરૂ કરી દીધી છે. લખનઉમાં યોજાયેલી પ્રદેશ કાર્યસમિતિની બેઠકને પણ ૨૦૨૭ની ચૂંટણી માટેની આ તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહી છે.

૧૨ વર્ષમાં ૪૯.૬ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા

ભારતમાં ગરીબી ઘટી, પરંતુ અમીરો-ગરીબો વચ્ચેની ખાઈ વધી

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં છેલ્લા એક દાયકામાં ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે, પરંતુ બીજી તરફ આવકની અસમાનતા હજુ પણ ગંભીર પડકાર બની રહી છે. વર્લ્ડ બેંકના ઓક્ટોબર ૨૦૨૬ના 'ઈન્ડિયા પોવર્ટી એન્ડ ઈક્વિટી બ્રીફ' રિપોર્ટમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ દરમિયાન ભારતમાં અંદાજે ૪૯.૬ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જોકે, દેશના સૌથી વધુ આવક ધરાવતા ૧૦ ટકા લોકો સૌથી ઓછી આવક ધરાવતા ૧૦ ટકા લોકો કરતાં સરેરાશ ૧૩ ગણી વધુ કમાણી કરે છે. એટલે કે ગરીબી ઘટી હોવા છતાં અમીરો અને ગરીબો વચ્ચેની આર્થિક ખાઈ યથાવત્ છે.

વર્લ્ડ બેંકના અહેવાલ પ્રમાણે, ભારતમાં ગરીબીના પ્રમાણમાં મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૧માં દરરોજ ૪.૨૦ ડોલરથી ઓછી આવક ધરાવતા લોકોની સંખ્યા કુલ વસ્તીના ૫૭.૭ ટકા હતી, જે વર્ષ ૨૦૨૩માં ઘટીને ૧૬.૧ ટકા થઈ ગઈ છે.

આ આંકડા ૨૦૨૧ના ખરીદશક્તિ સમાનતા ()ના માપદંડ પર આધારિત છે. આ સમયગાળા દરમિયાન અંદાજે ૪૯.૬ કરોડ લોકો ગરીબીની સ્થિતિમાંથી બહાર આવ્યા છે.

રિપોર્ટમાં અત્યંત ગરીબીના આંકડા પણ આશાસ્પદ છે. દરરોજ ૩ ડોલરથી ઓછી આવક ધરાવતા લોકોનું પ્રમાણ વર્ષ ૨૦૧૧માં ૨૭.૧ ટકા હતું, જે વર્ષ ૨૦૨૩માં ઘટીને માત્ર ૨.૬ ટકા થઈ ગયું છે.

દેશમાં ગરીબી ઘટી હોવા છતાં ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. વર્લ્ડ બેંકના આંકડા પ્રમાણે, વર્ષ ૨૦૨૩માં ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીનો દર ૧૯.૩ ટકા હતો, જ્યારે શહેરી વિસ્તારોમાં આ પ્રમાણ ૮.૬ ટકા નોંધાયું હતું. આ આંકડા દર્શાવે છે કે ગામડાંમાં રહેતા પરિવારોની આર્થિક સ્થિતિ સુધારવા માટે હજુ પણ વિશેષ પ્રયાસોની જરૂર છે.

રિપોર્ટ અનુસાર, ઉત્તર પ્રદેશથી પશ્ચિમ બંગાળ સુધીના વિશાળ ભૌગોલિક પટ્ટામાં દેશના કુલ ગરીબ લોકોમાંથી આશરે ૫૭ ટકા લોકો વસે છે.

વર્લ્ડ બેંકના મતે, આ વિસ્તારોમાં ખેતી સિવાયના ક્ષેત્રોમાં વધુ સારી ગુણવત્તાવાળી રોજગારીની તકો ઊભી કરવામાં આવે તો ગરીબી ઘટાડવાની પ્રક્રિયાને વધુ વેગ મળી શકે છે. વર્લ્ડ બેંકના રિપોર્ટમાં રોજગારીના ક્ષેત્રે પણ મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૩ દરમિયાન ભારતમાં અંદાજે ૧૩.૪ કરોડ લોકો રોજગારી સાથે જોડાયા હતા. આ વધારો કામકાજની ઉંમર ધરાવતી વસ્તીમાં થયેલા વધારા કરતાં લગભગ બમણો હતો. ખાસ કરીને ગ્રામીણ મહિલાઓની પગાર આધારિત રોજગારીમાં ભાગીદારી વધતાં પરિવારોમાં કમાતા સભ્યોની સંખ્યામાં વધારો થયો છે.

રોજગારીની તકો વધવા છતાં લોકોની વાસ્તવિક આવકમાં નોંધપાત્ર વધારો થયો નથી. તેનું એક મુખ્ય કારણ એ છે કે રોજગારીનો મોટો હિસ્સો ઓછી ઉત્પાદકતા ધરાવતા ક્ષેત્રોમાં રહ્યો છે. પરિણામે વેતનવૃદ્ધિ મર્યાદિત રહી છે.

વર્લ્ડ બેંકના રિપોર્ટમાં સૌથી વધુ ચિંતાજનક બાબત આવકની અસમાનતાને લઈને સામે આવી છે. દેશના સૌથી વધુ આવક ધરાવતા ૧૦ ટકા લોકોની સરેરાશ આવક સૌથી ઓછી આવક ધરાવતા ૧૦ ટકા લોકો કરતાં લગભગ ૧૩ ગણી વધારે છે.

આ આંકડો દર્શાવે છે કે આર્થિક વિકાસના લાભો તમામ વર્ગો સુધી સમાન પ્રમાણમાં પહોંચી રહ્યા નથી. એક તરફ કરોડો લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, તો બીજી તરફ દેશના ધનિક અને ગરીબ વર્ગ વચ્ચે આવકનો મોટો તફાવત યથાવત્ છે.

હવાઈમાં ભારે વરસાદ અને પૂરની ચેતવણી

ઓલાના વાવાઝોડાની અસરથી હોનોલુલુ સહિત અનેક વિસ્તારોમાં જળબંબાકાર

વોશિંગ્ટન, તા.૩૦

અમેરિકાના હવાઈ રાજ્યમાં ભારે વરસાદ અને સંભવિત પૂરની સ્થિતિને લઈને ચિંતા વધી છે. હોનોલુલુ સહિત ઓઆહૂ અને અન્ય ટાપુઓમાં ભારે વરસાદની આગાહી વચ્ચે હવામાન વિભાગ દ્વારા ફ્લડ વોચ અને પૂર સંબંધિત ચેતવણીઓ જાહેર કરવામાં આવી હોવાના અહેવાલ છે. ઉષ્ણકટિબંધીય વાવાઝોડા 'ઓલાના'ની બચેલી અસર અને પેસિફિક મહાસાગરમાં સક્રિય મોસમી સિસ્ટમના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની અને અચાનક પૂર આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, પેસિફિક મહાસાગરમાં સર્જાયેલી મોસમી ટ્રફ અને ઉષ્ણકટિબંધીય વાવાઝોડા ઓલાનાની બચેલી ભેજવાળી હવાની અસરથી હવાઈમાં ભારે વરસાદી સ્થિતિ ઊભી થઈ શકે છે. વાતાવરણમાં રહેલો ભેજ પવનના પ્રવાહ સાથે હવાઈના ટાપુઓ તરફ આગળ વધી રહ્યો છે.

હવાઈના ઊંચા પહાડી વિસ્તારોમાં ભેજવાળા વાદળો પહોંચતાં વરસાદની તીવ્રતા વધી શકે છે. હવામાન વિજ્ઞાનમાં આ પ્રક્રિયાને 'ઓરોગ્રાફિક લિફ્ટ' કહેવામાં આવે છે. આ પ્રક્રિયામાં ભેજવાળી હવા પહાડો સાથે અથડાઈને ઉપર ચઢે છે અને ઠંડી પડતાં વાદળોમાંથી ભારે વરસાદ વરસી શકે છે.

હવામાનની આવી પરિસ્થિતિમાં થોડા જ સમયમાં એક જ વિસ્તારમાં અત્યંત ભારે વરસાદ વરસી શકે છે. આવી સ્થિતિને સામાન્ય ભાષામાં 'રેન બોમ્બ' તરીકે ઓળખવામાં આવે છે. તેના કારણે નદીઓ, નાળાઓ અને પાણીના નિકાલના માર્ગોમાં પાણીનું સ્તર ઝડપથી વધી શકે છે.

અહેવાલોમાં અગાઉ આવેલા 'કોના લો' અને 'લાલા' વાવાઝોડાની અસરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અગાઉના ભારે વરસાદને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ પહેલેથી જ વધારે હોય તો નવા વરસાદનું પાણી ઝડપથી જમીનમાં શોષાઈ શકતું નથી. પરિણામે રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા વધી શકે છે.

ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઓઆહૂ સહિત હવાઈના કેટલાક વિસ્તારો માટે પૂર સંબંધિત ચેતવણીઓ જાહેર કરવામાં આવી હોવાના અહેવાલ છે. લોકોને નાળાઓ, નદીઓ અને નીચાણવાળા વિસ્તારોની નજીક જવાનું ટાળવા સૂચના આપવામાં આવી છે.

હોનોલુલુ સહિતના શહેરી વિસ્તારોમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાવું, ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ જવી અને સ્થાનિક પરિવહન પ્રભાવિત થવાની શક્યતા છે. ખાસ કરીને પાણીના નિકાલની વ્યવસ્થા પર વધુ દબાણ ઊભું થઈ શકે છે.

ભારે વરસાદની સાથે તેજ પવન પણ મુશ્કેલી વધારી શકે છે. અહેવાલો અનુસાર, દરિયાકાંઠા અને પહાડી વિસ્તારોમાં ૪૦થી ૬૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમેરિકાના ઓરેગનમાં ભયાનક હવાઈ દુર્ઘટના

એરપોર્ટ નજીક હવામાં જ ટકરાયા બે હેલિકોપ્ટર, ૩ લોકોના કરુણ મોત



ઓરેગન, તા.૩૦

અમેરિકાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઓરેગન રાજ્યમાં એક ભયાનક હવાઈ દુર્ઘટના સર્જાઈ છે. મેકમિનવિલે મ્યુનિસિપલ એરપોર્ટ નજીક હવામાં જ બે હેલિકોપ્ટર વચ્ચે જોરદાર ટક્કર થતાં ત્રણ લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે. ગુરુવારે સ્થાનિક સમય અનુસાર બપોરે આશરે ૨:૧૫ વાગ્યે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી મેડિકલ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. હાલ અમેરિકાની તપાસ એજન્સીઓ દ્વારા દુર્ઘટનાનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ઓરેગનના મેકમિનવિલે મ્યુનિસિપલ એરપોર્ટ નજીક બે હેલિકોપ્ટર ઉડાન દરમિયાન એકબીજા સાથે અથડાઈ ગયાં હતાં. ટક્કર એટલી ભયાનક હતી કે ત્રણેય સવારનાં મોત થયાં હતાં. આ એરપોર્ટ પોર્ટલેન્ડથી આશરે ૪૦ માઈલ દક્ષિણ-પશ્ચિમમાં આવેલું છે. અકસ્માત બાદ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી.

યમહિલ કાઉન્ટીના શેરિફ સેમ ઈલિયટે આપેલી માહિતી પ્રમાણે, એક હેલિકોપ્ટરમાં બે વ્યક્તિ સવાર હતાં. જેમાં ટેક્સાસના ફ્લાઈટ ઈન્સ્ટ્રક્ટર અને યુનાઈટેડ કિંગડમના વિદ્યાર્થી પાયલટનો સમાવેશ થાય છે.

જ્યારે બીજા હેલિકોપ્ટરમાં ઓરેગનના ન્યૂબર્ગનો એક પાયલટ સવાર હતો. આ અકસ્માતમાં ત્રણેયનાં મોત થયાં છે. ઘટનાને પગલે મૃતકોના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.

જાહેર નોટીસ

અમારી મંડળીએ કાર્યક્ષેત્રમાં સુચિત રામેશ્વર ગ્રાહક બચત અને ધિરાણ સહકારી મંડળી લી. ઈડર તાલુકાના કૃષ્ણનગર ગામે નોધણી અર્થે રજુ કરવામાં આવેલ જેમાં મંડળીનુ કાર્યક્ષેત્ર ઈડર,વડાલી,ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે, તો સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કૃષ્ણનગર ગામમાં આવા પ્રકારની નોંધાયેલ સહકારી મંડળીઓને કોઈ વાંધો વિરોધ હોય તો, મે. જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, સાબરકાંઠાની કચેરીએ આ નોટીસ પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં વિરોધ કરવાનો રહેશે. જો કોઈપણ પ્રકારનો વિરોધ નહીં થાય તો એકતરફી નિર્ણય કરવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવા વિનંતી.

વાંધો વિરોધ નોંધવવા માટેનું સરનામું : જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, સાબરકાંઠા જિલ્લા સેવા સદન બ્લોક-સી, ત્રીજો માળ, હિંમતનગર

પ્રસિદ્ધ કરનાર : ધી રામેશ્વર ગ્રાહક બચત અને ધિરાણ સહકારી મંડળી લી. મુ.કૃષણનગર, પો.નેત્રામલી, તા.ઈડર, જી.સાબરકાંઠા.

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

પ્રોપોર્શનલ વાલ્વના સામગ્રીની આપૂર્તિ

નાયબ મુખ્ય સામગ્રી પ્રબંધક (Dy. CMM) – સાબરમતી, પશ્ચિમ રેલવે, ભારતના રાષ્ટ્રપતિ વતી સામગ્રીની આપૂર્તિ માટે નીચે મુજબની ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે; **ટેન્ડર નંબર: 71265818;** સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન: પ્રોપોર્શનલ વાલ્વ [પાર્ટ નંબર: HYA25-RPE2-325.DSO728]; **ઉત્પાદક (Make):** PLASSER, BOSCH-REXROTH; **જથ્થો:** 15 નંગ; **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 30 નવેમ્બર 2026, 11:00 વાગ્યે; **ઈએમડી રકમ:** ₹ 1,04,430/-; ખરીદી પરના પ્રતિબંધો તથા ટેન્ડરની વિગતવાર શરતો સહિતની વિસ્તૃત ટેન્ડર સૂચના માટે કૃપા કરીને વેબસાઇટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. મેન્યુઅલ રીતે રજૂ કરવામાં આવેલી ટેન્ડર ઓફરોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-202

અમને લાઈક કરો: facebook.com/WesternRly

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર

નિયામક,આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ માટે પોર્ટલ રી-ઓપન કરવા બાબત

નિયામક,આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરખાતા હસ્તકની નીચે મુજબની યોજનાઓનો અમલડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships
1A. Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (Freeship Card Students Only)
2. Post Matric Scholarship for ST Girls (Having annual Family Income more than 2.50 Lac)
2A. Post-Matric Scholarship For ST Girl s (Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Student Only)
3. Food Bill Assistance to ST Students
4. Financial Assistance to Purchase of Instruments for Medical and Engineering Students

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ વિવિધ કારણોસર વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાથી વંચિત રહેલ હોઈ તેઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત ન રહે તે માટે વધુ એક તક આપવા માટે શિષ્યવૃત્તિનું પોર્ટલ ખુલ્લુ મુકવાનો હિતકારી નિર્ણય કરેલ છે. જે અન્વયે વર્ષ વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ ના વિદ્યાર્થીઓ માટે ઉક્ત યોજનાઓ અંતર્ગત મૂળ ગુજરાત રાજ્યના ધોરણ ૧૧-૧૨, ડિપ્લોમા, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજ્યમાં આવેલ સરકાર-માન્ય ઉચ્ચ માધ્યમિક શાળાઓ/યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિતજનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે તા.૦૨/૧૧/૨૦૨૬ થી તા.૨૩/૧૧/૨૦૨૬ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.inપર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓમાટે સુચનાઓ :

1. તમામવિદ્યાર્થીએફોર્મભરતાપહેલાંતેમનુંબેંકએકાઉન્ટઆધારસાથેલિંકસિડિંગ (enable ફોરડીબીટી) છેકેનહિતેનીખાતરીકર્યા બાદજફોર્મભરવાનુંરહેશે .
2. દરેકવિદ્યાર્થીએતેનોમોબાઈલનંબરઆધારસાથેલિંકકરવાનોરેહશે.
3. વિદ્યાર્થીએતેનો બેંકએકાઉન્ટનંબરડોર્મન્ટ, ઇનઓપરેટિવકેઇનેક્ટિવનાથાયતેનુંધ્યાનરાખવાનુંરહેશેતેમજપી.પી.એફ., સુકન્યાનિધિ, જનધનએકાઉન્ટ (વધારેરકમમાટે) કેએફ.ડી.એકાઉન્ટનોઉપયોગકરવાનોરહેશેનહિ.

રચિત રાજ (આઈ.એ.એસ.)
નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રભાત

દવાઓના વેચાણથી કરાતા અઢળક નફા પર નિયંત્રણ જરૂરી

દવાઓની મનમાની કિંમતો પર તથા દર્દીઓના ઇલાજનો વધતો ખર્ચને લઇ સુપ્રિમ કોર્ટે ચિંતા વ્યકત કરી છે અને આ દરમ્યાન રાષ્ટ્રીય ઔષધ મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ (એનપીપીએ)એ કેન્સરની ૫૪૩ બ્રાન્ડેડ દવાઓની કિંમતોમાં સંશોધન તથા ૧૩૭ કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન સિમિત કરવાનો નિર્ણય સ્વાગત યોગ્ય કહી શકાય. આથી કેન્સરના દર્દીઓ તથા તેમના પરિવારોને રાહત મળશે. પરંતુ આ રાહત પણ અધૂરી છે વાસ્તવિકતા આ છે કે, કેન્સર સહિત અન્ય ગંભીર બિમારીની દવાઓ આજે પણ સામાન્ય માણસની પહોંચની બહાર છે.

અત્યાર સુધીમાં દર્દીઓની લાચારીનો લાભ લઇને દવા કંપનીઓ અને વેપારીઓએ લોકોને લૂંટ્યા છે. આ ૫૩૭ દવાઓથી ઘણી દવાની મહત્તમ રીટેઇલ પ્રાઇસ સીધી જૂની કિંમતના ૧૦ ટકા થઇ છે. ત્યારે આટલા ઓછા ભાવે દવા આપી શકાતી હતી ત્યારે અત્યાર લગી કેમ કશું કરવામાં આવ્યું નહીં?

એનપીપીએ જાહેર કરેલા નવા ભાવોમાં કુલ ૩૯૭ દવાના ભાવ તોતિંગ રીતે ઘટાડવામાં આવ્યા છે પહેલા 'કુલબ્રેકા' નામની દવાની એમઆરપી ૨૬ હજાર રૂપિયાથી વધુ હતી અને હવે તેની મહત્તમ વેચાણ કિંમત રૂા.૫૦૪૯ થઇ છે 'બેનાસીબાઝ' દવાની કિંમત રૂા.૨૧૭૬૭થી વધુ હતી જે ઘટીને હવે રૂા.૫૯૩૦ થઇ છે. આમ મોટા ભાગની દવાઓની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે આથી ૨૧૭ દવાઓના ભાવ અડધાથી ઓછા થયા છે ૯૭ દવાના પેકની કિંમતમાં ૭૦ ટકાથી વધુ અને ૫૦ દવાના ભાવમાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે.

પાંચ દવાના ભાવ ૯૦ ટકાથી વધુ ઘટ્યા છે મતલબ કે પહેલા મળતી હતી તેના ૧૦ ટકાના ભાવે હવે આ પાંચ દવાઓ મળશે. પહેલા દવાના પેકના ૧૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા તે હવે માત્ર રૂા.૧૦૦માં મળશે. કેન્સરના દર્દીઓના લાચાર પરિવારોને અત્યાર સુધી લૂંટી લેવામાં આવ્યા છે.

સુપ્રિમ કોર્ટે ૨૯ સપ્ટેમ્બરે એક કેસની સુનાવણી દરમિયાન દવાઓની બેફામ કિંમતો અંગે નારાજગી વ્યકત કરી હતી અને દવાઓના ભાવમાં ચાલતી લૂંટને નરસંહાર સાથે સરખાવીને સરકારને તતડાવી હતી. જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે દવાઓની કિંમત અને જેનેરિક દવાઓ સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરતી વખતે પ્રશ્ન કર્યો હતો કે, રૂા.૨૭૦૦ની કેન્સરની દવાની એમઆરપી રૂા.૨૭ હજાર કેમ છે? સુપ્રિમ કોર્ટે તો કેન્સરની દવાઓ પર માર્જિન નક્કી કરી શકાય છે તો અન્ય દવાઓની કિંમતો પર નિયંત્રણ કેમ નથી એવો પ્રશ્ન કર્યો હતો. કેન્સરના દર્દીઓને લાભ થશે તો ઘણું થશે કારણ કે, સુપ્રિમ કોર્ટનું ધ્યાન આ તરફ ગયું ન હોત તો હજુ આ લૂંટ ચાલુ રહી હોત.

કેન્દ્ર સરકારે દવાઓના ભાવ ઘટાડવાની દિશામાં પહેલું પગલું ભરીને સારૂ કાર્ય કર્યું છે પણ હજુ ઘણું બધું કરવાની જરૂર છે. આ ભાવ ઘટાડાના કારણે કેન્સરના દર્દીઓના પરિવારોને વર્ષે રૂા.૨૫ હજાર કરોડ રૂપિયાનો ફાયદો થશે. દા.ત. કેન્સરની ઇમ્યુનોથેરાપીની દવાની કિંમત હજુ ૨.૧૬ લાખ રૂપિયા છે આ દવાનો ઉપયોગ ૨૧થી વધુ પ્રકારના કેન્સરની સારવારમાં થાય છે આથી ખરી જરૂર આવી દવાઓના ભાવમાં ઘટાડો કરવાની છે.

બીજા રોગોના દર્દીઓને હજુ રાહત મળી નથી. અને સરકારની પહેલથી કેન્સરની દવાઓ થોડી સસ્તી થઇ પણ છતાં હજુ મધ્યમ વર્ગની પહોંચની બહારછે તેનું કારણ સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી ટ્રેડ માર્જિન રેશનલાઇઝેશન (ટીએમઆર) નિતીમાં વિલંબ અને અમલમાં મૂકાયેલી નીતિમાં ગંભીર ખામી છે કેન્દ્ર સરકારે ટીએમઆર એટલે કે નફાના ધોરણને તાર્કિક મર્યાદામાં લાવવાની પ્રકિયા વર્ષ ૨૦૧૯માં શરૂ કરી હતી. પરંતુ તેનો અમલ કર્યો નથી તેના કારણે લાખો દર્દીઓ લૂંટાયા હવે અમલમાં મૂકાયો ત્યારે પણ અધૂરા મનથી મૂકાયો તેમાં ઘણી ખામીઓ છે ટીએમઆર ફોર્મ્યુલામાં સૌથી ગંભીર ખામી તો નફાનું પ્રમાણ છે આ ફોર્મ્યુલામાં પ્રાઇસ ટુ સ્ટોકિસ્ટ પર ૪૨.૮ ટકા સુધીના નફાની છૂટ છે. પહેલા તો દવાઓ મોંઘી હોય છે અને તેમાં આટલો નફો લેવાની છૂટ હોય પછી દર્દીઓનું કોણ વિચારશે? કેન્સર સહિતના રોગોની દવાઓ સીધી હોસ્પિટલોમાં વેચવામાં આવે છે. હોસ્પિટલો બિલ બનાવે ત્યારે એમઆરપી ખંખેરે છે તેથી દર્દીઓને નુકસાન થાય છે આ સ્થિતિ નિવારણ માટે કેન્સર સહિતની દવાઓને હવે ડીપીસીઓ ૨૦૧૩ હેઠળ લાવવાની જરૂર છે. ડીપીસીઓ હેઠળ કંપની સ્ટોકિસ્ટને જે ભાવે દવા આપે તેના કરતા ૧૬ ટકા વધારે નફો લેવાની જોગવાઇ છે ખરી જરૂર તો દવાના ઉત્પાદકો જ નફાની મર્યાદા બાંધવાની છે પણ સરકાર આ કામ કરતી નથી એ જોતા ડીસીપીઓ હેઠળ ૧૬ ટકા નફાની મર્યાદા બાંધે તો પણ ઘણું છે. પેટન્ટવાળી દવાઓ પર નિયંત્રણ જરૂરી છે કારણ કે, સૌથી વધારે લૂંટ પેટન્ટવાળી દવાઓમાં થાય છે. દવાઓના ભાવ પર સરકારે નિયંત્રણ રાખવું જોઇએ. દેશમાં દવાની કંપનીઓ મનફાવે ત્યારે ભાવો વધારે છે કારણ કે, તેમના પર સરકારનું નિયંત્રણ નથી આ ભાવ વધારા માટે નિયમો બનાવવા જોઇએ ભારતમાં દવાઓનું બજાર ઘણું મોટું છે એ જોતા દવા બનાવતી કંપનીઓ અને દવા વેચનારાઓ ઓછું માર્જિન રાખીને સારો નફો કમાઇ શકે છે પરંતુ તેમની લાલચ બેફામ છે આથી સરકારે નિયંત્રણ મૂકવું જોઇએ.

કેન્સર વિરોધી દવાઓના ભાવમાં ઘટાડો કરવાની માંગ લાંબા સમયથી થતી હતી સ્વાસ્થ્ય સંબંધી સંસદિય સમિતિએ ઘણી વખત આ મુદ્દા પર ચિંતા વ્યકત કરી હતી. આથી આ સમસ્યા માત્ર કેન્સરના દર્દીઓ સુધી સિમિત નથી દવાઓનું ઉત્પાદન તથા વપરાશકર્તાઓ સુધી દવાઓ પહોંચે ત્યારે મોટો ખર્ચ થતો હોય છે આથી દવાની ખરીદી કરવા દર્દી અસહય બને છે. એનપીપીએ દ્વારા ટ્રેડ માર્જિનને ૩૦ ટકા સુધી સિમિત રાખવાનો નિર્ણય સાચી દિશામાં લેવામાં આવેલું પગલું છે પરંતુ આ બાબતથી સમસ્યાનું પૂર્ણ સમાધાન થશે નહીં. સુપ્રિમ કોર્ટે આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે, અન્ય મોંઘી દવાઓ તથા હોસ્પિટલોના માધ્યમથી વેચાતી દવાઓની કિંમતો પર નિયંત્રણ હોવું જોઇએ જો સરકાર ખરેખર સસ્તી દવા દર્દીઓને આપવા માંગે છે તો વ્યાપક સ્તર પર મૂલ્ય નિયંત્રણની નીતિનો અમલ કરવો પડશે મોંઘી દવાઓ મળે છે તેનું મૂળ પેટન્ટ કાયદો છે જે દવા કંપનીઓને અનુસંધાન તથા દવામાં રિસર્ચ કરવાનો અધિકાર આપે છે.

સુરેન્દ્રનગરમાં 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી: જિલ્લાના ૧.૬૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૩૨.૧૦ કરોડની સહાય જમા



સુરેન્દ્રનગર,તા.૩૦

આજરોજ સુરેન્દ્રનગરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાના અધ્યક્ષસ્થાને 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને બનાસકાંઠાના ડીસા તાલુકાના ભીલડીથી 'પીએમ કિસાન સન્માન નિધિ' યોજના અંતર્ગત ખેડૂતોને ૨૪મા હપ્તાની સહાયનું સીધું વિતરણ કર્યું હતું. આ ઐતિહાસિક ક્ષણે સુરેન્દ્રનગર જિલ્લાના ૧ લાખ ૬૦ હજારથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૩૨.૧૦ કરોડથી વધારેની આર્થિક સહાય ડી.બી.ટી. (DBT) ના માધ્યમથી સીધી જમા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, ખેડૂત એ આપણો અન્નદાતા છે અને ભારત એક કૃષિપ્રધાન દેશ છે. વર્ષ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશના ગોરખપુરથી શરૂ થયેલી આ યોજના અંતર્ગત ખેડૂતોને દર વર્ષે રૂ. ૬,૦૦૦ ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. અગાઉ ફોર્મ ભરવામાં અને સહાય મેળવવામાં વચેટિયાઓનો ત્રાસ હતો, પરંતુ વડાપ્રધાનશ્રીની પારદર્શક સિસ્ટમને કારણે આજે એક પણ રૂપિયાના કમિશન વિના પૂરેપૂરી રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં પહોંચે છે. પરિણામે, ખેડૂતોને હવે સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી સંપૂર્ણ મુક્તિ મળી છે.

સરકારની સિદ્ધિઓ વર્ણવતા વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, એક સમયે પાણીની તંગીનો સામનો કરતા સૌરાષ્ટ્ર અને સુરેન્દ્રનગર જિલ્લામાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ આયોજનથી નર્મદાના નીર કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી પહોંચ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક સાતત્યપૂર્ણ વીજળી અને સિંચાઈની સુવિધાને કારણે ખેડૂતો વર્ષમાં બેથી ત્રણ પાક સરળતાથી લઈ રહ્યા છે. આજે સુરેન્દ્રનગરનો ખેડૂત પરંપરાગત ખેતીની સાથે વરિયાળી, જીરું, અંજીર અને જામફળ જેવા બાગાયતી પાકોનું ઉત્પાદન કરી વિદેશમાં નિકાસ કરતો થયો છે.

આ ઉપરાંત, સરકારે ટ્રેક્ટર અને આધુનિક સાધનો માટે પણ સહાય આપી છે.

ગત વર્ષે કસમયના માવઠા વખતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે લાંબા સર્વેની રાહ જોયા વિના ખેડૂતોને ત્વરિત વળતર ચૂકવી તેમની પડખે ઊભા રહેવાની કામગીરી કરી છે. રાજ્યપાલશ્રીના સંકલ્પ મુજબ તમામ ખેડૂત મિત્રોને જમીનની ફળદ્રુપતા બચાવવા માટે યુરિયા અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટાડીને પ્રાકૃતિક ખેતી અપનાવવા નમ્ર અપીલ કરી હતી. આ તકે જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના અનુભવો સૌની સમક્ષ રજુ કર્યા હતાં.

આ પ્રસંગે મેયર શ્રી રાકેશ રાઠોડ, ડેપ્યુટી મેયર સ્મિતા રાવલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિખિલ ચાંપાનેરી, હાર્દિક ટમાલીયા, દેવાંગ રાવલ, જિલ્લા કલેક્ટર શ્રી જી.એચ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ.યાજ્ઞિક, મ્યુનિસિપલ કમિશનર જે.કે.જાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકભાવેશ દવે, વઢવાણ પ્રાંત અધિકારી મેહુલ ભરવાડ, જિલ્લા ખેતીવાડી અધિકારી મુકેશ પરમાર સહિત ખેડૂતમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

આરોગ્ય પ્રભાત

સમયસર સ્ક્રીનિંગ અને વહેલું નિદાન સૌથી અસરકારક હથિયાર

સ્ટર્લિંગ હોસ્પિટલ્સ વડોદરામાં યુવા વયજૂથમાં સ્તન, જઠરાંત્રિય અને રક્ત સંબંધિત કેન્સરના કેસોમાં વધારો

ભારતમાં કેન્સરનો બોજ સતત વધી રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ (NCRP)ના અંદાજ મુજબ દેશમાં દર વર્ષે આશરે ૧૫ લાખથી વધુ નવા કેન્સરના કેસ નોંધાય છે, જ્યારે ગુજરાતમાં પણ દર વર્ષે ૭૦,૦૦૦થી વધુ નવા દર્દીઓ સામે આવે છે. જીવનશૈલીમાં બદલાવ, ધૂમ્રપાન, સ્થૂળતા, પ્રદૂષણ, અનિયમિત આહાર અને મોડા તબક્કે નિદાન જેવા પરિબળોને કારણે કેન્સરના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ વડોદરાના તબીબોએ નોંધ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં યુવા વયના લોકોમાં પણ સ્તન, જઠરાંત્રિય (ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ), લિમ્ફોમા અને લ્યુકેમિયા જેવા કેન્સરના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

હોસ્પિટલના ક્લિનિકલ નિરીક્ષણો અનુસાર, ખાસ કરીને ૩૦થી ૪૦ વર્ષની મહિલાઓમાં સ્તન કેન્સરના કેસોમાં અંદાજે ૧૫થી ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. અગાઉ મુખ્યત્વે વધુ ઉંમરની મહિલાઓમાં જોવા મળતો આ રોગ હવે યુવા મહિલાઓમાં પણ ઝડપથી સામે આવી રહ્યો છે. હોસ્પિટલમાં પુરુષોમાં પણ સ્તન કેન્સરના દર્દીઓનું નિદાન થઈ રહ્યું છે, જે દર્શાવે છે કે આ રોગ માત્ર મહિલાઓ પૂરતો મર્યાદિત નથી.

તે જ રીતે, કોલોરેક્ટલ કેન્સર (મોટા આંતરડા અને ગુદામાર્ગનું કેન્સર) મુખ્યત્વે ૪૦થી ૬૦ વર્ષની વયજૂથમાં જોવા મળી રહ્યું છે, પરંતુ હવે ૨૦થી ૩૦ વર્ષની ઉંમરના દર્દીઓમાં પણ આવા કેસો નોંધાઈ રહ્યા છે. હોસ્પિટલમાં લિમ્ફોમા અને લ્યુકેમિયા જેવા રક્ત સંબંધિત કેન્સરના દર્દીઓમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે, જ્યારે ફેફસાના કેન્સરના દર્દીઓમાં ૪૦થી ૬૦ વર્ષની વયજૂથનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

મહિલાઓમાં અન્નનળી (ઈસોફેગસ)ના કેન્સરના કેસોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને આમાં એવી મહિલાઓનો પણ સમાવેશ થાય છે જેઓ ધૂમ્રપાન કે દારૂનું સેવન કરતી નથી. બીજી તરફ, સર્વાઇકલ કેન્સર મુખ્યત્વે ૪૦થી ૫૦ વર્ષની મહિલાઓમાં અને એન્ડોમેટ્રિયલ કેન્સર ૫૦થી ૬૦ વર્ષની મહિલાઓમાં વધુ પ્રમાણમાં નોંધાઈ રહ્યું છે.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સ વડોદરાના કન્સલ્ટન્ટ – મેડિકલ ઓંકોલોજી, ડૉ. મૃગલ દોશીએ જણાવ્યું હતું કે, "અમે સ્તન, જઠરાંત્રિય, ફેફસાં તથા રક્ત સંબંધિત વિવિધ પ્રકારના કેન્સરના કેસો હવે અલગ-અલગ વયજૂથમાં વધુ પ્રમાણમાં જોઈ રહ્યા છીએ. ખાસ કરીને યુવા વયના દર્દીઓમાં આવા કેસો વધતા હોવું ચિંતાનો વિષય છે. સકારાત્મક બાબત એ છે કે વધતી આરોગ્ય જાગૃતિને કારણે ઘણા લોકો કોઈ ગંભીર લક્ષણો દેખાય તે પહેલાં જ સ્ક્રીનિંગ અને તબીબી સલાહ માટે હોસ્પિટલનો સંપર્ક કરી રહ્યા છે. સમયસર તપાસ, વ્યક્તિગત જોખમના આધારે યોગ્ય સ્ક્રીનિંગ અને શરીરમાં લાંબા સમય સુધી રહેતા અસામાન્ય લક્ષણોની અવગણના ન કરવી એ વહેલા નિદાન અને સફળ સારવાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે."

કરમસદ આણંદ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ધન કચરાનો યુઝર્સ ચાર્જ બહુમતીથી મંજૂર વિરોધ પક્ષનો વિરોધ



આણંદ,તા.૩૦

કરમસદ આણંદ મહાનગરપાલિકા ની સામાન્ય સભા સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડમાં બપોરે ચાર કલાકે મહા નગરપાલિકાના મેયર દીપિકાબેન પટેલ ડેપ્યુટી મેયર કમલેશભાઈ કમિશનર આર એન ડોડીયા ના અધ્યક્ષ સ્થાને મળી હતી આ સભામાં શહેરીજનો પર ધન કચરાના વ્યવસ્થા પેટે યુજર્સ ચાર્જ લેવાના મુદ્દે વિરોધ પક્ષે વિરોધ દર્શાવ્યો હતો પણ બહુમતી ના જોરે મંજૂર કરી દેવામાં આવ્યો હતો.

ગત ૬ ઓક્ટોબરની સામાન્ય સભાની મિનિટને બહાલી આપવાની સાથે જ યુઝર્સ ચાર્જના પ્રસ્તાવને પણ મંજુર છે મંજૂર છે ના નારા સાથે બહુમતીથી પાસ કરી દેવામાં આવ્યો આ સભા પાંચ જ મિનિટમાં પૂર્ણ થઈ હતી કુલ ૧૯ કેટેગરીમાં માસિક ચાર્જ નક્કી રહેણાંક મકાન દીઠ ૭૦ રૂપિયા હોટલ હોસ્પિટલમાં ૧૦૦૦ રૂપિયા સુધીનું ભારણ વિરોધ પક્ષો સભા બાદ મહા પાલિકાના કેમ્પસમાં એજન્ડાની હોળી કરી હતી અને સૂત્રોચાર પણ કર્યા હતા.

વાઘ બકરી ફાઉન્ડેશનના સહયોગથી શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે HDF ડાયાલિસિસ મશીનનું લોકાર્પણ



કરમસદ,તા.૩૦

ભાઈકાકા યુનિવર્સિટી સાથે સંલગ્ન અને ચારુતર આરોગ્ય મંડળ દ્વારા પ્રાયોજિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે વાઘ બકરી ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી અદ્યતન હાઈ-વોલ્યુમ હીમોડાયાફિલ્ટ્રેશન (HDF) ડાયાલિસિસ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે. હોસ્પિટલના ક્રિટિકલ કેર સેન્ટર ખાતે સ્થાપિત આ મશીનનું લોકાર્પણ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વાઘ બકરી ટી ગ્રૂપના સી.ઈ.ઓ.શ્રી તુષાર ત્રિપાઠીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નેફ્રોલોજિસ્ટ ડૉ. જૈનમ શાહ અને ડૉ. તીર્થેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વાઘ બકરી ટી ગ્રૂપના સી.એસ.આર.હેડ અજય સિસિલિયા, સી. એસ. આર. મેનેજર મિલન પ્રજાપતિ, ચારુતર આરોગ્ય મંડળના ચેરમેન એમેરિટસ શ્રી અતુલ પટેલ તથા શ્રીકૃષ્ણ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. જીતેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર કામધેનુ યુનિવર્સિટી ખાતે "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો



હિંમતનગર,તા.૩૦

સાબરકાંઠા જિલ્લામાં માય ભારત, યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" રાષ્ટ્રવ્યાપી અભિયાન અંતર્ગત " કામધેનુ યુનિવર્સિટી સંચાલિત પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન મહાવિદ્યાલય, તથા પશુપાલન પોલિટેકનિક, રાજપુર (નવા), હિંમતનગરના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ શોભના એમ. બારૈયા તેમજ હિંમતનગર ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં જુદી-જુદી સ્પર્ધા જેવી કે નાટક , કાવ્યપઠન, વક્તૃત્વ/ડિબેટ, સૂત્રલેખન, રીલ નિર્માણ તથા ચિત્રકલા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ નશામુક્તિનો સંદેશ અસરકારક રીતે રજૂ કર્યો હતો. દરેક સ્પર્ધાના વિજેતાઓને ઈનામ તથા પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

યુવા સંવાદ તથા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનમુક્ત જીવનશૈલી અપનાવવા તેમજ નશામુક્ત સમાજના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મહાવિદ્યાલયના NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. એસ, જે, જાદવે આભારવિધિ કરી હતી.આ કાર્યક્રમમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, હિંમતનગરના કોઠારી સંત પૂ. મંગલપુરુષ સ્વામી, પૂ. કૌશલમુનિ સ્વામી, તાલુકા પંચાયત પ્રમુખ નરેશ પરમાર તેમજ માય ભારત, સાબરકાંઠાના જિલ્લા યુવા અધિકારી શ્રી રમેશ આર. કપૂર,આચાર્યશ્રી ડો. જે. બી. નાયક, યુથ આઈકોન વંદિત પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા."

સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળોએ 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરાઈ



હિંમતનગર,તા.૩૦

સાબરકાંઠા જિલ્લામાં 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની વિવિધ સ્થળોએ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૪મા હપ્તાની સહાય દેશભરના પાત્ર ખેડૂત પરિવારોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે સીધી જમા કરાવી હતી."""

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતમિત્રોએ વડાપ્રધાનશ્રીના વર્ચ્યુઅલ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અંગેના પોતાના અનુભવો પણ રજૂ કર્યા હતા."""જિલ્લામાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ગઢડા શામળાજી ગામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, વડિયાવીર ગામ ખાતે ઈડરના ધારાસભ્યશ્રી રમણલાલ વોરા તથા હરસોલ ગામ ખાતે ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. """પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ પહેલ છે."કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતોના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. ડ્બ્ના માધ્યમથી સહાય સીધી ખેડૂતોના ખાતામાં જમા થવાથી ખેડૂતો તેનો ઉપયોગ ખેતીવાડીના ખર્ચ માટે કરી શકે છે. નર્મદાના નીર કચ્છના રણ સુધી પહોંચાડીને સિંચાઈની સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ, કુદરતી આફતના સમયે સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી તળાવો ભરવા સહિતના ખેડૂતલક્ષી નિર્ણયો પણ લેવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતમિત્રો જોડાયા હતા."

"ચિરાગ પોતાના કરેલા કાર્યોને સમજે અને એ જાણે કે તેની પાસે હજી પણ બધું સુધારવાની તક છે," સોની સબના 'પુષ્પા ઈમ્પોસિબલ'ના આગામી ટ્રેક વિશે કરુણા પાંડે કહે છે

સોની સબના 'પુષ્પા ઈમ્પોસિબલ'માં સંબંધોની જટિલતાઓ અને તેને આકાર આપતા નિર્ણયોની કહાની સતત દર્શાવવામાં આવી રહી છે. ટાઈગર (મુકુલ હરીશ) જેમ જેમ પુષ્પા (કરુણા પાંડે) અને શનાયા (મુસ્કાન બામને) ની વધુ નજીક આવતો જાય છે, તેમ ચિરાગ (નિતિન બાબુ) ઈર્ષ્યાની લાગણી સાથે સંઘર્ષ કરતો જોવા મળે છે. ખાસ કરીને ત્યારે, જ્યારે એક નાની બાળકીનું જીવન બચાવવા બદલ ટાઈગરને તેની બહાદુરી માટે પ્રશંસા પણ મળે છે.



ટાઈગરને મળતા વધતા ધ્યાન અને વખાણને સહન કરવામાં અસમર્થ ચિરાગ, રાવણ દહન દરમિયાન ટાઈગરને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી રાવણના પૂતળાની અંદર ફટાકડાં મૂકી દે છે. જોકે, છેલ્લી ઘડીએ તે ફટાકડાં દૂર કરી દે છે. તેમ છતાં, વિસ્ફોટ થાય છે અને શંકા ચિરાગ પર જાય છે, જેના કારણે તેને પોતાના કાર્યોના પરિણામોનો સામનો કરવો પડે છે.

પરિસ્થિતિ વધુ ગંભીર બનતી જાય છે ત્યારે પુષ્પા ચિરાગને સમજાવવાનો પ્રયાસ કરે છે કે તેના નિર્ણયો તેને ખોટા માર્ગ તરફ લઈ જઈ રહ્યા છે. તે તેને પોતાની ઈર્ષ્યાથી આગળ વધીને એ સમજવા માટે પ્રેરિત કરે છે કે તેની નકારાત્મક હરકતો ધીમે ધીમે તેની અંદરની સારાઈ પર હાવી થવા લાગી છે. પુષ્પા માટે આ માત્ર તેની ભૂલો દર્શાવવાની વાત નથી, પરંતુ તેને એ પણ સમજાવવામાં મદદ કરવાની છે કે તેની પાસે હજી પણ પરિસ્થિતિને સુધારવાની અને યોગ્ય નિર્ણય લેવાની તક છે.

શું ચિરાગ પુષ્પાની સલાહ સાંભળશે કે પછી તેની અસુરક્ષાની લાગણીઓ તેને વધુ અંધકારમય માર્ગ તરફ લઈ જતી રહેશે?

આગામી ટ્રેક વિશે વાત કરતાં કરુણા પાંડેએ જણાવ્યું, "મારા માટે, જ્યારે પુષ્પાને લાગે છે કે કોઈ વ્યક્તિ ખોટા માર્ગે જઈ રહી છે, ત્યારે આગળ આવીને તેને માર્ગદર્શન આપવાની જવાબદારી તેની છે. પુષ્પા જાણે છે કે ચિરાગ જે વ્યક્તિ બનવા માટે નિર્ધારિત છે, તે આ નથી, અને તે નથી ઇચ્છતી કે તેની અસુરક્ષા અથવા ઈર્ષ્યાના કારણે તેની અંદરની સારાઈ ખોવાઈ જાય. મારું માનવું છે કે ઘણીવાર લોકો ડર અથવા નિરાશાને કારણે એવા નિર્ણયો લે છે, જેમાં તેઓ સમજી શકતા નથી કે તેઓ પોતાને અને અન્ય લોકોને કેટલું દુઃખ પહોંચાડી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં, તેમની ભૂલો માટે માત્ર તેમનો ન્યાય કરવા કરતાં તેમને વસ્તુઓને એક અલગ દૃષ્ટિકોણથી જોવામાં મદદ કરવી વધુ મહત્વપૂર્ણ છે. પુષ્પા ઈચ્છે છે કે ચિરાગ પોતાના કરેલા કાર્યોને સમજે અને તેને એ સમજાય કે તેની પાસે હજી પણ બધું સુધારવાની તક છે. તેના માટે, કોઈને માર્ગદર્શન આપવું એ સાચી કાળજી અને એ આશામાંથી આવે છે કે બહુ મોડું થઈ જાય તે પહેલાં તેઓ ફરીથી સાચો રસ્તો શોધી શકે."



પોતાની સુંદરતા અને ક્લાસી ફેશન સેન્સ માટે જાણીતી અભિનેત્રી અદિતિએ તાજેતરમાં સિલ્વર અને ગોલ્ડન ડિટેલિંગ વાળા આકર્ષક શિમરી શોર્ટ ડ્રેસમાં પોતાનો નવો ફેશનેબલ લુક શેર કર્યો છે. આ સુંદર સિક્યુઈન આઉટફિટ સાથે અદિતિએ સિલ્વર સ્ટ્રેપી હીલ્સ, ગ્લેમરસ રેડ લિપસ્ટિક અને મેચિંગ ઈયરરિંગ્સ કેરી કરીને પોતાના લુકમાં ચાર્મ ઉમેર્યો છે.

'રાઈઝ એન્ડ ફોલ-૨'માં ગૌતમ ગુલાટી અને મનિષ કશ્યપ વચ્ચે જોરદાર ઝઘડો

આજકાલ, રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ ૨' માં સ્પર્ધકો વચ્ચે જોરદાર ઝઘડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને, બિહારી પ્રભાવકો મનીષ કશ્યપ અને ગૌતમ ગુલાટી વચ્ચે ઉગ્ર ઝઘડો થયો છે. તેઓ વારંવાર લડતા, જાહેરમાં એકબીજાને ગાળો આપતા જોવા મળે છે, અને મનીષે શોમાં ગૌતમને ઘણી વખત ધમકી પણ આપી છે. આ સપ્તાહના પાવરપ્લે દરમિયાન, ગૌતમ અને મનીષ ફરી એકવાર અથડાયા, હોસ્ટ વીરેન્દ્ર સેહવાગ સામે લડ્યા. મનીષ કશ્યપનું વર્તન જોઈને, વીરેન્દ્ર સેહવાગનો ગુસ્સો ભડકી ગયો અને તેણે પ્રભાવશાળી પર પ્રહાર કર્યો.

મનીષ કશ્યપ અને ગૌતમ ગુલાટી વચ્ચેનો ઝઘડો જોયા પછી, વીરેન્દ્ર સેહવાગ ગુસ્સે થયો. તે મનીષ કશ્યપની ધમકીઓથી ખાસ ગુસ્સે થયો, તેણે કહ્યું કે તે નજફગઢનો રહેવાસી છે, એક એવી જગ્યા જ્યાં ૧૦૦ માંથી ૫૦ ગામોમાં ગુંડાઓ રહે છે, અને દરરોજ ગોળીબાર થાય છે. પરંતુ તેણે ક્યારેય કોઈને ધમકાવવા માટે આનો ઉલ્લેખ કર્યો નથી. તેણે ક્યારેય કહ્યું નથી કે તે નજફગઢથી આવ્યો છે. વીરેન્દ્ર સેહવાગે મનીષની ધમકીઓને કારણે આ બધું કર્યું.

વીરેન્દ્ર સેહવાગે મનીષને ઠપકો આપતા કહ્યું, "શું તમે જાણો છો કે હું ક્યાંથી આવું છું? દિલ્હીમાં નજફગઢ નામનું એક નાનું શહેર છે. નજફગઢમાં લગભગ ૧૦૦ ગામો છે, અને આમાંથી ૫૦ ગામોમાં ફક્ત ગુંડાઓ વસે છે. જો તમે જૂના પાનાઓ પર નજર નાખો, તો તમને હેડલાઈન્સ દેખાશે જેમ કે આ ગેંગસ્ટરે તે ગેંગસ્ટરને મારી નાખ્યો. પરંતુ શું તમારામાંથી કોઈએ ક્યારેય મને કહેતા સાંભળ્યું છે કે હું ક્યાંથી આવું છું? શું મેં ક્યારેય કોઈને કહ્યું હતું કે હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં ગોળી ચલાવવામાં આવે છે?"

વીરેન્દ્ર સેહવાગની વાત સાંભળ્યા પછી, મનીષ કશ્યપે સમજાવવાનો પ્રયાસ કર્યો. તે કહે છે, "સાહેબ, મેં પહેલેથી જ કહ્યું હતું કે હું કોઈને ગાળો નહીં આપું, પણ હું તે પણ નહીં સાંભળું." સેહવાગ જવાબ આપે છે, "પહેલી વાર તમે એ જ જગ્યાએ પાછા જાઓ, સાંભળશો નહીં." મનીષ જવાબ આપે છે, "પહેલી વાર ગૌતમે મને ગાળો આપ્યો ત્યારે મેં તેને ના કહ્યું, પરંતુ બીજી વાર તેણે ગાળો આપી, મેં પ્રતિક્રિયા આપી." વીરેન્દ્ર સેહવાગના ખુલાસા પછી પણ, ગૌતમ અને મનીષ અસંમત રહ્યા અને દલીલ કરતા રહ્યા. વીરેન્દ્ર સેહવાગ એટલા ગુસ્સે થઈ ગયા કે તેઓ સ્ટેજ છોડીને ચાલ્યા ગયા. જોકે, બાદમાં તેઓ પાછા ફર્યા અને શો પૂર્ણ કર્યો.

"રાઈઝ એન્ડ ફોલ ૨" માં એક નવા વાઈલ્ડ કાર્ડ સ્પર્ધકની એન્ટ્રી થવાની પણ ચર્ચા છે. તેહસીન પૂનાવાલા પહેલાથી જ શોમાં વાઈલ્ડ કાર્ડ તરીકે એન્ટ્રી કરી ચૂક્યા છે. વીરેન્દ્ર સેહવાગે ૨૮ ઓક્ટોબરના એપિસોડમાં તેહસીનનો પરિચય કરાવ્યો હતો. તેહસીનના ભાઈ અને રાજકીય વિવેચક શહેઝાદ પૂનાવાલા પણ શોમાં સ્પર્ધક તરીકે દેખાઈ રહ્યા છે, પરંતુ તેઓ તેહસીનની એન્ટ્રીથી ખાસ ખુશ દેખાતા નહોતા. તેહસીન પૂનાવાલા તેમની સ્પષ્ટવક્તા રાજકીય ટિપ્પણીઓ માટે જાણીતા છે. તેઓ અગાઉ સલમાન ખાનના રિયાલિટી શો "બિગ બોસ ૧૩" માં વાઈલ્ડ કાર્ડ સ્પર્ધક તરીકે દેખાયા હતા.

ઋતિક રોશને તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાનને શ્રેષ્ઠ માતા ગણાવી, તેના પુત્રોના ઉછેર બદલ તેની પ્રશંસા કરી

ઋતિક રોશન અને સુઝાન ખાન ચૌદ વર્ષના લગ્નજીવન પછી ૨૦૧૪ માં અલગ થઈ ગયા. બંને સારા મિત્રો રહે છે અને ઘણીવાર જાહેર કાર્યક્રમોમાં સાથે જોવા મળે છે. તેઓ ખાસ પ્રસંગોએ સોશિયલ મીડિયા ટિપ્પણીઓ દ્વારા એકબીજાને ટેકો આપવાનું ચાલુ રાખે છે. તાજેતરમાં જ, ઋતિકે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન માટે એક હૃદયસ્પર્શી જન્મદિવસની નોંધ લખી. તેમાં, તેણે વ્યક્ત કર્યું કે સુઝાને જીવનમાં જે કંઈ મેળવ્યું છે તેના પર તે કેટલો ગર્વ અનુભવે છે. ઋતિકની ગર્લફ્રેન્ડ, સબા આઝાદે, લાલ હૃદયવાળા ઈમોજી સાથે પોસ્ટ પર ટિપ્પણી કરી.

"જેલર ૨" ના અભિનેતા ઋતિકે સુઝાન સાથેના પોતાના કેટલાક ફોટા શેર કર્યા છે, જેમાં તેમના પુત્રો, હેહાન અને હૃધાન સાથેનો એક ફોટો પણ શામેલ છે. તેણે કેપ્શનની શરૂઆત આ રીતે કરી, "આ ઇચ્છા થોડી મોડી પડી છે, પરંતુ તે હજુ પણ મારા હૃદયના ઊંડાણમાંથી છે. જન્મદિવસની શુભેચ્છાઓ, સુઝાન!" હું ઈચ્છું છું કે આ વર્ષ તમારા માટે એટલો જ પ્રેમ, હૂંફ, ખુશી અને જાદુઈ ક્ષણો લાવે જે તમે તમારી આસપાસના લોકોને સુંદર અને ઉદારતાથી આપો છો.

આ જ પોસ્ટમાં, ઋતિકે આગળ લખ્યું, "તમે જે જીવન જીવ્યા છો, તમે જે પડકારોનો સામનો કર્યો છે અને આજે તમે જે વ્યક્તિ બન્યા છો તેના પર મને ખૂબ ગર્વ છે. તમારી પાસે ખરેખર માતાનો જુસ્સો છે." સમાપન કરતાં, ઋતિકે સુઝાનને તેના બાળકો માટે "શ્રેષ્ઠ માતા" ગણાવી અને લખ્યું, "તમે રે અને રિડ્ઝની શ્રેષ્ઠ માતા છો, અને હું ખૂબ ભાગ્યશાળી અનુભવું છું કે મને એવી માતા મળી છે જે તમારા જેવી સકારાત્મકતા અને તેમના જીવનમાં પ્રકાશ લાવે છે. તમે ક્યારેય જીવનના તેજસ્વી પાસાને જોવાનું બંધ કરતા નથી! તમે ખરેખર અદ્ભુત છો. જેમ પપ્પા કહે છે, ફક્ત અદ્ભુત લોકો જ અદ્ભુત કાર્યો કરી શકે છે! અને તમે ખરેખર અદ્ભુત કાર્યો કરો છો. તમારી પાસે વધુ શક્તિ રહે!" હું ઈચ્છું છું કે 'ધ ચારકોલ પ્રોજેક્ટ' વિશ્વના દરેક શહેર સુધી પહોંચે જ્યાં તમારું હૃદય પહોંચવાનું સપનું જુએ છે. હું હંમેશા તમારી સાથે છું અને ભવિષ્યમાં તમને પ્રોત્સાહિત કરતો રહીશ.

ચાર વર્ષ ડેટિંગ કર્યા પછી ઋતિક અને સુઝાને ૨૦૦૦ માં લગ્ન કર્યા. તેમને બે પુત્રો છે, હેહાન અને હૃધાન રોશન. છૂટાછેડા પછી સુઝાન અને હૃતિક બંને તેમના જીવનમાં આગળ વધી ગયા છે. સુઝાન હવે અર્સલાન ગોનીને ડેટ કરી રહી છે. ૨૦૨૨ માં, હૃતિકે સોશિયલ મીડિયા પર સબા આઝાદ સાથેનો ફોટો શેર કરીને તેમના સંબંધને સત્તાવાર બનાવ્યો. ત્યારથી, તેઓ તેમના સંબંધો વિશે ખૂબ જ ખુલ્લેઆમ વાત કરે છે અને ઘણીવાર તેમના વેકેશનના ફોટા શેર કરે છે.

હૃતિક રોશન તાજેતરમાં રજનીકાંત અભિનીત "જેલર ૨" માં નાનકડી ભૂમિકામાં જોવા મળ્યો હતો. તે એક્શન થ્રિલર "વોર ૨" માં પણ જોવા મળ્યો હતો.

શું ડૉ. દેવ અને ડૉ. સૃષ્ટિને તેમના છૂટાછેડાની હકીકત સામે આવ્યા પછી સોની સબના 'યાદે'માં ગામ છોડવા માટે મજબૂર થવું પડશે?

એજન્સી દ્વારા

સોની સબના 'યાદે'માં હાસ્ય, લાગણીઓ અને અણધાર્યા વળાંકોનો અનોખો સમન્વય સતત જોવા મળી રહ્યો છે, ત્યારે ડૉ. દેવ (ઇકબાલ ખાન) અને ડૉ. સૃષ્ટિ (ગુલકી જોશી) એક મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાઈ જાય છે. આગામી એપિસોડમાં, મસાન બાબાને ખબર પડે છે કે બંનેના છૂટાછેડા થઈ ચૂક્યા છે અને તે આખા ગામ સામે તેમનું આ રહસ્ય જાહેર કરી દે છે, જેને કારણે સૌ કોઈ ચોંકી જાય છે. આ સત્ય સામે આવ્યા પછી, મસાન બાબા તેમને કલ્લરીમાં સ્વીકારવા તૈયાર નથી અને તેઓએ ગામ છોડીને જવું જોઈએ તેવી માંગ કરે છે.



હવે જ્યારે તેમની સચ્ચાઈ સૌની સામે આવી ચૂકી છે, ત્યારે ડૉ. દેવ અને ડૉ. સૃષ્ટિને એ રહસ્યના પરિણામોનો સામનો કરવો પડી રહ્યો છે, જેને તેઓ અત્યાર સુધી છુપાવી રાખ્યું હતું. બંને ફરીથી એકબીજાની નજીક આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે આ ખુલાસો ફરી એકવાર તેમને એકબીજાથી દૂર કરી દેવાની ધમકી આપી રહ્યો છે. પરિસ્થિતિને વધુ મુશ્કેલ બનાવતી વાત એ છે કે ડૉ. દેવને પોતાનું મેડિકલ લાયસન્સ જાળવી રાખવા માટે હજુ ૫૦ દર્દીઓની સારવાર કરવાની છે, અને કલ્લરી છોડવી પડે તો તેમનું આ મિશન જોખમમાં મુકાઈ શકે છે. મસાન બાબા તેમને ત્યાં રહેવાની મંજૂરી આપવા તૈયાર ન હોવાથી, ડૉ. દેવ અને ડૉ. સૃષ્ટિએ હવે આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો શોધવો પડશે.

શું ડૉ. દેવ અને તેમનો પરિવાર કલ્લરી છોડવા માટે મજબૂર થશે કે પછી તેઓ ત્યાં રહેવાનો કોઈ રસ્તો શોધી કાઢશે?

આગામી કથાવસ્તુ વિશે વાત કરતાં ગુલકી જોશીએ જણાવ્યું, "ડૉ. સૃષ્ટિ ડૉ. દેવના તેમના સંબંધને ફરીથી સુધારવાના પ્રયાસોને જોઈ શકે છે. ભૂતકાળના ઘાવમાંથી હજુ પણ બહાર આવવાનો પ્રયાસ કરી રહેલી સૃષ્ટિ માટે ફરીથી તેમના પર વિશ્વાસ કરવો સરળ નથી. એવા સમયે જ્યારે તેમનું રહસ્ય આખા ગામ સામે ખુલ્લું પડી જાય છે, ત્યારે તેને પોતાની લાગણીઓ તેમજ કલ્લરીમાં તેમના ભવિષ્ય બંનેનો સામનો કરવો પડે છે. હવે જોવાનું એ રહેશે કે શું તે પોતાના ભય પર કાબૂ મેળવી શકશે અને તેમના સંબંધને વધુ એક તક આપી શકશે."

જિયોહોટસ્ટારે લોન્ચ કર્યું 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક'નું ટ્રેલર



સ્કૂલનો બેલ વાગી ચૂક્યો છે, સ્પર્ધા વધુ તીવ્ર બની છે અને કેમ્પસમાં એક કાતિલ મુક્તપણે ફરી રહ્યો છે! જિયોહોટસ્ટારે પોતાની આગામી થ્રિલર સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક'નું ટ્રેલર રિલીઝ કરીને દર્શકોને સેન્ટ ટેરેસાના એ જ પરિચિત કોરિડોરમાં પાછા પહોંચાડી દીધા છે. જોકે આ વખતે મહત્વાકાંક્ષા, સ્પર્ધા અને પ્રથમ આવવાની ઘેલછા એક અત્યંત જોખમી વળાંક લે છે. કેમ્પસમાં થયેલા એક રહસ્યમય મોતની આસપાસ વણાયેલી આ સિરીઝ એવી દુનિયા રજૂ કરે છે જ્યાં દરેક વ્યક્તિ પાસે જીતવાનું એક કારણ છે અને ગુમાવવા માટે ઘણું બધું.""સેન્ટ ટેરેસા સ્કૂલની સૌથી લોકપ્રિય સ્ટુડન્ટ આયેશા મલિક (શનાયા કપૂર) જ્યારે શંકાસ્પદ સંજોગોમાં મૃત મળી આવે છે, ત્યારે તેની ટ્વીન સિસ્ટર અદિતિ (શનાયા કપૂર) આ ઘટનાને અકસ્માત માનવાની ના પાડે છે. સત્ય શોધી કાઢવાના દ્રઢ નિશ્ચય સાથે અદિતિ સ્કૂલમાં પ્રવેશ મેળવે છે અને અત્યંત મુશ્કેલ ગણાતી 'સ્ટુડન્ટ ઓફ ધ યર' કોમ્પિટિશનમાં ભાગ લે છે. ત્યાં પહોંચ્યા પછી તેને અનુભવ થાય છે કે તેની બહેનનું ફ્રેન્ડ સર્કલ જ તેની સૌથી મોટું હરીફ હતું. કાતિલનો સાચો ચહેરો સામે લાવવા માટે અદિતિએ ગમે તેમ કરીને રેસમાં આગળ રહેવું પડશે,એન્ટ્રી લેવી પડશે, ટકી રહેવું પડશે અને જીત મેળવવી પડશે.""આ સિરીઝ આજની યુવા પેઢીની એ માનસિકતાને દર્શાવે છે જ્યાં સફળતા મેળવવી એ એક ઝૂનૂન બની જાય છે અને મહત્વાકાંક્ષા લોકોને તમામ મર્યાદાઓ ઓળંગવા મજબૂર કરે છે. અદિતિ એક એવી દુનિયામાં સફર કરે છે જ્યાં દરેક સફળતાની એક કિંમત ચૂકવવી પડે છે. આ સાથે જ 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક' નંબર વન બનવાના એ જ જૂના સપના પર એક ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે: જીતવા માટે તમે કેટલું જતું કરવા તૈયાર છો?""અત્રે ઉલ્લેખનીય છે કે, જો મૂળ 'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફિલ્મ જીતવાના સપના વિશે હતી, તો 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક' સિરીઝ જીતવાની કિંમત દર્શાવે છે.""પોતાના રોલ વિશે વાત કરતા શનાયા કપૂરે જણાવ્યું કે, "એક્ટર તરીકે આયેશા અને અદિતિ એમ બે સાવ અલગ પાત્રો ભજવવાનો અનુભવ મારા માટે ખૂબ જ પડકારજનક અને શીખવા જેવો રહ્યો છે. દેખાવમાં સરખી હોવા છતાં બંને બહેનોના વ્યક્તિત્વ અને નિર્ણયો એકબીજાથી સાવ જુદા છે. આયેશાનું રહસ્યમય મોત વાર્તાની શરૂઆત કરે છે, જ્યારે અદિતિની સત્યની શોધ એક એવી દુનિયા પરથી પડદો ઉઠાવે છે જ્યાં દેખાવો છેતરી શકે તેવા હોય છે અને નજીકના સંબંધોમાં પણ રહસ્યો છુપાયેલા હોય છે. આ સિરીઝની સૌથી ખાસ વાત એ છે કે તે એક પોપ્યુલર ફ્રેન્ચાઈઝીને સાવ નવા અને ના વિચાર્યા હોય ડાર્ક કન્સેપ્ટમાં રજૂ કરે છે, જ્યાં દાવ પર માત્ર ટાઈટલ જીતવું નથી પણ તેનાથી ઘણું વધારે છે."""સિરીઝના ડિરેક્ટર રીમા માયાએ ઉમેર્યું કે, "'સ્ટુડન્ટ ઓફ ધ યર - આફ્ટર ડાર્ક' ઝૂનૂન, આક્રોશ અને લાગણીઓથી ભરપૂર છે, જે ખાસ કરીને આજના યુવાનોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ ટ્રેલર અમે સર્જેલી નવી દુનિયાની એક નાની ઝલક માત્ર છે. આજના યુવાનો જે સતત સ્પર્ધાત્મક વાતાવરણનો સામનો કરી રહ્યા છે તેને હું પડદા પર લાવવા માંગતી હતી. જ્યારે સફળ થવાની ઘેલછા હદ વટાવી દે છે, ત્યારે તે સંબંધો અને વ્યક્તિ બંનેને બરબાદ કરી નાખે છે. આ એક એવી મર્ડર મિસ્ટ્રી સિરીઝ છે જ્યાં સ્પર્ધા પોતે જ તપાસનો એક મહત્વનો ભાગ બને છે."""ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરાયેલી અને રીમા માયા દ્વારા ડિરેક્ટ કરાયેલી આ સિરીઝમાં દરેક મિત્રતા પાછળ એક ભૂતકાળ છે, દરેક હરીફાઈ પાછળ એક મકસદ છે અને દરેક પુરાવો અદિતિને સત્યની વધુ નજીક લઈ જાય છે."""આ રોમાંચક સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક' આવતી ૧૩ નવેમ્બરથી માત્ર જિયોહોટસ્ટાર **(JioHotstar)** પર સ્ટ્રીમ થશે.

ન્યૂઝીલેન્ડ સામે ભારતની ૮૭ રને હાર, ગ્લેન ફિલિપ્સની શાનદાર સદી, મયંક યાદવની ૩ વિકેટ



ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૯ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જવાબમાં ભારતીય ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને માત્ર ૧૭૨ રન જ બનાવી શકી હતી. પરિણામે ન્યૂઝીલેન્ડે આ મુકાબલામાં ભારત સામે ૮૭ રને શાનદાર વિજય મેળવ્યો હતો. ૪૯ બોલમાં ૧૦૭ રનની તોફાની ઈનિંગ રમનાર ગ્લેન ફિલિપ્સ પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.

ન્યૂઝીલેન્ડ તરફથી ગ્લેન ફિલિપ્સે સૌથી વધુ ૪૯ બોલમાં ૬ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૧૦૭ રન ફટકાર્યા હતા. માઈકલ બ્રેસવેલે ૨૫ બોલમાં ૪ ચોગ્ગા અને ૬ છગ્ગાની મદદથી ૬૫ રનનું યોગદાન આપ્યું હતું. ફિન એલને ૧૭ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ૩૧ રન અને ડેરીલ મિચેલે ૯ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ૨૪ રન બનાવ્યા હતા. આ સિવાય બેવોન જેકોબ્સ ૭ બોલમાં ૭ રન, નાથન સ્મિથ અણનમ ૩ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૬ રન, કેપ્ટન મિચેલ સેન્ટનર ૬ બોલમાં ૫ રન, ટિમ સીફર્ટ ૫ બોલમાં ૩ રન અને એડમ મિલ્ને અણનમ ૧ બોલમાં ૧ રન બનાવ્યા હતા.

ભારતીય બોલિંગની વાત કરીએ તો મયંક યાદવે ૪ ઓવરમાં ૪૮ રન આપીને સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહે ૪ ઓવરમાં ૩૮ રન આપીને ૧ વિકેટ, પ્રિન્સ યાદવે ૪ ઓવરમાં ૪૯ રન આપીને ૧ વિકેટ, અક્ષર પટેલે ૩ ઓવરમાં ૪૩ રન આપીને ૧ વિકેટ અને નીતિશ કુમાર રેડ્ડીએ ૪ ઓવરમાં ૬૪ રન આપીને ૧ વિકેટ મેળવી હતી. નમન ધીરે ૧ ઓવર ફેંકી હતી જેમાં તેણે ૧૬ રન આપ્યા હતા અને કોઈ વિકેટ મળી નહોતી.

૨૬૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી તિલક વર્માએ ૩૫ બોલમાં ૧ ચોગ્ગો અને ૩ છગ્ગા ફટકારી ૩૫ રન બનાવ્યા હતા. નમન ધીરે ૧૩ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ૨૮ રન અને અભિષેક શર્માએ ૧૫ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૨૭ રનનું યોગદાન આપ્યું હતું. કેપ્ટન શ્રેયસ ઐયરે ૧૧ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૨૨ રન અને નીતિશ કુમાર રેડ્ડીએ ૧૦ બોલમાં ૨ છગ્ગા સાથે ૨૧ રન બનાવ્યા હતા. પ્રિન્સ યાદવ અણનમ ૧૭ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૧૮ રન, અક્ષર પટેલ ૯ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૭ રન, સંજુ સેમસન ૨ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૪ રન, મયંક યાદવ અણનમ ૪ બોલમાં ૩ રન બનાવી શક્યા હતા, જ્યારે ઈશાન કિશન ૩ બોલમાં અને અર્શદીપ સિંહ ૧ બોલમાં શૂન્ય રને આઉટ થયા હતા.

રાશિદ ખાન T20I માં ઝડપી ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર



અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાને T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તે આ ફોર્મેટમાં ૨૦૦ વિકેટ પૂરી કરનારો દુનિયાનો પ્રથમ બોલર બની ગયો છે. ગુરુવારે (૨૯ ઓક્ટોબર) શારજાહમાં ઝિમ્બાબ્વે સામે રમાયેલી T20 સિરીઝની બીજી મેચમાં તાદીવાનાશે મારુમાનીને આઉટ કરીને રાશિદે આ ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. રાશિદ ખાને ઓક્ટોબર ૨૦૧૫માં ઝિમ્બાબ્વે સામે જ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૫માં તે આ ફોર્મેટનો સૌથી સફળ બોલર બન્યો હતો. ત્યારે તેણે ન્યૂઝીલેન્ડના ટિમ સાઉથીને પાછળ છોડ્યો હતો. હવે ૨૦૦ વિકેટનો આંકડો પાર કરીને તેણે પોતાની સિદ્ધિમાં વધુ એક ઐતિહાસિક નોંધ ઉમેરી છે. આ યાદીમાં ઈંગ્લેન્ડનો આદિલ રાશિદ ૧૭૧ વિકેટ સાથે બીજા ક્રમે છે.

આ મેચમાં અફઘાનિસ્તાનના અજમતુલ્લાહ ઉમરઝઈ અને ઈજાજ અહમદ અહમદઝઈએ પણ રેકોર્ડ બનાવ્યો હતો. બંનેએ છઠ્ઠી વિકેટ માટે ૧૪૨ રનની ભાગીદારી કરી હતી. T20 ઈન્ટરનેશનલમાં છઠ્ઠી વિકેટ માટે આ અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી છે. તેમણે આન્દ્રે રસેલ અને શેરફેન રધરફોર્ડની ૧૩૯ રનની ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો હતો. આ અફઘાનિસ્તાન તરફથી T20 ઈન્ટરનેશનલમાં કોઈપણ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી પણ છે. અગાઉ આ રેકોર્ડ મોહમ્મદ નબી અને ઈબ્રાહિમ ઝદરાનના નામે હતો. બંનેએ ૮૯ રન જોડ્યા હતા.

મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૨૧ રન બનાવ્યા હતા. ઉમરઝઈએ ૫૦ બોલમાં ૧૧૬ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જ્યારે ઈજાજ અહમદ અહમદઝઈએ ૨૭ બોલમાં ૫૨ રન બનાવ્યા હતા.

ઓકલેન્ડમાં ગંભીર-ઐયરના પ્લાનની પોલ ખૂલી વૈભવ સૂર્યવંશીને બહાર રાખવાનો દાવ ઊંધો પડ્યો



ન્યુઝીલેન્ડ સામેની ચોથી T20 મેચમાં ટીમ ઈન્ડિયાનો ૮૭ રનથી મોટો પરાજય થયો છે. કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ અયરની આક્રમક ક્રિકેટની રણનીતિ પર હવે મોટા સવાલો ઉઠી રહ્યા છે, કારણ કે ગત મેચમાં શાનદાર પ્રદર્શન કરનાર યુવા ખેલાડીને પ્લેઈંગ-૧૧માંથી બહાર રાખવાનો નિર્ણય ટીમ માટે ભારે પડ્યો. ભારતે અગાઉની મેચમાં જ શાનદાર પ્રદર્શન કરી સિરીઝમાં ૩-૦ની અજેય સરસાઈ મેળવી લીધી હતી. ચોથી મેચમાં ૪-૦થી ક્લીન સ્વીપ કરવાનું લક્ષ્ય હતું, જેના માટે ટીમ મેનેજમેન્ટે પ્લેઈંગ-૧૧માં ફેરફાર કર્યો. ગત મુકાબલામાં અભિષેક શર્મા સાથે મળીને પાવરપ્લેમાં ૧૧૮ રનનો વિશાળ સ્કોર બનાવનાર વૈભવ સૂર્યવંશીને આ મેચમાંથી બહાર રાખવામાં આવ્યો અને તેના સ્થાને ઈશાન કિશનને તક આપવામાં આવી.

સવાલ એ ઊભો થાય છે કે જ્યારે કોઈ ખેલાડીએ રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું હોય, ત્યારે તેને આગલી જ મેચમાં ટીમમાંથી કેમ પડતો મૂકવામાં આવ્યો?

ટોસ દરમિયાન કેપ્ટન શ્રેયસ અયરે નિવેદન આપ્યું હતું કે, ટીમ 'નિર્દયી' બનીને રમવા માંગે છે અને સામેવાળી ટીમને કોઈ તક આપવા માગતી નથી. પરંતુ, મેદાન પર આ વાત જોવા ન મળી. જો લક્ષ્ય વિપક્ષી ટીમને સંપૂર્ણપણે દબાવવાનું હતું, તો ગત મેચમાં શાનદાર ભાગીદારી નોંધાવનાર ઓપનિંગ જોડીને શા માટે તોડવામાં આવી? કેપ્ટન અને કોચના આ સંયુક્ત નિર્ણયો પર હવે ગંભીર સવાલો થઈ રહ્યા છે.

ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા. ગ્લેન ફિલિપ્સના ૧૦૭ રન અને માઈકલ બ્રેસવેલના ૬૫ રનની મદદથી કિવિ ટીમે ભારત સામે ૨૬૦ રનનો વિશાળ લક્ષ્ય રાખ્યો હતો. આટલા મોટા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત અત્યંત ખરાબ રહી. સંજુ સેમસન ૪ રન બનાવીને અને ઈશાન કિશન ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયા. પાંચમી ઓવરમાં અભિષેક શર્મા (૨૭ રન) પણ પેવેલિયન ભેગા થઈ ગયા. માત્ર પાંચ ઓવરમાં જ ૩ મોટી વિકેટો ગુમાવી દેવાને કારણે ટીમ ક્યારેય મેચમાં વાપસી કરી શકી નહીં અને સમગ્ર ટીમ લક્ષ્યથી ઘણે દૂર રહી ગઈ.

આ હાર માત્ર ખરાબ બોલિંગ કે બેટિંગને કારણે નહોતી, પરંતુ મેનેજમેન્ટની ખોટી રણનીતિ પણ જવાબદાર હતી. વિસ્ફોટક બેટિંગના દાવા કરતી ટીમ જો પાવરપ્લેમાં જ પોતાની સફળ ઓપનિંગ જોડી તોડી નાખશે, તો પરિણામ આવું જ આવશે.

મેફેર હાઉસિંગ & ૮૪ ઈન્વેસ્ટમેન્ટ્સે મેફેર પોલોની ભાવનાથી પ્રેરિતમેફેર પોલો એસ્ટેટલોન્ચ કર્યું

મેફેર પોલો, એક ચેમ્પિયનશિપ-વિનિંગ પોલો ટીમ છે અને ભારતમાં આ રમતની વધતી લોકપ્રિયતા પાછળની મુખ્ય પ્રેરક શક્તિ રહી છે, તેણે હવે મેફેર પોલો એસ્ટેટદ્વારા પોલોના ઉત્સાહ અને લાઈફસ્ટાઈલને રેસિડેન્શિયલ લિવિંગમાં સાકાર કરી રહી છે.માત્ર ૩૫૦ લક્ઝરી વિલા સુધી મર્યાદિત, મેફેર પોલો એસ્ટેટગુજરાતમાં પોતાના પ્રકારની અનોખી અને પહેલી પોલો સ્પોર્ટ્સ અને કન્ટ્રી એસ્ટેટ લાઈફસ્ટાઈલ લઈને આવ્યું છે.આ પ્રોજેક્ટ મેફેર હાઉસિંગ ૮૪ ઈન્વેસ્ટમેન્ટ્સદ્વારા સંયુક્ત રીતે ડેવલોપ કરવામાં આવી રહ્યો છે, જે પોલોની દુનિયાને લક્ઝરી એસ્ટેટ લિવિંગ સાથે અભૂતપૂર્વ સ્તરે જોડે છે.

વિલાના પ્લોટનો આકાર આશરે ૧,૬૦૦થી ૬,૫૦૦ ચોરસ વાર સુધીનો છે. મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ અને વિશાળ ક્ષેત્રફળ ધરાવતા આ પ્લોટ તેના માલિકને જગ્યાની એક વિશેષ લક્ઝરી પૂરી પાડે છે. અહીં પરિવારો ખુલ્લી હરિયાળી,ઘનઘોર પરિદ્રશ્યો અને સુંદર અવિરત નજારાઓની વચ્ચે પોતાનું એક પ્રાઈવેટ કન્ટ્રી એસ્ટેટ હોમ બનાવી શકે છે.

આ એસ્ટેટના મુખ્ય ભાગમાં ૪૦ એકરમાં ફેલાયેલો ઘોડેસવારી વિસ્તાર આવેલો છે, જેના કેન્દ્રમાં ફૂલ-સાઈઝ પોલોમેદાન છે અને ત્યાં ઘોડાઓ તથા તેમના માટેના તબેલાની સુવિધા પણ ઉપલબ્ધ છે.

પ્રોજેક્ટના લોકેશન વિશે બોલતા, મેફેર ૮૪ રિયલ્ટીના કો-ચેરમેન નયન એ. શાહે જણાવ્યું, "આજે અમદાવાદ એક નોંધપાત્ર પરિવર્તનના ઉંબરે ઊભું છે. ગિફ્ટ સિટી,મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન, વિસ્તરતુંરોડ નેટવર્ક અને સતત ઈકોનોમિક ગ્રોથ જેવામહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરપ્રોજેક્ટ્સના કારણે, આ શહેર ઈન્વેસ્ટમેન્ટ અને લાઈફસ્ટાઈલ—બંને રીતે ભારતનાં સૌથી આકર્ષક સ્થળોમાંના એક તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે.અમને આ વિકસતા બજારમાં ક્લ્ઝરી લિવિંગનું એક નવું પાસું રજૂ કરવાની એક એવી તક દેખાઈ, જેમાં વિશાળ જગ્યા, એકાંતપણા અને પ્રકૃતિ સાથેના વધુ ગાઢ જોડાણને મહત્વ આપવામાં આવે છે. ૨૫૦થી વધુ એકરમાં ફેલાયેલ, મેફેર પોલો એસ્ટેટ ગુજરાતમાં એક દુર્લભ કન્ટ્રી એસ્ટેટ લાઈફસ્ટાઈલ રજૂ કરે છે, જે વિશાળ વિલા, ઘોડેસવાર-પ્રેરિત જીવન અને વિચારપૂર્વક તૈયાર કરેલા અનુભવોને એકસાથે લાવે છે, જે તમામ સાથે મળીને આવનારી પેઢીઓ માટે એક વિશેષ યાદગાર સ્થળ બનાવે છે."

ડેવલપમેન્ટ માટેની ભાગીદારી અને વિઝન વિશે બોલતા, મેફેર ૮૪ રિયલ્ટીના કો-ચેરમેન પંકજ કેસવાણીએ જણાવ્યું,"આ પ્રોજેક્ટમાં ભાગીદાર બનવાનો અમારો નિર્ણય અમદાવાદમાં રહેલી વિકાસની અપાર સંભાવના, મેફેર પોલો એસ્ટેટના વિઝનની વિશિષ્ટતાઅને ભારતના અત્યંત પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ્સ પૈકીના એકઆર્કિટેક્ટ હિરેન પટેલ સાથે કામ કરવાની તક એમ ત્રણ પરિબળો પર આધારિત હતો.

મેફેર પોલો એસ્ટેટની કલ્પના એક લક્ઝરી વિલા ડેવલપમેન્ટથી ઘણી વધુ છે, તે એક કાળજીપૂર્વક તૈયાર કરાયેલ એસ્ટેટ છે જ્યાં આર્કિટેક્ચર, લેન્ડસ્કેપ, ઘોડેસવારીપરંપરા અને કોમ્યુનિટી એક સાથે સહજ રીતે ભેગા થાય છે.અમે સાથે મળીને એક એવું વિશિષ્ટ સરનામું તૈયાર કરી રહ્યા છીએ, જે ગુજરાતમાં ભવ્ય જીવનની નવી વ્યાખ્યા સ્થાપિત કરશે તેમ અમને વિશ્વાસ છે."

૩૦ ઓક્ટોબરથી હોંગકોંગ સિક્સેસ ટુર્નામેન્ટ : ભારત-પાકિસ્તાન વચ્ચે જામશે મહામુકાબલો



હોંગકોંગ સિક્સેસ ૨૦૨૬ ક્રિકેટ ટૂર્નામેન્ટનો રોમાંચક પ્રારંભ શુક્રવાર, ૩૦ ઓક્ટોબરથી મોંગ કોકના મિશન રોડ ગ્રાઉન્ડ પર થઈ રહ્યો છે, જ્યાં ક્રિકેટ રસિકોને પહેલા જ તબક્કામાં ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ ટક્કર જોવા મળશે. ત્રણ દિવસ ચાલનારી આ ઝડપી અને મનોરંજક સ્પર્ધામાં ૬-૬ ખેલાડીઓની ૧૨ ટીમો ટ્રોફી માટે મેદાનમાં ઉતરશે અને રવિવાર, ૧ નવેમ્બરે ફાઈનલ મેચ રમાશે. ભારતીય ટીમની કમાની કૃણાલ પંડ્યાને સોંપવામાં આવી છે. ટૂર્નામેન્ટના તમામ સમય ભારતીય સ્ટાન્ડર્ડ ટાઈમ (IST) મુજબ રહેશે.

ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ આ સમગ્ર ટૂર્નામેન્ટનું સૌથી મોટું આકર્ષણ બની રહેશે. બંને કટ્ટર હરીફ ટીમો શુક્રવારે સવારે ૧૧:૪૫ વાગ્યે આમને-સામને ટકરાશે. ભારત-પાકિસ્તાન બંને ટીમોને એક જ ગ્રુપ ઝમાં રાખવામાં આવી છે. આ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનનો દબદબો રહ્યો છે અને તે ડિફેન્ડિંગ ચેમ્પિયન હોવા ઉપરાંત ૧૯૯૭, ૨૦૦૧, ૨૦૦૨, ૨૦૧૧ અને ૨૦૨૫ સહિત કુલ ૬ વખત ખિતાબ જીતી ચૂક્યું છે. ખાસ વાત એ છે કે, જ્યારે આ ટૂર્નામેન્ટ સૌપ્રથમ વખત યોજાઈ હતી ત્યારે પણ પાકિસ્તાને ભારતને હરાવીને જ ટ્રોફી જીતી હતી. પાકિસ્તાન રેકોર્ડ ૧૨ વખત આ સ્પર્ધાની ફાઈનલમાં પહોંચી ચૂક્યું છે, તેથી ભારતીય ટીમ સામે જૂનો બદલો લેવા સાથે વિજયી શરૂઆત કરવાનો મોટો પડકાર રહેશે.

ઈન-સ્પેસની મોડેલ રોકેટરી/ CAN-7USAT ઈન્ડિયા સ્ટુડન્ટ સ્પર્ધા ૨૦૨૬ માટે ૭૭ વિદ્યાર્થી ટીમોની પસંદગી

ઈન-સ્પેસની બીજી મોડેલ રોકેટરી સ્પર્ધા અને ત્રીજી CAN-7USAT ઈન્ડિયા સ્ટુડન્ટ સ્પર્ધા ૨૦૨૬ માટે રજિસ્ટ્રેશન કરાવનારી ૧૧૫ ટીમોમાંથી ૭૭ વિદ્યાર્થી ટીમોની પસંદગી કરવામાં આવી છે. આ સ્પર્ધાઓની ભવ્ય ફાઈનલ, જેને સ્થાનિક સ્તરે રાષ્ટ્રીય નારાયણી રોકેટ કપ તરીકે ઓળખવામાં આવે છે, તે ૩૧ ઓક્ટોબરથી ૩ નવેમ્બર દરમિયાન કુશીનગરના પીપ્રાઘાટ ખાતે આવેલા નારાયણી મોડેલ રોકેટરી લૉન્ચ પેડ પર યોજાશે.

ઈન-સ્પેસ દ્વારા ઈસરો અને શ્રીનારાયણી સાયન્સ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (એસએસડીએફ)ના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા દ્વારા સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને નિર્ધારિત મિશનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મોડેલ રોકેટ અને નાના સેટેલાઈટ્સની ડિઝાઈન તૈયાર કરવા, તેને ડેવલપ કરવા અને લોન્ચ કરવાનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાની તક મળે છે.

સ્પેસ ટેક્નોલોજીને વધુ વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આ સ્થળની પસંદગી કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના દેવરિયાના સાંસદ શશાંક મણિ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ''મારા લોકસભા મતવિસ્તારમાં ઈન-સ્પેસની ત્રીજી વિદ્યાર્થી રોકેટરી સ્પર્ધાનું આયોજન થઈ રહ્યું છે, તેનાથી અમને આનંદ છે. તમકુહી રાજ વિધાનસભા મતવિસ્તારના દૂરના વિસ્તારમાં આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ યોજાવાથી મારા મતવિસ્તાર અને સમગ્ર દેશના યુવાનોમાં નવી કલ્પનાઓને પ્રોત્સાહન મળશે. સાથે જ, આ વિસ્તારના વિકાસ માટે સ્પેસ ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય, તે જાણવાની અને સમજવાની નવી તકો પણ ઊભી થશે.''

આ સ્પર્ધા પાછળનો હેતુ સમજાવતાં ઈન-સ્પેસના ચેરમેન ડૉ. પવન ગોએન્કાએ જણાવ્યું હતું કે, ''સ્પેસ ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે એવા કુશળ કર્મચારીઓની જરૂર છે, જેઓ સ્પેસ સંબંધિત સિસ્ટમોની ડિઝાઈન તૈયાર કરી શકે, તેનું નિર્માણ કરી શકે અને તેનું સંચાલન કરી શકે. આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને તેમના એન્જિનિયરિંગના જ્ઞાનનો ઉપયોગ વાસ્તવિક પડકારોનો સામનો કરવા માટે કરવાની તક આપે છે. તેનાથી તેઓ મિશનની ડિઝાઈન તૈયાર કરવાની અને તેને અમલમાં મૂકવાની જટિલતાઓને સમજી શકે છે તથા અવકાશ ક્ષેત્રમાં ઉપયોગી બને તેવી કુશળતાઓ વિકસાવી શકે છે. આવી પહેલ દ્વારા ઈન-સ્પેસ યુવા પ્રતિભાઓને અવકાશ ટેક્નોલોજીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવા અને ભારતના સતત વિકસતા અવકાશ ક્ષેત્રમાં યોગદાન આપવા માટેની તકો ઊભી કરવા માગે છે.''

મોડેલ રોકેટરી સ્પર્ધામાં ભાગ લેનારી ટીમોએ એક કિલોગ્રામ વજનનો પેલોડ સાથેના રોકેટને એક કિલોમીટરની ઊંચાઈ સુધી લોન્ચ કરવાનું રહેશે. આ દરમિયાન રોકેટની ઉડાનની સ્થિરતા, પેલોડને સુરક્ષિત રીતે અલગ કરવાની પ્રક્રિયા અને તેને સુરક્ષિત રીતે પાછો મેળવવાની ક્ષમતાનું પ્રદર્શન કરવાનું રહેશે. ઝછદ્ન-ઙેંજીછ્ સ્પર્ધામાં ટીમોએ એક કિલોગ્રામથી ઓછું વજન ધરાવતો ડબ્બાના કદનો સેટેલાઈટ વિકસાવવાનો રહેશે. આ સેટેલાઈટમાં પાવર, ઈન્સ્ટ્રૂમેન્ટેશન, ટેલિમેટ્રી તથા કંટ્રોલ્ડ ડિસેન્ટ માટેની કાર્યરત સિસ્ટમો હોવી જરૂરી છે.

CRC અમદાવાદ ખાતે 'રિફોર્મ ઉત્સવ' અંતર્ગત દિવ્યાંગજન સશક્તિકરણ ક્ષેત્રે ૧૨ વર્ષનાં નીતિવિષયક સુધારા અને વિવિધ સરકારી યોજનાઓ અંગે એક દિવસીય મીડિયા મીટનું આયોજન

પી.આઈ.બી. અમદાવાદ

દિવ્યાંગજનોના સશક્તિકરણ, તેમના અધિકારોનું રક્ષણ, આત્મનિર્ભરતાને પ્રોત્સાહન તથા સમાજમાં સમાવેશી અભિગમ વિકસાવવાના હેતુથી કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC), અમદાવાદ ખાતે તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ 'રિફોર્મ ઉત્સવ' અંતર્ગત દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ નીતિઓ, સુધારાઓ, સરકારી યોજનાઓ અને પુનર્વસન સેવાઓ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે એક દિવસીય મીડિયા મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારનાં છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન દિવ્યાંગજન સશક્તિકરણ ક્ષેત્રે લેવામાં આવેલા નીતિવિષયક નિર્ણયો, કરવામાં આવેલા સુધારાઓ અને શરૂ કરવામાં આવેલી વિવિધ પહેલોની માહિતી તમામ હિતધારકો, લાભાર્થીઓ, દિવ્યાંગજનોનાં સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ તથા ક્ષેત્રસ્તરે કાર્યરત કર્મચારીઓ અને અધિકારીઓ સુધી પહોંચાડવાનો હતો.

આ કાર્યક્રમના માધ્યમથી એ સંદેશ આપવામાં આવ્યો કે દિવ્યાંગજન સશક્તિકરણ માત્ર સરકારી યોજનાઓના અમલીકરણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ દિવ્યાંગજનોને અધિકાર આધારિત વ્યવસ્થા, સમાન તકો, ગુણવત્તાયુક્ત શિક્ષણ, કૌશલ્ય વિકાસ, રોજગાર, સુલભ વાતાવરણ અને ગુણવત્તાયુક્ત પુનર્વસન સેવાઓ ઉપલબ્ધ કરાવવી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

મુખ્ય અતિથિ ની ઉપસ્થિતિ

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમદાવાદના બાપુનગર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી દિનેશભાઈ આર. કુશવાહા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગજન સશક્તિકરણ ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ અને તેના અસરકારક અમલીકરણમાં સરકારી સંસ્થાઓ, પુનર્વસન કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, દિવ્યાંગજનોનાં સંગઠનો, મીડિયા તથા સમાજની ભૂમિકા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન દિવ્યાંગજન સશક્તિકરણ ક્ષેત્રે થયેલા મહત્ત્વપૂર્ણ સુધારા અને પહેલો

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગજનોના અધિકારો, સન્માન, સામાજિક ભાગીદારી અને



આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નીતિવિષયક અને સંસ્થાકીય પહેલોને આગળ વધારવામાં આવી છે. આ પહેલો દ્વારા દિવ્યાંગજનોને શિક્ષણ, પુનર્વસન, સહાયક સાધનો, ઓળખ સંબંધિત સુવિધાઓ તથા સામાજિક અને આર્થિક સશક્તિકરણની તકો ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

૧. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (Rights of Persons with Disabilities Act, 2016) – દિવ્યાંગજનોના અધિકારોનું રક્ષણ અને સમાન તકો સુનિશ્ચિત કરવાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ કાનૂની સુધારો છે. આ અધિનિયમ હેઠળ માન્ય દિવ્યાંગતાની શ્રેણીઓની સંખ્યા ૭થી વધારીને ૨૧ કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણ, રોજગાર, સમાનતા, ભેદભાવમુક્ત વ્યવહાર અને સામાજિક ભાગીદારી સંબંધિત અધિકારોને વધુ વ્યાપક કાનૂની આધાર આપવામાં આવ્યો છે.

૨. સુગમ્ય ભારત અભિયાન (Accessible India Campaign) – દિવ્યાંગજનો માટે જાહેર ઈમારતો, પરિવહન વ્યવસ્થા તથા માહિતી અને સંચાર સેવાઓને વધુ સુલભ બનાવવાના હેતુથી સુગમ્ય ભારત અભિયાન એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય દિવ્યાંગજનો માટે અવરોધમુક્ત વાતાવરણનું નિર્માણ કરવું તથા તેમને જાહેર સુવિધાઓ અને સેવાઓ સુધી સરળતાથી પહોંચ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

૩. વિશિષ્ટ દિવ્યાંગતા ઓળખપત્ર (UDID Card) – UDID પ્રોજેક્ટ દ્વારા દિવ્યાંગતા પ્રમાણપત્ર અને ઓળખની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત તથા ડિજિટલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા દિવ્યાંગજનોની ઓળખ, પ્રમાણપત્ર સંબંધિત માહિતી તથા વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ સુધી તેમની પહોંચને સરળ બનાવવામાં મદદરૂપ બને છે.

૪. ADIP યોજના હેઠળ સહાયક સાધનોનું વિતરણ – દિવ્યાંગજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે ADIP યોજનાના મહત્ત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ પાત્ર લાભાર્થીઓને તેમની જરૂરિયાત અનુસાર વ્હીલચેર, શ્રવણયંત્ર, કૃત્રિમ અંગો તથા અન્ય સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે સહાય આપવામાં આવે છે. આ સાધનો દિવ્યાંગજનોની દૈનિક પ્રવૃત્તિઓ, હલનચલન, સંચાર અને સામાજિક ભાગીદારીમાં સુધારો લાવવામાં મદદરૂપ બને છે.

૫. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજનાઓ – દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણની સમાન તકો પૂરી પાડવા તથા તેમના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહિત કરવા માટે અમલમાં રહેલી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ યોજનાઓનો ઉદ્દેશ્ય પાત્ર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવાનો તથા તેમને શિક્ષણ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

૬. કૌશલ્ય વિકાસ, રોજગાર અને આત્મનિર્ભરતા – દિવ્યાંગજનોને કૌશલ્ય તાલીમ, રોજગાર તથા સ્વરોજગારની તકો સાથે જોડવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. આ પ્રયાસો દ્વારા દિવ્યાંગજનોને તેમની ક્ષમતા અનુસાર કાર્ય કરવા, આજીવિકા મેળવવા તથા સમાજની મુખ્યધારામાં સક્રિય ભાગીદારી નિભાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

૭. પુનર્વસન સેવાઓ અને સંસ્થાકીય સહાયનો વિસ્તાર – દિવ્યાંગજનોને સમયસર મૂલ્યાંકન, પરામર્શ, થેરાપી, વિશેષ શિક્ષણ, સહાયક સાધનો અને પુનર્વસન સેવાઓ ઉપલબ્ધ કરાવવી એ સશક્તિકરણની પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. CRC જેવી સંસ્થાઓ દિવ્યાંગજનો અને તેમના પરિવારોને જરૂરી સેવાઓ, માર્ગદર્શન તથા પુનર્વસન સંબંધિત સહાય પૂરી પાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમ દરમિયાન ડૉ. અજીત કુમાર, નિયામક, કમ્પોઝિટ રિજનલ સેન્ટર (CRC), અમદાવાદ દ્વારા ઉપસ્થિત મીડિયા પ્રતિનિધિઓને કેન્દ્ર દ્વારા દિવ્યાંગજનોના સશક્તિકરણ, પુનર્વસન અને સામાજિક સમાવેશ માટે કરવામાં આવતી વિવિધ કામગીરી તથા પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

તેમણે ખાસ કરીને દિવ્યાંગજનો માટે આયોજિત કરવામાં આવતા સાધન સહાય શિબિરો (Assistive Devices Distribution Camps), આકલન શિબિરો (Assessment Camps), પુનર્વસન સેવાઓ તથા દિવ્યાંગજનો અને તેમના પરિવારોને આપવામાં આવતા માર્ગદર્શન અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે CRC અમદાવાદ દિવ્યાંગજનોની જરૂરિયાતો અનુસાર સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા તેમને ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ સાથે જોડવાની દિશામાં સતત કાર્ય કરી રહ્યું છે.

આ પ્રસંગે ડૉ. અજીત કુમાર દ્વારા દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકારની છદ્ભૈં યોજના, UDID પ્રોજેક્ટ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર, અમદાવાદ તરફથી Adip સ્કીમ અંતર્ગત ગત દોઢ વર્ષમાં ૧ કરોડ ૮૬ લાખ ૯૬ હજાર ૫૫૦ રૂપિયા નો સાધન સહાય વિતરણ કરવામાં આવ્યું છે, રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત છેલ્લાં ૬૦ વર્ષ કે તેથી વધારે ઉંમરના કુલ ૧૧૨૪૯ લાભાર્થી વૃધ્ધજનોને દોઢ વર્ષમાં ૯ કરોડ ૪૭ લાખ ૨૫ હજાર ૬૫૮ રૂપિયા નો સાધન સહાય વિતરણ કરવામાં આવ્યું.

તેમણે મીડિયા માધ્યમ દ્વારા આ યોજનાઓ તથા ઝઈઝની સેવાઓની માહિતી વધુમાં વધુ દિવ્યાંગજનો, તેમના વાલીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, દિવ્યાંગજનોનાં સંગઠનો અને અન્ય હિતધારકો સુધી પહોંચાડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જનજાગૃતિ, સંસ્થાકીય સહયોગ અને સરકારી યોજનાઓની અસરકારક માહિતી દ્વારા પાત્ર દિવ્યાંગજનો સુધી ઉપલબ્ધ સુવિધાઓની પહોંચ વધારી શકાય છે અને તેમના સામાજિક સમાવેશ તથા આત્મનિર્ભરતાને પ્રોત્સાહિત કરી શકાય છે.

ખેડૂતોને ખાતરની અછત નહીં થવા દેવાનું આશ્વાસન

નરેન્દ્ર મોદીએ લોકોને પાણી અને વીજળી બચાવવા કરી અપીલ

બનાસકાંઠા, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા હતા આજે તેઓ બનાસકાંઠાના ભીલડા પહોંચ્યા છે. ભીલડીમાં ભવ્ય રોડ શો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશુપાલક બહેનો સાથે સીધો સંવાદ કર્યો હતો. જે બાદ વડાપ્રધાને જંગી જનસભાને સંબોધિત કરી હતી. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાટલા મંચ પરથી ખાટલા બેઠકને સંબોધિત કરી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક મુદ્દાઓ પર વાત કરી જેમા ખાસ તો તેમણે આજની પરિસ્થિતિને જોતા વીજળી અને પાણી બચાવવા પર ભાર મુક્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાના ભીલડીમાં આયોજિત ખાટલા સભા દરમિયાન મંચ પરથી લોકોને પાણી અને વીજળી બચાવવા અપીલ કરી. વડાપ્રધાને કહ્યુ અહીં જે મોટી ઉંમરના લોકો છે તેમને મારી ૨૫ વર્ષ પહેલાની વાચ આજે પણ યાદ હશે. જ્યારે હું અહીં આવતો ત્યારે વીજળી અને પાણીની કેટલી સમસ્યા હતી. હું ત્યારે પણ કહેતો હતો કે આપણે વીજળી પાણી બચાવવા પડશે. ત્યારે ખેડૂતો મારી વિરુદ્ધ આંદોલન કરતા હતા કે મોદી કોણ હોય છે આપણને વીજળી પાણી બચાવવાનું કહેવાવાળો.. હું તમારી સાથે લડતો રહ્યો. અંતે આપે મારી વાત માની અને આજે જુઓ.. આજે આપણે ક્યાંથી ક્યાં પહોંચી ગયા. આજે એ જૂની સમસ્યાઓ માત્ર યાદોમાં રહી ગઈ છે. હું આજે ફરી એ જ વાત કહીશ કે પાણી બચાવવાનું છે, સાથોસાથ વીજળી પણ બચાવવાની છે.

નર્મદાના નીર અને ટપક સિંચાઈ જેવી આધુનિક પદ્ધતિને કારણે બનાસકાંઠાની તસવીર અને તકદીર બદલી નાખી છે. આજે બનાસકાંઠાના બટાટા વિશ્વપ્રસિદ્ધ છે. હવે કોઈ બનાસકાંઠાના લોકોને નહીં કહે કે હું બટાટામાંથી સોનું બનાવી દઈશે, એ કહેશે આ તો અમે પહેલેથી કરીએ છીએ. અહીં બનાસ ડેરી જેવી સહકારિતાની બ્રાંડ કાશી સહિત દેશના અન્ય હિસ્સામાં પણ સહકારિતાના આંદોલનને વિસ્તાર આપી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે હું બનાસ ડેરીનો વિશેષ રીતે આભારી છુ, કારણ કે મારી કાશીમાં પણ આપના પાસેથી મેળવેલા અનુભવોનો લાભ મળી રહ્યો છે. હવે તો ફ્રેન્ચ ફ્રાઈઝ બનાવનારા આલુ પ્લાન્ટની ક્ષમતા પણ વધારવામાં આવી છે. તેનાથી બટાટાની વધુ ખરીદી શક્ય બનશે. ફળ અને શાકભાજીની ખેતી કરવારા ખેડૂતો માટે ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ ચાલી રહ્યા છે. જે અંતર્ગત આજે ૧૨ ક્લસ્ટર સ્વીકૃત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે આજે દેશનો દરેક ખેડૂત, દરેક યુવાન અને દરેક બહેન-દીકરી વિકસિત ભારત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યાં છે. પરંતુ દુર્ભાગ્યે કેટલાક લોકોને આ ગમતું નથી. એવા લોકો છે, જેઓ દેશને મુશ્કેલીમાં જોવા માગે છે. દેશ પર મુશ્કેલી આવે ત્યારે તેમને આનંદ થાય છે. તેનું તાજું ઉદાહરણ ઈરાન અને ખાડી દેશોની આસપાસ ચાલી રહેલું યુદ્ધ છે. જ્યારે ભારત એકજૂથ થઈને આ પરિસ્થિતિનો સામનો કરવામાં લાગેલું છે, ત્યારે આ લોકો અફવાઓ ફેલાવવામાં વ્યસ્ત છે. ખેડૂતોને ખાતર નહીં મળે તેવી અફવાઓ ફેલાવવામાં આવી. ખાતરની અછત થશે તેવો ડર બતાવીને કતારો લગાવવામાં આવી અને કૃત્રિમ રીતે વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

બહેનોને પણ ડરાવવામાં આવી કે હવે ગેસ નહીં મળે, તો રસોઈ કેવી રીતે બનાવશો અને બાળકો શાળાએ કેવી રીતે જશે? આ લોકોનો ઈરાદો દેશમાં અફરાતફરી ફેલાવવાનો હતો, જેથી મોદીને બદનામ કરી શકાય.

હું દેશના ખેડૂત ભાઈઓ અને બહેનોને યાદ અપાવવા માગું છું કે મેં કહ્યું હતું કે મોદી તમારી સાથે મજબૂતીથી ઊભો રહેશે. તમે જુઓ કે યુદ્ધ આજે પણ ચાલી રહ્યું છે, પરંતુ મોદીએ ખેડૂતો માટે ખાતરની અછત થવા દીધી નથી. આ યુદ્ધના કારણે દુનિયામાં ફર્ટિલાઇઝરની કિંમતો ઘણી વધી ગઈ છે. ખાતર બનાવવા માટે જરૂરી કેમિકલની કિંમતો પણ વધી છે. તેમ છતાં તેનો બોજ સરકારે ખેડૂતો પર પડવા દીધો નથી.

આજે દુનિયામાં યુરિયાની એક થેલીની કિંમત ત્રણ હજાર રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જ્યારે ભારતના ખેડૂતોને એ જ થેલી ૩૦૦ રૂપિયાથી પણ ઓછી કિંમતે મળી રહી છે.

ડીએપી ખાતરની કિંમત પણ દુનિયામાં ૩,૦૦૦ રૂપિયાથી ઉપર પહોંચી ગઈ છે, પરંતુ ભારતના ખેડૂતોને એ જ થેલી ૧,૩૫૦ રૂપિયામાં મળી રહી છે. દેશ ખેડૂતોને આ મદદ એટલા માટે કરી રહ્યો છે, જેથી આપણો ખેડૂત સશક્ત બને અને તેનું જીવન વધુ સારું બને.

નવેમ્બર ૨૦૨૬માં ૧૦ દિવસ બેંકો રહેશે બંધ

નવી દિલ્હી, તા.૩૦

જો તમારે નવેમ્બર મહિનામાં બેંકને લગતું કોઈ જરૂરી કામ કરવાનું હોય તો આ સમાચાર તમારા માટે મહત્વના છે. નવેમ્બર ૨૦૨૬માં દિવાળી, ગોવર્ધન પૂજા, છઠ પૂજા અને ગુરુ નાનક જયંતિ સહિત અનેક તહેવારોને કારણે દેશનાં અલગ-અલગ રાજ્યોમાં બેંકો બંધ રહેશે. ભારતીય રિઝર્વ બેંકના રજાઓના કેલેન્ડર મુજબ નવેમ્બરમાં વિવિધ તહેવારો અને સાપ્તાહિક રજાઓને કારણે બેંકિંગ કામગીરી પ્રભાવિત થઈ શકે છે. નવેમ્બર મહિનામાં અલગ-અલગ રાજ્યોમાં સ્થાનિક તહેવારો અને ધાર્મિક પ્રસંગોને કારણે બેંકોમાં રજા રહેશે. અહીં જુઓ તારીખવાર રજાઓની યાદી.

૨ નવેમ્બરઃ મેઘાલયમાં નોંગક્રેમ ડાન્સના કારણે બેંકો બંધ રહેશે.

૯ નવેમ્બરઃ દિવાળી, લક્ષ્મી પૂજા, ગોવર્ધન પૂજા અને વિશ્વકર્મા દિવસને કારણે ત્રિપુરા, મધ્ય પ્રદેશ, ચંડીગઢ, સિક્કિમ, મણિપુર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં બેંકો બંધ રહેશે.

૧૦ નવેમ્બરઃ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરાખંડ અને સિક્કિમમાં દિવાળી, ગોવર્ધન પૂજા, લક્ષ્મી પૂજા અને વિક્રમ સંવત નવવર્ષ નિમિત્તે બેંક રજા રહેશે.

૧૧ નવેમ્બરઃ સિક્કિમ, મણિપુર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને હિમાચલ પ્રદેશમાં લક્ષ્મી પૂજા, નિંગોલ ચક્કૌબા, ભાઈબીજ અને ચિત્રગુપ્ત જયંતિને કારણે બેંકો બંધ રહેશે.

૧૩ નવેમ્બરઃ મેઘાલયમાં વાંગલા તહેવારને કારણે બેંકિંગ કામગીરી બંધ રહેશે.

૧૬ નવેમ્બરઃ બિહાર અને ઝારખંડમાં છઠ પૂજા અને સૂર્ય ષષ્ઠી નિમિત્તે બેંકો બંધ રહેશે.

૨૦ નવેમ્બરઃ ઉત્તરાખંડમાં ઈગાસ-બગ્વાલ તહેવારને કારણે બેંક રજા રહેશે.

૨૩ નવેમ્બરઃ મેઘાલયમાં સેંગ કુટ સ્નેમ તહેવારને કારણે બેંકો બંધ રહેશે.

૨૪ નવેમ્બરઃ ગુરુ નાનક જયંતિ, કાર્તિક પૂર્ણિમા અને રાહસ પૂર્ણિમાને કારણે મિઝોરમ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓડિશા, ચંડીગઢ, ઉત્તરાખંડ, તેલંગાણા, અરુણાચલ પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડમાં બેંકો બંધ રહેશે.

૨૭ નવેમ્બરઃ કર્ણાટકમાં કનકદાસ જયંતિ નિમિત્તે બેંક રજા રહેશે.

નવેમ્બરમાં શનિવાર અને રવિવારે પણ બેંકો બંધ રહેશે

તહેવારોની રજાઓ ઉપરાંત નવેમ્બર મહિનામાં નિયમિત સાપ્તાહિક રજાઓ પણ રહેશે. ઈમ્ના નિયમ પ્રમાણે દેશની તમામ બેંકો દર મહિનાના બીજા અને ચોથા શનિવારે બંધ રહે છે.

નવેમ્બર ૨૦૨૬માંઃ

૧૪ નવેમ્બર – બીજો શનિવાર

૨૮ નવેમ્બર – ચોથો શનિવાર

૧, ૮, ૧૫, ૨૨ અને ૨૯ નવેમ્બર – રવિવાર

અદાણી વિદ્યામંદિર અમદાવાદ ખાતે 'બાળ સુરક્ષા, પોક્સો એક્ટ અને સાયબર બુલિંગ' અંગે વિશેષ જાગૃતિ સત્ર



વિદ્યાર્થીઓમાં કાયદાકીય જાગૃતિ લાવવા અને ડિજિટલ યુગમાં ઓનલાઈન માધ્યમોના સુરક્ષિત ઉપયોગ અંગે માહિતગાર કરવાના ઉદ્દેશ્ય સાથે, અદાણી વિદ્યામંદિર અમદાવાદ (AVMA) ના સંકુલમાં એક વિશિષ્ટ જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું."યુવા મનને સશક્ત બનાવવું, બાળપણને સુરક્ષિત કરવું"ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ મહત્વપૂર્ણ સત્ર શાળા પ્રશાસન અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (ઙ્મન્જીછ)ના સંયુક્ત ઉપક્રમે યોજાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે એડિશનલ સિનિયર સિવિલ જજ શ્રી ટી. પી. શાહ, DLSA ના ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી પલ્લવ ગોસાઈ, પેનલ એડવોકેટ શ્રી સંજય ઝાલા તેમજ પેરા લીગલ વોલેન્ટિયર સુશ્રી હીના અલગોતર ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ ડૉ. શિલ્પા ઇન્દોરિયા અને શિક્ષકગણ દ્વારા તમામ કાયદાકીય નિષ્ણાતોનું છોડ આપીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં એડિશનલ સિનિયર સિવિલ જજ શ્રી ટી. પી. શાહે વિદ્યાર્થીઓને બાળ શોષણ સામે રક્ષણ આપતા 'પોક્સો (POCSO) એક્ટ, ૨૦૧૨' ની જોગવાઈઓ ખૂબ જ સરળ ભાષામાં સમજાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે બાળકોએ કોઈ પણ અયોગ્ય વર્તન સામે ડર્યા વગર અવાજ ઉઠાવવો જોઈએ. આજના ટેક્નોલોજીના યુગમાં સોશિયલ મીડિયાના વધતા વ્યાપ વચ્ચે ઓનલાઈન સુરક્ષા અંગે ચર્ચા કરતા પેનલ એડવોકેટ શ્રી સંજય ઝાલાએ સાયબર બુલિંગ (ઓનલાઈન માનસિક કનડગત) ના જોખમો વિશે વિદ્યાર્થીઓને સાવધ કર્યા હતા.

કોઈપણ આપત્તિના સમયે ચોવીસ કલાક મદદ મેળવવા માટેની અનિવાર્ય સેવા'ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮'ના રાષ્ટ્રીય સ્રોત વિશે વિદ્યાર્થીઓને વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળા પ્રવક્તાએ જણાવ્યુ હતું કે "જાગૃતિ એ જ બાળ સશક્તિકરણ તરફનું પ્રથમ પગલું છે. અદાણી વિદ્યામંદિર દરેક બાળકને ઓફલાઈન અને ઓનલાઈન બંને પ્લેટફોર્મ પર સુરક્ષિત, સક્ષમ અને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવા કટિબદ્ધ છે."

સમગ્ર સત્રના અંતે એક ઓપન ક્વેશ્ચન-આન્સર (પ્રશ્નોત્તરી) રાઉન્ડ રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ કાયદાના નિષ્ણાતો પાસેથી મૂંઝવતા પ્રશ્નોનું સચોટ નિવારણ મેળવ્યું હતું. આ માહિતીપ્રદ સત્ર વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેવા વિશ્વાસ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

એક પ્લેટ ભોજન માટે લાખો તોમાન ચૂકવવા મજબૂર લોકો

તહેરાન, તા.૩૦

ઈરાનમાં રેકોર્ડતોડ મોંઘવારીને કારણે સામાન્ય લોકોનું જીવન અતિ મુશ્કેલ બની ગયું છે. દેશમાં એકંદર ફુગાવાનો દર ૮૮.૭% અને ગ્રામીણ વિસ્તારોમાં તો ૧૦૭%ને પાર પહોંચી ગયો છે. ઓઈલ, દૂધ અને બ્રેડ જેવી અતિ આવશ્યક ચીજવસ્તુઓ એટલી મોંઘી થઈ ગઈ છે કે લોકો માટે એક સમયનું ભોજન મેળવવું પણ અશક્ય બની રહ્યું છે. આ આર્થિક સંકટ વચ્ચે લાખો લોકોની રોજગારી પર તલવાર લટકી રહી છે, જ્યારે આગામી કડકડતી ઠંડીમાં ગેસની ભારે અછત સર્જાવાની આશંકા છે. આ ગંભીર પરિસ્થિતિને કારણે દેશમાં ગમે ત્યારે મોટો જનઆક્રોશ ભડકી શકે છે.ઈરાનમાં રેકોર્ડતોડ મોંઘવારીઃ ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીરઈરાનના સ્ટેટિસ્ટિકલ સેન્ટરના તાજેતરમાં જાહેર થયેલા આંકડા અનુસાર ઓક્ટોબર મહિનામાં વાર્ષિક સરેરાશ મોંઘવારી દર વધીને ૭૯.૮% નોંધાયો છે, જ્યારે મોંઘવારીનો આંકડો ૮૮.૭%ની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે. શહેરો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં મોંઘવારી દર ૧૦૭%ને વટાવી ગયો છે. રસોડાની જરૂરિયાતોની વાત કરીએ તો છેલ્લા એક વર્ષમાં ખાવાના તેલમાં ૨૫૫%નો વધારો થયો છે.

રાજ્યમાં ૨૧૦૦ થી વધુ સ્થળોએ PM કિસાન ઉત્સવની ઉજવણી થઈ

બનાકાંઠા, તા. ૩૦

ગુજરાતમાં બનાસકાંઠાના ભીલડી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય કક્ષાના "પીએમ કિસાન ઉત્સવ દિવસ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (સ્ન્દ્બૈજીછદ્ગ) યોજના' અંતર્ગત ૨૪મો હપ્તો રિલીઝ કર્યો હતો. જેના માધ્યમથી દેશભરના ૯.૩૪ કરોડથી વધુ અન્નદાતા ખેડૂત પરિવારોના બેંક ખાતામાં રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુ રકમ ડ્ઢમ્ના માધ્યમથી સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે, જેમાં ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે.

આ રાષ્ટ્રીય કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીના આ કાર્યક્રમને સમાંતર સમગ્ર રાજ્યમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ કુલ ૨૧૦૦થી વધુ સ્થળોએ "પીએમ કિસાન ઉત્સવ દિવસ"નું વિશિષ્ટ આયોજન કરાયું હતું. રાજ્ય મંત્રીમંડળના સભ્યો, પ્રભારી મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ અને સ્થાનિક પદાધિકારીઓની ઉપસ્થિતિમાં લાખો ખેડૂતોએ બનાસકાંઠાના મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

ગાંધીનગરમાં નિવૃત્ત મહિલાને સાયબર ઠગોએ રૂ.૨.૨૦ લાખનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર, તા.૩૦

ડિજિટલ યુગમાં સાયબર ઠગાઈના કિસ્સાઓ દિવસે-દિવસે ચિંતાજનક રીતે વધી રહ્યા છે. હવે સાયબર ક્રિમિનલ્સ એટલા બધા હાઈ-ટેક બન્યા છે કે સામાન્ય નાગરિકો તો ઠીક, પરંતુ કોઈપણ પ્રકારની ઓનલાઈન એપ્લિકેશનનો ઉપયોગ ન કરતા અને બેંક ખાતાની કોઈ જ ગોપનીય માહિતી શેર ન કરતા વરિષ્ઠ નાગરિકો પણ તેમના નિશાના પર આવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં બન્યો છે, જ્યાં ઓટીપી આપ્યા વગર જ એક નિવૃત્ત મહિલાના બે બેંક ખાતામાંથી રૂ.૨.૨૦ લાખ બારોબાર સેરવી લેવામાં આવ્યા છે.ગાંધીનગરના સેક્ટર-૨૨ સ્થિત આનંદવાટીકા સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા ઝંખનાબેન ભદ્રવદનલાલ વછરાજા (ઉં-૬૧) ગત ૨૪મી ઓક્ટોબરે સાંજે પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન અચાનક તેમના મોબાઈલ ફોન પર એક પછી એક આશરે દશેક જેટલા ટેક્સ્ટ મેસેજ આવ્યા હતા. ગભરાઈને તેમણે મેસેજ ચકાસતા તેમને મોટો આઘાત લાગ્યો હતો. તેમના સેક્ટર-૨૨ સ્થિત બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૧,૨૦,૨૯૯ તેમજ એરફોર્સ સ્ટેશન સેક્ટર-૧૦ ખાતે આવેલી ઈન્ડિયન ઓવર્સીસ બેંકના ખાતામાંથી કુલ રૂ. ૯૯,૯૬૬ એમ બંને ખાતામાંથી મળીને કુલ ૨,૨૦,૨૬૪ ડેબિટ (ઉપડી) થઈ ગયાનું જણાયું હતું.

સરદારધામ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય હિન્દી નાટ્યપ્રસ્તૃતિ "સરદાર - ધ આર્કિટેક્ટ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા" નું આયોજન



સરદારધામ અમદાવાદ દ્વારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે નેશનલ લેવલે ખ્યાતિ પ્રાપ્ત અભિનેતા મનોજ જોશી દ્વારા અભિનીત ભવ્ય હિન્દી નાટક "સરદાર - ધ આર્કિટેક્ટ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા"નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૭.૪૫ કલાકે સરદારધામ ફેઝ-૨ કન્યા છાત્રાલય બાજુના ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે યોજાશે. મુંબઈ સહિત દેશના અન્ય રાજ્યોના નાટ્યગૃહોમાં બહુમૂલ્ય તરીકે પ્રસ્તુત થતું આ મોટીવેશનલ નાટક ગુજરાતની યુવા પેઢી સહિત તમામ લોકોને પ્રખર રાષ્ટ્રવાદથી અભિભૂત કરશે, જેને આશરે ૫ હજારથી વધુ ભાઈઓ-બહેનો નિહાળશે. આ સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ વર્ષ દરમિયાન સરદારધામ "હર ઘર સરદાર" અભિયાન દ્વારા સરદાર સાહેબના કાર્યો અને તેમનું સાહિત્ય લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પણ કરશે. નોંધનીય છે કે આ પ્રસ્તુતિ ફક્ત આમંત્રિતો માટે જ રાખવામાં આવી છે.

આ સાથે જ સરદારધામ દ્વારા અમદાવાદ ખાતે આગામી તારીખ ૭, ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ઈન્ટરનેશનલ કન્વેન્શનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઈન્ટરનેશનલ કન્વેન્શનનો મુખ્ય હેતુ વિશ્વભરના પાટીદાર સમાજનું સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જોડાણ મજબૂત બનાવી એકતા, સહયોગ અને સમાજના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. ૩ દિવસીય કન્વેન્શનની રૂપરેખા મુજબ, ૭ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા દરમિયાન દેશ-વિદેશના ૧૦ હજાર બિઝનેસમેનોની ઉપસ્થિતિમાં ઓપનિંગ સેરેમની યોજાશે. ત્યારબાદ ૮ જાન્યુઆરીના રોજ અલગ-અલગ ઈન્ડસ્ટ્રીઝવાઈઝ ૮ સેમિનાર અને સાંજે ૫.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી 'એક શામ દ્ગ્ઇૈં કે નામ' કાર્યક્રમ યોજાશે, જેનો હેતુ દેશ-વિદેશમાં રહેલી તકો વિશે પરસ્પર સંવાદ સાધવાનો છે. ૯ જાન્યુઆરીના રોજ અલગ-અલગ સેક્ટરવાઈઝ ૮ સેમિનારો બાદ સાંજે ૪.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન ક્લોઝિંગ સેરેમનીનું આયોજન કરાશે, જેમાં ૩ દિવસના કન્વેન્શનના નિષ્કર્ષની જાહેરાત સાથે આગામી ગ્લોબલ બિઝનેસ સમિટ અને કન્વેન્શનના સ્થળની જાહેરાત કરવામાં આવશે.

આ કન્વેન્શન અંતર્ગત મિશન-૨૦૪૭ના રોડમેપ દ્વારા યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટેના નવા રોડમેપની માહિતી આપવામાં આવશે તેમજ રૂ. ૧૦ હજાર કરોડનું ફંડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સરદારધામ તેના પાંચ મુખ્ય લક્ષ્યબિંદુઓ મેળવવા સંકલ્પબદ્ધ છે, જેમાં ૩૦ હજાર દીકરા-દીકરીઓ માટે ગુરૂકુલમ/યુનિવર્સિટી અને વિવિધ એકેડમીઓનું નિર્માણ, ૩૦ હજાર વિદ્યાર્થીઓ માટે પરવડે તેવા હોસ્ટેલ પ્રોજેક્ટનું નિર્માણ, ૩૦ હજાર યુવાનોને ય્ઁજીઝ્ર, ેંઁજીઝ્ર, જ્યુડિશિયરી અને ડિફેન્સ જેવી વહીવટી સેવાઓમાં મોકલવા, ય્ઁમ્જી થકી ૩૦ હજાર કરોડનો બિઝનેસ ઊભો કરવો અને ૧ લાખના યુવા સંગઠન થકી 'સમાજ જોડો અભિયાન' ચલાવવાનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં ૧ લી જાન્યુઆરીથી મતદાર યાદી સુધારણા

ગાંધીનગર, તા. ૩૦

ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર ગુજરાત રાજ્યમાં ૧લી, જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ વ્યાપક કાર્યક્રમના આયોજન માટે સચિવાલયના વિવિધ વિભાગો અને જિલ્લા ચૂંટણી અધિકારીઓને ચુસ્ત વહીવટી સૂચનાઓ આપવામાં આવી છે. મતદારયાદી સુધારણાની આ વિશાળ કામગીરી માટે સરકારના વિવિધ વિભાગો અને ખાતાઓએ જરૂરિયાત મુજબ પદનામિત અધિકારીઓ અને કર્મચારીઓનો સ્ટાફ પૂરો પાડવાનો રહેશે અને તેઓ ફરજ પર હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૦ હેઠળ ચાવીરૂપ અધિકારીઓ (જેવા કે જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ) મુસદ્દાની પ્રસિદ્ધિથી લઈને આખરી પ્રસિદ્ધિ સુધી ચૂંટણી પંચના નિયંત્રણ હેઠળ ગણાય છે. આ સમયગાળા દરમિયાન ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી વગર તેમની બદલી કરી શકાશે નહીં. આ અધિકારીઓએ લાંબી રજા પર જતાં પૂર્વે સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે.

જે અધિકારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહી પડતર હોય, મોટી શિક્ષા થઈ હોય, ફોજદારી કેસ વિચારણાધીન હોય અથવા અગાઉ બિનકાર્યક્ષમ કામગીરી કરી હોય તેવા કર્મચારીઓને ચૂંટણી કે મતદારયાદી સુધારણાની કામગીરી સોંપવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ગુજરાતને મળી બે નવી રેલ સેવાઓની ભેટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

મુસાફરોની સુવિધામાં વધારો કરવા, પ્રાદેશિક રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા તેમજ ધાર્મિક પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી ભારતીય રેલવે દ્વારા ગુજરાતને બે નવી રેલ સેવાઓની ભેટ આપવામાં આવી છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મહેસાણા–બેચરાજી–સાબરમતી મેમુ રેલ સેવા તથા સાબરમતી–વારાણસી એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે બેચરાજી રેલવે સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ, માનનીય ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર, અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સહિત અન્ય જનપ્રતિનિધિઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બીજી તરફ, સાબરમતી રેલવે સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદના માનનીય મેયર શ્રી હિતેશભાઈ બારોટ, માનનીય સાંસદ શ્રી રાજેશ શુક્લા, માનનીય ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, માનનીય ધારાસભ્ય ડૉ. હર્ષદભાઈ પટેલ, માનનીય ધારાસભ્ય શ્રી જિતેન્દ્ર કુમાર પટેલ, માનનીય ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, માનનીય ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ, માનનીય ધારાસભ્ય ડૉ. હસમુખભાઈ પટેલ, માનનીય ધારાસભ્ય શ્રી દિનેશ સિંહ કુશવાહ, માનનીય ધારાસભ્ય ડૉ. પાયલબેન કુકરાણી, માનનીય ધારાસભ્ય શ્રીમતી કંચનબેન રાદડિયા તથા અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ સહિત અન્ય જનપ્રતિનિધિઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઐતિહાસિક રેલવે માર્ગ પર પેસેન્જર સેવા પુનઃપ્રારંભ

અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે સાબરમતી–બેચરાજી–મહેસાણા મેમુ રેલ સેવાનો પ્રારંભ આ વિસ્તાર માટે આનંદ અને ગૌરવની ક્ષણ છે.



આ નવી રેલ સેવા દ્વારા પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ શ્રી બહુચર માતા મંદિર ખાતે આવતા શ્રદ્ધાળુઓ ઉપરાંત બેચરાજી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત કર્મચારીઓ, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ તથા સ્થાનિક નાગરિકોને મોટી સુવિધા મળશે.

તેમણે જણાવ્યું હતું કે આ રેલવે માર્ગનું ઐતિહાસિક મહત્ત્વ છે. વર્ષ ૧૯૦૮માં વડોદરા રિયાસત ના સમયગાળા દરમિયાન આ વિસ્તારમાં રેલવે સેવાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ગેજ પરિવર્તનના કાર્યને કારણે મીટર ગેજ પરની પેસેન્જર સેવાઓ બંધ થઈ ગઈ હતી. ગેજ પરિવર્તનનું કાર્ય પૂર્ણ થયા બાદ આ રેલવે ખંડ પર માલગાડીઓનું સંચાલન કરવામાં આવતું હતું. હવે આ માર્ગ પર પેસેન્જર ટ્રેન સેવા શરૂ થવાથી વિસ્તારના લોકોને રેલ પરિવહનની નવી સુવિધા પ્રાપ્ત થઈ છે.

ઔદ્યોગિક વિસ્તારના કામદારો અને શ્રદ્ધાળુઓને મળશે સુવિધા

શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે બેચરાજી વિસ્તાર ધાર્મિક આસ્થા ઉપરાંત ઔદ્યોગિક પ્રવૃત્તિઓની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે. અહીં મારુતિ સુઝુકીના હાંસલપુર સ્થિત પ્લાન્ટ સહિત અનેક નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે. નવી મેમુ રેલ સેવા દ્વારા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓને અવરજવર માટે અનુકૂળ પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.

ટ્રેનનું સમયપત્રક એવી રીતે નક્કી કરવામાં આવ્યું છે કે દૈનિક મુસાફરો અને ઔદ્યોગિક કર્મચારીઓની સાથે શ્રી બહુચર માતાનાં દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓને પણ તેનો લાભ મળી શકે. સાબરમતી, અમદાવાદ, કલોલ, કડી, કટોસણ રોડ, ચાણસ્મા, રણુંજ, મહેસાણા અને બેચરાજી જેવા વિસ્તારો વચ્ચે વધુ સારી રેલ કનેક્ટિવિટીને કારણે મુસાફરી સરળ બનશે.

તેમણે જણાવ્યું હતું કે આ નવી સેવા દ્વારા કામદારોને પોતાના કાર્યસ્થળે પહોંચવામાં અને કામ પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરવામાં સરળતા રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોને પણ નિયમિત અવરજવર માટે સસ્તો પરિવહન વિકલ્પ મળશે.

કિફાયતી માસિક સીઝન ટિકિટથી મુસાફરોને રાહત

નવી મેમુ રેલ સેવાનો એક મહત્ત્વપૂર્ણ લાભ તેનું કિફાયતી ભાડું છે. સાબરમતીથી બેચરાજીનું ભાડું માત્ર ?૨૫, રણુંજનું ?૩૦ અને મહેસાણાનું ?૩૫ છે. સાબરમતીથી બેચરાજી સુધી મુસાફરી કરતા મુસાફરો માટે માસિક સીઝન ટિકિટ માત્ર ?૩૫૫ માં ઉપલબ્ધ રહેશે, જ્યારે વિદ્યાર્થીઓ માટે માસિક સીઝન ટિકિટની કિંમત ?૧૮૦ નક્કી કરવામાં આવી છે.

આ ઉપરાંત, ૬૦ કિલોગ્રામ સુધીનો સામાન લઈ જતા નાના વેપારીઓ, ખેડૂતો તેમજ દૂધ અને શાકભાજીના વેચાણકારો માટે માસિક સીઝન ટિકિટ ?૫૩૫માં ઉપલબ્ધ રહેશે.

કંપનીએ મહિલા કર્મચારીને ખુશ થઈ ભેટમાં આપી લેમ્બોર્ગિની

દુબઈ, તા.૩૦

કર્મચારીઓની મહેનત અને સમર્પણની કદર કરવા માટે કંપનીઓ દ્વારા બોનસ કે અન્ય ભેટો આપવામાં આવતી હોય છે, પરંતુ દુબઈની એક કંપનીએ પોતાના ટોચના પ્રદર્શન કરનાર કર્મચારીને એવી શાનદાર ભેટ આપી છે કે તેની ચર્ચા સોશિયલ મીડિયા પર જોરશોરથી થઈ રહી છે. કંપનીએ કર્મચારીની કામગીરીથી ખુશ થઈ તેને લક્ઝરી કાર લેમ્બોર્ગિની ઉરુસ ભેટમાં આપી છે.મળતી માહિતી અનુસાર, આ ભેટ મેળવનાર કર્મચારીનું નામ નતાલિયા ચાવેઝ છે. તે દુબઈની રિયલ એસ્ટેટ કંપની રિચકી પ્રોપર્ટીઝ સાથે જોડાયેલી છે. તેણે છેલ્લા બે વર્ષમાં ૫૦૦ મિલ્યન ડોલરથી વધુ એટલે કે આશરે ૫,૦૦૦ લાખ ડોલરથી વધુની પ્રોપર્ટીના વેચાણના સોદા પૂર્ણ કર્યા છે. તેની આ કામગીરીને ધ્યાનમાં રાખીને કંપનીએ તેને આ મોંઘીદાટ ભેટ આપવાનો નિર્ણય લીધો હતો. કંપનીની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા ગાલા અને એવોર્ડ સમારોહમાં આ સરપ્રાઈઝ આપવામાં આવી હતી. નતાલિયા ચાવેઝને વર્ષ ૨૦૨૬ના ટોપ પરફોર્મર તરીકે જાહેર કરવામાં આવી હતી.

ખેડૂતો અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા : વડાપ્રધાન

બનાસકાંઠાથી મોદીએ ૩.૧૪,૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી

મોદીએ પીએમ કિસાન યોજનાના ખેડૂતોના ખાતામાં જમા કરાવ્યા બનાસ ડેરીના ૩.૪૦૭.૫૬ કરોડના ત્રણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

બનાસકાંઠા, તા.૩૦

બનાસકાંઠાની ધરતી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂપિયા ૧૪,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ સાથે પીએમ કિસાન ઉત્સવ દિવસ"ની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના"ના ૨૪મા હપ્તાની રકમ દેશભરના ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતોના હિતમાં "ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ૮ રિસર્ચ સેન્ટર" (BBBRC) , બનાસ ડેરીના નવા પોટેટો એક્સપાન્શન અને UHT–ASRSનું ઈ-લોકાર્પણ તથા બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતે બે નવા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતને બે નવી રેલ સેવાઓની ભેટ સાથે, મેટ્રો, આંગણવાડી, કૃષિ અને પશુપાલન ક્ષેત્રે કરોડોના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ ખેડૂતો અને અન્નદાતાઓને વિકસિત ભારતના સૌથી મજબૂત આધારસ્તંભ ગણાવતાં જણાવ્યું હતું કે, અમારી સરકારે હંમેશાં ખેડૂતોના કલ્યાણ અને સશક્તીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીએ દેશનું કૃષિ બજેટ પાંચ ગણાથી વધુ વધારવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ નાના ખેડૂતોના જીવનનો અભિન્ન હિસ્સો બની છે. ગુજરાતના ૫૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં ૩.૧,૦૦૦ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે, જેમાં બનાસકાંઠાના લાખો ખેડૂત પરિવારોને આશરે ૩.૫૦ કરોડનો લાભ મળ્યો છે. આજે દેશના આશરે ૧૦ કરોડ ખેડૂતોના ખાતામાં ૩.૧૮ હજાર કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં સરકારની ખેડૂતલક્ષી નીતિઓ અને નિર્ણયો દ્વારા ખેડૂતોને ૩.૫૦ લાખ કરોડથી વધુનો લાભ પહોંચાડવામાં આવ્યો છે અથવા તેમની આટલી મોટી બચત થઈ છે. આ અંગે પાંચ મહત્ત્વપૂર્ણ ઉદાહરણો આપતાં તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત નાના ખેડૂતોના બેંક ખાતામાં સીધા આશરે ૩.૪.૫ લાખ કરોડ જમા કરવામાં આવ્યા છે. દેશના કુલ ખેડૂતોમાં ૮૫ ટકાથી વધુ નાના ખેડૂતો છે અને અમારી સરકારે આ ખેડૂતોની ચિંતા કરીને તેમને આર્થિક સહાય પૂરી પાડી છે. આંતરરાષ્ટ્રીય અસ્થિરતાને કારણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વૈશ્વિક બજારમાં ખાતરના ભાવમાં થયેલા ભારે વધારાનો બોજ પણ ભારતના ખેડૂતો પર ન પડે તે માટે સરકારે આશરે ૩.૧૬ લાખ કરોડનો ખર્ચ કર્યો છે. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ (MSP) આપવાના વચનનું પાલન કરતાં છેલ્લાં ૧૨ વર્ષમાં ઘઉં અને ડાંગરના ખેડૂતોને ૩.૨૪ લાખ કરોડથી વધુની રકમ MSP પેટે



ચૂકવવામાં આવી છે.

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત છેલ્લાં ૧૦થી ૧૨ વર્ષમાં ખેડૂતોને ૩.૨ લાખ કરોડથી વધુનું પાક વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે. બીજી તરફ, પ્રધાનમંત્રી કુસુમ યોજના દ્વારા સિંચાઈ ખર્ચ ઘટાડવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ આશરે ૧૨ લાખ સોલાર પંપનું વિતરણ કરવામાં આવ્યું છે. તેના કારણે ખેડૂતોને વધારાની વીજળી મળી છે અને ૮૦ કરોડ લિટરથી વધુ ડીઝલ ખરીદવાનો ખર્ચ બચ્યો છે. આ પાંચ મહત્ત્વપૂર્ણ યોજનાઓ અને નિર્ણયોથી ખેડૂતોને કુલ ૩.૫૦ લાખ કરોડથી વધુનો આર્થિક લાભ અને બચત થઈ છે. આ રકમથી દેશના ખેડૂતોની આવકમાં વધારો થયો છે અને ભારતીય કૃષિ ક્ષેત્રની ક્ષમતામાં પણ વૃદ્ધિ થઈ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ખેતી એ માત્ર આજીવિકાનું સાધન નથી, પરંતુ ભારતની પરંપરા અને સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. છેલ્લાં ૧૨ વર્ષમાં સરકારે ખેતી અને પશુપાલન ક્ષેત્રે વિજ્ઞાન તથા ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગ પર ભાર મૂક્યો છે. સોઈલ હેલ્થ કાર્ડ તેનું ઉત્તમ ઉદાહરણ છે. અગાઉ ખેડૂતોને પોતાના ખેતરમાં કયા પ્રકારનું અને કેટલા પ્રમાણમાં ખાતર વાપરવું તેની ચોક્કસ જાણકારી મળતી નહોતી. સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા ખેતી પદ્ધતિને આધુનિક બનાવવામાં આવી છે. આજે દેશના ખેડૂતો પાસે ૨૬ કરોડથી વધુ સોઈલ હેલ્થ કાર્ડ ઉપલબ્ધ છે.

હવામાનમાં આવતા પરિવર્તનો ખેડૂતો માટે મોટો પડકાર બન્યા છે ત્યારે સરકાર ખેડૂતોને આબોહવા પરિવર્તન સામે ટકી શકે તેવાં નવીન બિયારણો ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નશીલ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ખેડૂતોને આશરે ૩,૦૦૦ નવી બિયારણની જાતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પશુપાલનને ગ્રામ્ય અર્થતંત્રનો મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ ગણાવતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં ગ્રામ્ય મહિલાઓની ભાગીદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

શેરબજારમાં રોકાણના નામે રૂા. ૫૦ કરોડનું દેશવ્યાપી કૌભાંડ

અમદાવાદ, તા. ૩૦

શેરબજારમાં રોકાણના નામે સામાન્ય નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી એક આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટનો સાયબર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કેસમાં આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક ધરાવતી ટોળકીના ચાર સાગરીતો ઈરફાન ઈમ્તિયાઝઅલી શેખ (રહે. વડોદરા) તેમજ જમાલપુર (અમદાવાદ)ના સોહેબ યાસીનભાઈ જોજાવરવાલા, શેહઝાદ રફીકભાઈ અજમેરવાલા અને ઈસ્તિયાક યુસુફભાઈ રીયાવાલાની ધરપકડ કરી છે. આ ટોળકી સામે દેશભરના ૧૫થી વધુ રાજ્યોમાં ૮૦થી વધુ ગુના નોંધાયેલા છે અને અત્યાર સુધીમાં રૂ. ૫૦ કરોડથી વધુના આર્થિક વ્યવહારો આચરવામાં આવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

સાયબર ક્રાઈમમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ઠગબાજોએ ફરિયાદીનો વોટ્સએપ પર સંપર્ક કરી નામાંકિત Julius Baer કંપનીની 'JB X One' નામની ફેક ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. રોકાણકારોને વિશ્વાસમાં લેવા માટે તેમણે શૂન્ય બ્રોકરેજ ચાર્જની ખાતરી આપી હતી. ઉપરાંત, પોતાની કંપની માન્ય હોવાનો ભરોસો બેસાડવા માટે માર્કેટ રેગ્યુલેટર SEBI (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા)ના નામ, લોગો તેમજ બનાવટી સહી-સિક્કાવાળા ફેક સર્ટિફિકેટ મોકલીને રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું.

પ્રાથમિક રોકાણ બાદ ટોળકીએ ICICI Securitiesમાંથી બોલતી હોવાનો દાવો કરી 'અંજુ ગર્ગ' તરીકે ઓળખ આપતી મહિલા મારફતે ફરિયાદીને સંપર્ક કર્યો હતો. બ્લોક ટ્રેડિંગમાં રોજના ૫% થી ૨૦% સુધીના તોતિંગ નફાની લાલચ આપીને 'ID-QSB' નામની અન્ય એક બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. એપ્લિકેશનના ડિસ્પ્લે પર મોટો નફો અને ઊંચું બેલેન્સ બતાવીને ફરિયાદી પાસેથી તબક્કાવાર કુલ ૬૭.૯૨ લાખ જમા કરાવી લીધા હતા.

જ્યારે ફરિયાદીએ પોતાનો નફો અને મૂળ રકમ ઉપાડવા પ્રયાસ કર્યો ત્યારે ગઠિયાઓએ નવો પેંતરો રચ્યો હતો. આરોપીઓએ રકમ ઉપાડવા માટે ૨૦ ટકા શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સ અને ૪ ટકા હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસ પેટે વધારાના નાણાં જમા કરાવવાની માંગણી કરી હતી. કોઈપણ સંજોગોમાં રકમ પાછી ન મળતાં આખરે ભોગ બનનારને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો અને તેમણે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી.

શહેરના ફટાકડા બજારમાં બાળકો-યુવા વર્ગ માટે ફેન્સી ફટાકડા

અમદાવાદ, તા.૩૦

દિવાળી પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અમદાવાદના ફટાકડા બજારમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. અમદાવાદ તાલુકાના વાંચ ગામ ખાતે ફટાકડા બનાવવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, ગત વર્ષે રામોલ ખાતે ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી કરૂણ આગની દુર્ઘટનાને ધ્યાને રાખી આ વર્ષે તંત્ર દ્વારા સુરક્ષાના નિયમો અત્યંત કડક બનાવવામાં આવ્યા છે.

કારીગરો દિવસ-રાત એક કરીને કોઠી, મિર્ચી બોમ્બ, ૫૫૫ અને બટરફલાય જેવા વિવિધ પ્રકારના ફટાકડા તૈયાર કરી રહ્યા છે, પરંતુ આ વર્ષે ગ્રાહકોના ખિસ્સા પર મોંઘવારીનો માર પડશે. કાચા માલના ભાવમાં વધારો થવાના કારણે ઉત્પાદન ખર્ચ વધ્યો છે.

તમામ રો-મટીરિયલ્સના ભાવ વધતાં ફટાકડાના છૂટક ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો નોંધાયો છે.

સાબરમતી વિસ્તારમાં રીટા ક્રેકર્સના માલિક ફટાકડાના હોલસેલ અને છૂટક વેપારી રાજુભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, આ વર્ષે ફટાકડા બજારમાં વિવિધ વેરાયટી આવી છે. જેમાં નાના બાળકો માટે કીન્ડરજોય, સેલીબ્રેશન ડક, લાયન ,મની ચોકલેટ, કેટબોય, ડ્રેગન અને ડોનનો સમાવેશ થાય છે. આ બધા ફટાકડા એવા પ્રકારના છે જે પ્રદૂષણ ફેલાવતા નથી તેમજ અવાજ વગરના હોય છે. જો કે હવે ફટાકડા ઉત્પાદકો પણ ગ્રીન ક્રેકર્સનું ઉત્પાદન વધુ કરે છે. જેના કારણે હવામાં પ્રદૂષણ ઓછું થાય તેની સાથો સાથ અવાજ પણ ઓછો આવે છે.

આ ઉપરાંત યુવકો માટે પણ આ વર્ષે આતશબાજી ફેલાવતાં અનેક પ્રકારના ફટાકડા બજારમાં ઉપલબ્ધ છે. જો કે, હવે પ્રજાજનોમાં પ્રદૂષણ પ્રત્યે જાગૃત્તિ આવી હોવાના કારણે પ્રદૂષણ ઓછું ફેલાવે તેમજ ઓછો અવાજ આવે તે પ્રકારના ફટાકડાની ખરીદી કરતા હોય છે. યુવા વર્ગ માટે આતશબાજી ફેલાવતા ફટાકડા જેમાં ૧૨ થી ૧૦૦૦ શોટ ધરાવતા ફટાકડા પણ ઉપલબ્ધ છે.

DEOએ શાળાઓને આપી મહત્વપૂર્ણ સૂચના

દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓને હોમવર્કના ભારણમાંથી મુક્તિ મળશે

અમદાવાદ, તા.૩૦

દિવાળીના તહેવાર પહેલાં અમદાવાદના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને અભ્યાસના ભારણમાંથી મુક્તિ મળે અને તેઓ રજાઓનો આનંદ માણી શકે તે માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) દ્વારા શાળાઓને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. આ સૂચના મુજબ શાળાઓએ વિદ્યાર્થીઓને વધુ પડતું હોમવર્ક, લાંબા પ્રોજેક્ટ અને બિનજરૂરી લેખનકાર્ય આપવાનું ટાળવું પડશે. જેથી વિદ્યાર્થીઓ પરિવાર સાથે સમય વિતાવી શકે અને રજાઓ દરમિયાન સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે.

દિવાળી વેકેશન વિદ્યાર્થીઓ માટે આનંદ, આરામ અને પરિવાર સાથે સમય વિતાવવાનો ખાસ અવસર હોય છે. જોકે, ઘણી શાળાઓ દ્વારા રજાઓ દરમિયાન મોટા પ્રમાણમાં હોમવર્ક અને પ્રોજેક્ટ આપવામાં આવતા વિદ્યાર્થીઓની રજાઓ અભ્યાસમાં જ પસાર થતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાઓને વધુ પડતું હોમવર્ક ન આપવા સૂચના આપી છે.


DEO દ્વારા શાળાઓને ખાસ કરીને સમય માંગી લેતા લાંબા પ્રોજેક્ટ, વધુ પડતું લેખનકાર્ય અને બિનજરૂરી અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓ ટાળવા જણાવાયું છે. વિદ્યાર્થીઓ પર વેકેશન દરમિયાન અભ્યાસનું વધારાનું ભારણ ન આવે અને તેઓ રજાઓનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓનો વિકાસ માત્ર પુસ્તકીય અભ્યાસથી જ થતો નથી, પરંતુ રમતગમત, ચિત્રકામ અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આથી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને આવી પ્રવૃત્તિઓમાં જોડાવા પ્રોત્સાહિત કરવા સૂચના આપવામાં આવી છે. દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પરિવારજનો સાથે સમય વિતાવી શકે, તહેવારોની ઉજવણીમાં ભાગ લઈ શકે અને પોતાની મનગમતી પ્રવૃત્તિઓ કરી શકે તે બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાતમાં બહુઆયામી વિકાસને વેગ આપતું આગવું કદમ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ



ગુજરાત સરકાર યુવા પ્રતિભાઓને આવકારે છે



રાજ્ય વહીવટી તંત્રને તેજસ્વી યુવાઓના નવીન વિચારોની ઊર્જાથી મળશે વેગ

પ્રોજેક્ટ
- સીએમ ફેલો નવીન વિચારો અને આગવા કૌશલ્યથી પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપશે

ઉમેદવારોની પસંદગી
- ૬૦% કે તેથી વધુ પરિણામ સાથે સ્નાતક થયેલા, ૩૫ વર્ષથી ઓછી વયના તેમજ ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારોને તક
- સિલેકશન કમિટી કરશે સીએમ ફેલોની પસંદગી
- કમિટીના એક્સપર્ટ પેનલિસ્ટ તરીકે હશે નૉલેજ પાર્ટનરના નિષ્ણાત

તાલીમ
- સીએમ ફેલોને ગુજરાત સરકાર અને નૉલેજ પાર્ટનર દ્વારા મળશે તાલીમ
- રાજ્ય સરકારના સંબંધિત વિભાગમાં બે સપ્તાહની તાલીમ

મુખ્ય વિશેષતાઓ
- પ્રતિમાસ ₹૧ લાખ સ્ટાઈપેન્ડ + ₹૧૦ હજાર (એલ.ટી.એ.)
- ફેલોશીપની અવધિ ૧ વર્ષની રહેશે (મૂલ્યાંકન તથા પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ સુધીની અવધિ વધારી શકાશે)
- ફેલોશીપની સફળ પૂર્ણાહુતિ બાદ ગુજરાત સરકાર અને નૉલેજ પાર્ટનરનું સંયુક્ત સર્ટિફિકેટ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ પ્રોગ્રામમાં
જોડાઈ સક્રિય સહભાગિતા સાથે ગુજરાતના વિકાસમાં યોગદાન આપીએ

અરજી માટેની સમયમર્યાદા
તારીખઃ ૧ નવેમ્બર, ૨૦૨૬ થી
૧૫ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી

ઓનલાઈન અરજી કરવા માટે
https://spggcmf.gujarat.gov.in
https://ojas.gujarat.gov.in

હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકારનો યુવાઓને આવકાર, કરો વિકાસના સપનાં સાકાર

"અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે '**એક ભારત, શ્રેષ્ઠ ભારત**'"
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત